


# ₹ 2700 કરોડથી વધુના રોકાણ સાથે 6.4 કિલોમીટર લાંબી સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન

## પ્રોજેક્ટના લાભો

- શ્રીનગર અને લદ્દાખ વચ્ચે સર્વ-હવામાન જોડાણ, લાખો લોકો માટે જીવન સરળ બનાવે છે.
- 1.5 કલાકની મુસાફરી હવે માત્ર 40 મિનિટમાં શક્ય, સમય અને ઈંધણની બચત, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો.
- સોનમર્ગ અને અન્ય પ્રવાસન સ્થળો સાથે સુરક્ષિત કનેક્ટિવિટી સમગ્ર પ્રદેશમાં ઓલ-સિઝનના પ્રવાસનને વેગ આપશે અને હોટેલ્સ, ટ્રાન્સપોર્ટ અને રેસ્ટોરાં સહિતના સ્થાનિક વ્યવસાયો માટે અભૂતપૂર્વ તકો ઊભી કરશે.
- સ્થાનિક કૃષિ પેદાશો જેમ કે ગાજર, સફરજન, અખરોટ, ચેરી, કોફી વગેરે માટે મોટા બજારોમાં સરળ પ્રવેશ.
- સ્થાનિક રહેવાસીઓ માટે દૈનિક ઉપયોગની વસ્તુઓની સરળ ઉપલબ્ધતા અને વધુ સારી આરોગ્ય સેવાઓ.
- સારી કનેક્ટિવિટી, નવી રોજગારીની તકોનું સર્જન, આર્થિક વૃદ્ધિને વેગ મળવાને કારણે રોકાણમાં વધારો.
- સરહદી વિસ્તારોમાં તમામ હવામાનમાં અવિરત પ્રવેશ સુનિશ્ચિત કરે છે, જેનાથી રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બને છે.
- 6.4 કિમી લાંબી ટનલ ઉપરાંત 6 કિમી લાંબા એપ્રોચ રોડ, તેમજ ભારે વાહનોની અવરજવર માટે 4 કિમી લાંબી ક્રિપર લેન.

# નરેન્દ્ર મોદી

**વડાપ્રધાન**

ના કર-કમળ દ્વારા

**સોમવાર, તારીખ :- 13 જાન્યુઆરી 2025 | સમય :- સવારે 11:30 વાગે**
**સ્થાન :- સુતકડી ગામ, (સોનમર્ગ), ગાન્દરબલ જીલ્લા, જમ્મુ અને કાશ્મીર**

## ગરિમામયી ઉપસ્થિતિ

### નિતીન ગડકરી
કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી

**ડૉ. જીતેન્દ્ર સિંહ**
કેંદ્રીય રાજ્ય મંત્રી
(સ્વતંત્ર હવાલો)

**અજય ટમ્ટા**
કેંદ્રીય સડક પરિવહન
અને રાજમાર્ગ રાજ્ય મંત્રી

**હર્ષ મલ્હોત્રા**
કેંદ્રીય કોર્પોરેટ કાર્ય અને
સડક પરિવહન અને રાજમાર્ગ રાજ્ય મંત્રી

**મનોજ સિન્હા**
ઉપ રાજ્યપાલ, જમ્મુ અને કાશ્મીર
સંઘ રાજ્ય ક્ષેત્ર

**ઉમર અબ્દુલ્લા**
મુખ્યમંત્રી, જમ્મુ અને કાશ્મીર
સંઘ રાજ્ય ક્ષેત્ર

**સુરિંદર કુમાર ચૌધરી**
ઉપમુખ્યમંત્રી, જમ્મુ અને કાશ્મીર
સંઘ રાજ્ય ક્ષેત્ર

**સુનિલ શર્મા**
નેતા વિપક્ષ,
જમ્મુ કાશ્મીર વિધાનસભા

**આગા સૈયદ રૂહલલાહ મેહદી**
સાંસદ, લોકસભા, શ્રીનગર

**ગુલામ અલી**
સાંસદ રાજ્યસભા




DD NEWS ડીડી ન્યૂઝ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ જુઓ

cbc 37107/15/0005/2425

13 MONDAY
JANUARY-2025
વર્ષ-14 । અંક-057 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-14 ।
પાના-12 । કિંમત 3/- । અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

### ઉત્તરાખંડના પૌડીમાં બસ 100 મીટર ઊંડી ખીણમાં ખાબકી, 5 લોકોના મોત

દહેરાદૂન | ઉત્તરાખંડના પૌડીથી સેન્ટ્રલ સ્કૂલ જતા માર્ગ પર એક મોટી બસ દુર્ઘટના સર્જાઈ, જેમાં અત્યાર સુધીમાં 5 લોકોના મોત થયા અને 15થી વધુ લોકો ઘાયલ થયાની પુષ્ટિ થઈ છે. મળતી માહિતી અનુસાર, બસ બેકાબૂ થઈ ગઈ હતી. જેને લઈને બસ 100 મીટર નીચે ખીણમાં ખાબકી હતી. દુર્ઘટના એટલી ભયંકર હતી કે ઘટના સ્થળે ચીચીયારી ગુંજી ઉઠી હતી.

■ સુપ્રીમ કોર્ટે પત્નીના ભરણપોષણના અધિકારને માન્યતા આપી ■ પતિની ઈચ્છા વિરુદ્ધ પણ પત્નીને ભથ્થું આપવાનો નિર્ણય ■ કોર્ટે મહિલાના માન્ય કારણો ધ્યાનમાં લીધા

# પતિ સાથે રહેવાની ના પાડનાર પત્ની પણ ભરણ-પોષણની હકદાર: SC



(એજન્સી) નવી દિલ્હી | તા.12

સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે, સાથે રહેવાના આદેશનું પાલન ન કરવાની સ્થિતિમાં પણ પત્ની પોતાના પતિ પાસેથી ભરણ-પોષણ મેળવી શકે છે, પરંતુ મહિલાની પાસે પતિની સાથે ન રહેવાના યોગ્ય અને જરૂરી કારણ હોવા જોઈએ. CJI સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેન્ચે આ પ્રશ્ન પર કાનૂની વિવાદનો ઉકેલ લાવ્યો કે શું વૈવાહિક અધિકારો ફરી આપવાના આદેશ મેળવનારા પતિ કાયદા અનુસાર, પત્નીને ભરણ-પોષણ આપવાથી મુક્ત થઈ જાય છે, જો તેમની પત્ની સાથે રહેવાના આદેશનું પાલન કરવા અને સાસરે પરત ફરવાની ના પાડે છે.

### હાઈકોર્ટના આદેશ છતાં પત્ની પતિ સાથે રહેવા ન આવી

જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે ઝારખંડ હાઈકોર્ટના ઓગસ્ટ 2023ના ચુકાદાને ફગાવી દીધો. જેમાં મહિલાને ભરણ-પોષણ આપવાની ના પાડી દેવાઈ હતી. કારણ કે, તે મહિલા વૈવાહિક અધિકારો પરત કરવાના આદેશ છતા પોતાના પતિ સાથે રહેવા ન આવી. કોર્ટમાં એવા તથ્ય રાખવામાં આવ્યા હતા કે, પતિ પોતાની પત્નીની સાથે ખરાબ વલણ કરતો હતો.

### પત્ની પાસે સાથે ન રહેવાનું યોગ્ય કારણ હતું

સુપ્રીમે કહ્યું કે, પતિ પાસે ન આવવાનું કારણ ખુબ યોગ્ય હતું. કોર્ટે પતિને નિર્દેશ આપ્યો કે તેઓ ઓગસ્ટ 2019માં અરજી કરવાના દિવસથી ભરણ-પોષણની ચૂકવણી કરે.

### ■ મહિલાઓને તેમના અધિકારોથી વંચિત રાખી શકાય નહીં

સુપ્રીમે કહ્યું કે CrPC કલમ 125ની જોગવાઈ મહિલાઓને તેમના અધિકારોથી વંચિત રાખવા માટે નથી પરંતુ તેમની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ઝારખંડ હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવીને પત્નીની અપીલ સ્વીકારી અને ફેમિલી કોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશને પુનઃસ્થાપિત કર્યો. પતિને દર મહિને 10,000 રૂપિયા ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### ■ વ્યક્તિ સન્માનજનક જીવન જીવી શકે તે માટે ભરણપોષણ જરૂરી છે

સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે પતિની ફરજ છે કે તે તેની અલગ રહેતી પત્નીને નાણાકીય સહાય પૂરી પાડે. આ માટે, ભલે તેને શારીરિક શ્રમ કરવો પડે, પણ તેણે તે કરવું પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સન્માનજનક જીવન જીવવા માટે પૂરતું ભરણપોષણ જરૂરી છે.

# બિહાર બંધ | પટણામાં આગચંપી અને તોડફોડ, પપ્પુ યાદવની ધરપકડ

(એજન્સી) પટના | તા.12

બિહારના પૂર્ણિયામાંથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવે BPSC ઉમેદવારોના સમર્થનમાં બિહાર બંધનું એલાન કર્યું છે. તેમના સમર્થકો વિદ્યાર્થીઓ સાથે મળી બિહારમાં અલગ-અલગ જગ્યાએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જો કે, બાદમાં પોલીસે પપ્પુ યાદવને કસ્ટડીમાં લીધા હતાં આ દેખાવોમાં અનેક જગ્યાએથી આગચંપીના અહેવાલો મળ્યા છે. વિદ્યાર્થીઓ સાથે તેમના સમર્થકોએ અશોક રાજપથ પર ટાયર્સ સળગાવ્યા હતા. પપ્પુ યાદવ BPSC ઉમેદવારોના સમર્થનમાં પરીક્ષા રદ કરવાની અને તેને ફરીથી યોજવાની માંગ કરી રહ્યા છે. પપ્પુ યાદવ સહિત ઘણા વિદ્યાર્થીઓ અને તેમના સમર્થકોની અટકાયત કરવામાં આવી છે. 'બિહાર બંધ' અંગે પપ્પુએ જણાવ્યું હતું કે, 'સરકારનું રામ રામ સત્ય કરવાનું છે. જે લોકો વિદ્યાર્થી વિરોધી છે. તેમનું રામ-રામ સત્ય છે. બિહારની જનતા અને વિદ્યાર્થી રસ્તા પર છે. દરેક લોકો બિહાર બંધને સમર્થન આપી રહ્યા છે.'



### પપ્પુના સમર્થકોએ સાસારામમાં પ્રદર્શન કર્યું

સાસારામમાં, જન અધિકાર પાર્ટીના કાર્યકરોએ BPSC ની પુનઃપરીક્ષાની માંગણી સાથે વિરોધ કૂચ કાઢી અને પોસ્ટ ઓફિસ ક્રોસિંગને અવરોધિત કર્યું. દરમિયાન, કાર્યકરો માંગ કરી રહ્યા છે કે પરીક્ષા ફરીથી લેવામાં આવે. તમને જણાવી દઈએ કે આજે જન અધિકાર પાર્ટીએ સમગ્ર બિહારમાં બંધનું એલાન આપ્યું છે. આના સમર્થનમાં વિવિધ સ્થળોએ સરઘસ કાઢવામાં આવી રહ્યા છે.

## દિલ્હીના CM એ ચૂંટણી લડવા જનતા પાસે રૂ. 100થી 1000 સુધીનું દાન કરવા કરી અપીલ

(એજન્સી) નવી દિલ્હી | તા.12



દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ વિધાનસભા ચૂંટણી લડવા માટે લોકો પાસે મદદ માગી છે. તેમણે ચૂંટણી લડવા માટે ક્રાઉડ ફંડિંગની જરૂરિયાત દર્શાવતાં જનતાને અપીલ કરી છે કે, મારે ચૂંટણી લડવા માટે રૂ. 40 લાખની જરૂર છે. તમ લોકો રૂ. 100થી માંડી રૂ. 1000 સુધીની મદદ કરી શકો છો. જે અમને ચૂંટણી લડવા મદદ કરશે. આતિશીએ લોકોને અપીલ કરી છે કે, દિલ્હીના લોકોએ અમને સમર્થન આપ્યું છે. અમે ચૂંટણી લડવા માટે દાન આપ્યું છે. લોકોના નાના-નાના સહયોગથી અમે ચૂંટણી લડવા અને જીતવા મદદ મળી છે. દિલ્હીના સૌથી ગરીબ લોકોએ અમને રૂ.10થી માંડી રૂ. 100 સુધીનું દાન આપ્યું છે.

# શરદ પવારની દેશદ્રોહી રાજનીતિ દફન થઈ : શાહ

## ઉદ્ધવ છેતરપિંડી કરીને CM બન્યા, મહારાષ્ટ્રે તેમને જગ્યા બતાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ગૃહમંત્રી અમિત શાહે રવિવારે શિરડીમાં કહ્યું- મહારાષ્ટ્રની મહાન જીતે ઘણી વસ્તુઓ બદલી નાખી છે. શરદ પવારજીએ 1978માં જે કલંક (વિશ્વાસઘાત)ની રાજનીતિ શરૂ કરી હતી તે જમીનમાં 20 ફૂટ ઊંડે દટાઈ ગઈ હતી. જે રાજદ્રોહ ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો અને બાળાસાહેબના સિદ્ધાંતોનો ત્યાગ કર્યો હતો. જૂઠું બોલીને, છેતરપિંડી કરીને મુખ્યમંત્રી બન્યા. મહારાષ્ટ્રે ઉદ્ધવ ઠાકરેને તેમનું સ્થાન બતાવ્યું. આ બધું શાહ શિરડીમાં મહારાષ્ટ્ર ભાજપ સંમેલનમાં બોલી રહ્યા હતા.

ભારત ગઠબંધન પર શાહે કહ્યું- મુંબઈની ચૂંટણી આવી રહી છે અને શિવસેના (UBT) કોંગ્રેસથી અલગ થઈને લડવા જઈ રહી છે. સમગ્ર ઈન્ડી એલાયન્સ ઘમંડી ગઠબંધનમાં વિઘટન થવા લાગ્યું છે. મહારાષ્ટ્રે આમાં સહયોગ આપ્યો છે. તેમનું મનોબળ તૂટી ગયું છે. અમે 2025માં દિલ્હીને જીતી લઈશું.



અમિત શાહે ભાજપના રાજ્ય સ્તરના સંમેલનમાં પાર્ટી કાર્યકરોને કહ્યું, 'તમે બધા જાણતા નથી કે તમે કેટલું મોટું કામ કર્યું છે. ઉદ્ધવ ઠાકરેએ 2019માં આપણી વિચારધારા છોડીને અને બાળાસાહેબ ઠાકરેના વિચારો છોડીને આપણી સાથે દગો કર્યો. તેઓ જૂઠું બોલીને અને છેતરપિંડી કરીને મુખ્યમંત્રી બન્યા. તમે ઉદ્ધવ ઠાકરેને તેમનું સ્થાન બતાવવાનું કામ કર્યું છે.' આ સાથે અમિત શાહે ઈન્ડિયા ગઠબંધનના વિઘટન પર પણ પ્રતિક્રિયા આપી છે.

### '2025માં વિજય દિલ્હીથી શરૂ થશે'

ભાજપના કાર્યકરોને સંબોધતા શાહે કહ્યું, દિલ્હીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ જીત મેળવશે. દિલ્હીમાં પણ ભાજપની સરકાર બનશે. ચૂંટણી વર્ષ 2024ના અંતે મહારાષ્ટ્રે વિજય અપાવ્યો છે. આ વલણ ચાલુ રહેશે અને વર્ષ 2025માં વિજય દિલ્હીથી શરૂ થશે.

## આ રેલવે સ્ટેશન-ટ્રેનોમાં દોઢ મહિના સુધી નોનવેજ પર પ્રતિબંધ

(એજન્સી) પ્રયાગરાજ । તા. 12

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી મહાકુંભ શરૂ થઇ રહ્યો છે. ત્યારે વારાણસીમાં પણ શ્રદ્ધાળુઓનો એટલો જ ધસારો જોવા મળવાનો છે. ત્યારે જો તમે વારાણસી જતી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હોવ અને તમે જો નોનવેજ ખાતા હશો તો તમારે થોડી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે વારાણસીની તમામ રેલવે સ્ટેશન પરિસર અને ટ્રેનોમાં હવે નોનવેજ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આવુ કેમ અને ક્યાં સુધી પ્રતિબંધ રહેશે આવો જાણીએ. મહત્વનું છે કે મહાકુંભના આ સમયગાળા દરમિયાન ભક્તોને કોઈ અગવડ ન પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે RPF, GRP અને CRPF ના જવાનો સતર્ક રહેશે. ટ્રેન આવે અને જાય ત્યારે તેમની આંતરિક ટીમ સક્રિય થશે જેથી મુસાફરોને પ્લેટફોર્મ પરથી સુરક્ષિત રીતે બહાર કાઢી શકાય અને માર્ગદર્શન આપી શકાય. આ માહિતી વારાણસી કેન્ટ રેલ્વે સ્ટેશનના ડિરેક્ટર અર્પિત ગુપ્તાએ આપી હતી. સ્ટેશન ડિરેક્ટરે જણાવ્યું હતું કે મુસાફરોની સુવિધા માટે ત્રણ હેલ્પડેસ્ક બનાવવામાં આવ્યા છે, એક મુખ્ય પ્રવેશદ્વાર પર અને બે હોલ્ડિંગ એરિયામાં.

### દર વર્ષે ભારત દુનિયાભરના નેતાઓને પ્રજાસત્તાક દિવસ સમારોહમાં આમંત્રિત કરે છે

# ભારતનીમાગસામેઝૂક્યાંઈન્ડોનેશિયાનારાષ્ટ્રપતિ, પ્રજાસત્તાક દિવસે હાજરી બાદ પાકિસ્તાન નહીં જાય



(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારતમાં આ વર્ષે પ્રજાસત્તાક દિવસના સમારોહમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્ર પ્રમુખ પ્રભોવો સુબિયાંટો મુખ્ય અતિથિના રૂપે સામેલ થશે. શનિવારે આ મામલે પરિચિત લોકોએ આ જાણકારી આપી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સુબિયાંટો પોતાની ભારત યાત્રા બાદ પાકિસ્તાન નહીં જાય. જોકે, તેઓએ પહેલાં પાકિસ્તાન જવાની યોજના બનાવી હતી. પરંતુ, જ્યારે ભારતે આ મુદ્દો ઉઠાવ્યો તો ઈન્ડોનેશિયાના રાષ્ટ્ર પ્રમુખે પોતાની પાકિસ્તાનની યાત્રા ટાળી દીધી.ભારતે હજુ સુધી આ વર્ષે પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિની સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુબિયાંટો સાથે પોતાની યાત્રા દરમિયાન વ્યાપક વાતચીત કરશે.દર વર્ષે ભારત દુનિયાભરના નેતાઓને પ્રજાસત્તાક દિવસ સમારોહમાં આમંત્રિત કરે છે. ગત વર્ષે ફ્રાન્સના રાષ્ટ્ર પ્રમુખ ઈમેનુએલ મેક્રોન મુખ્ય અતિથિ હતાં. વળી, 2023માં મિસ્ત્રના રાષ્ટ્ર પ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સિસી સામેલ થયા હતાં. વળી, કોવિડ-19 મહામારીના કારણે 2021 અને 2022માં પ્રજાસત્તાક દિવસે કોઈ મુખ્ય અતિથિ નહતાં. 2020માં બ્રાઝીલના રાષ્ટ્ર પ્રમુખ ઝાયર બોલ્સોનારો મુખ્ય અતિથિ હતાં. પ્રજાસત્તાક દિવસ સમારોહમાં અત્યાર સુધી ઘણાં પ્રમુખ આંતરરાષ્ટ્રીય નેતા ઉપસ્થિત રહી ચુક્યા છે. તેમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્ર પ્રમુખ સિરિલ રામફોસા (2019), સંયુક્ત અરબ અમીરાતના ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન (2017) અને ફ્રાન્સના રાષ્ટ્ર પ્રમુખ ફ્રાંકોઈસ ઓલાંદ (2016) સામેલ છે.

## શપથ ગ્રહણ સમારોહમાં જશે વિદેશ મંત્રી જયશંકર

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ડોનાલ્ડ ટ્રમ્પ 20 જાન્યુઆરીએ બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. તેમના શપથ ગ્રહણ સમારોહમાં વિશ્વભરના ઘણા મોટા નેતાઓ હાજરી આપશે. ભારત તરફથી વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકર ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.ટ્રમ્પ-વેન્સ ઉદ્‌ઘાટન સમિતિએ શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે ભારત સરકારને આમંત્રણ આપ્યું છે. એસ જયશંકર આમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરશે. મંત્રાલયે રવિવારે આ જાણકારી આપી. આ દરમિયાન તેઓ ટ્રમ્પ પ્રશાસનને પણ મળી શકે છે. "ટ્રમ્પ-વેન્સ ઉદ્‌ઘાટન સમિતિના આમંત્રણ પર, વિદેશ પ્રધાન એસ જયશંકરે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કર્યું હતું." વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.મંત્રાલયે તેના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે આ મુલાકાત દરમિયાન જયશંકર નવા યુએસ વહીવટીતંત્રના સભ્યો તેમજ અન્ય મહત્વપૂર્ણ હસ્તીઓ સાથે પણ મુલાકાત કરશે.

### 'સર્જિકલ સ્ટ્રાઈકની હિંમત છે વાતચીતની નહીં.',

## પાકિસ્તાન મુદ્દે દિગ્ગજ નેતાએ મોદી સરકારને ઘેરી



(એજન્સી) નવી દિલ્હી । તા. 12

કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરે પાકિસ્તાન મુદ્દે પીએમ મોદી સરકારને જોરદાર રીતે ઘેરી હતી. તેમણે કહ્યું કે આપણી પાસે બંને દેશોના હિતમાં હોય તેવા મુદ્દાઓ પર પાકિસ્તાન સાથે વાત કરવાની હિંમત નથી, જ્યારે સર્જિકલ સ્ટ્રાઈક જેવું પગલું સરળતાથી ભરી લેવાયું હતું. મણિશંકર અય્યરે કહ્યું કે આતંકવાદ ફેલાવનાર પાકિસ્તાન પોતે તેનો ભોગ બન્યું છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનને સત્તામાં લાવવાની પાકિસ્તાનની જૂની વિચારસરણી હતી, પરંતુ આજે તેમના માટે સૌથી મોટો ખતરો એ છે કે તાલિબાન અફઘાનિસ્તાનમાં શાસનમાં છે.તેમણે કહ્યું કે મોદી સરકારે પાકિસ્તાન સાથે વાત કરવી જોઈએ. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પણ કાશ્મીર મુદ્દા પર વાતચીત કરી હતી. પાકિસ્તાનમાં રહેતા લોકો પણ ભારતીયો જેવા જ છે, પરંતુ વિભાજને તેમને આપણાથી અલગ દેશનો સ્વરૂપ આપી દીધો છે. કોંગ્રેસના નેતાએ શેખ હસીનાને પણ વખાણ્યાં હતા અને ભારત માટે કરેલા તેમના કાર્યોની પ્રશંસા કરી હતી.


### બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા થઈ રહ્યા છે

કોંગ્રેસના નેતાએ કહ્યું કે બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર હુમલા થઈ રહ્યા છે તે સાચું છે, પરંતુ આ મોટે ભાગે એટલા માટે થઈ રહ્યું છે કારણ કે તેઓ શેખ હસીનાને ટેકો આપે છે. હિન્દુઓ પર હુમલાના અહેવાલો સાચા છે, પરંતુ તે મોટાભાગે અતિશયોક્તિપૂર્ણ છે. તેમણે કહ્યું કે મોટાભાગના સંઘર્ષો રાજકીય મતભેદોને ઉકેલવા માટે લડવામાં આવે છે.

# બાંગ્લાદેશી ઘૂસણખોરોને નકલી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ, મોટું રેકેટ ખુલશે?

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારતમાં ગેરકાયદે ઘૂસી આવેલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને લઈને નવો ખુલાસો થયો છે. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો બનાવટી ભારતીય પાસપોર્ટનો ઉપયોગ વિદેશમાં નોકરી મેળવવા કે અન્ય દેશોમાં પ્રવેશવા માટે કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. જેને પગલે પશ્ચિમ બંગાળ પોલીસ એલર્ટ થઈ ગઈ છે અને આવા લોકોની છટણી કરવાનું શરૂ કરી દેવાયું છે. હાલ વિદેશમાં તેઓ શું કરી રહ્યા છે તેની તપાસ ચાલી રહી છે. કોલકાતા પોલીસ હાલ મૂળ પશ્ચિમ બંગાળના એનઆરઆઈની



વર્તમાન સ્થિતિ તપાસવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. કેટલાક લોકો બાંગ્લાદેશી નાગરિક હોવા છતા બનાવટી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશમાં કામ મેળવી રહ્યા છે. તેઓ હાલ ભારતના નામે વિદેશમાં કામ કરી રહ્યા હોવાની શંકા છે. કોલકાતા પોલીસે આ મામલે ત્રણ યૂરોપિયન દેશો સહિત અનેક દેશોમાં ભારતીય હાઈ કમિશનના અધિકારીઓને આ મુદ્દે સંદેશો મોકલ્યો છે. ખાસ કરીને એવા દેશોના ભારતીય અધિકારીઓના સંપર્કમાં છે કે જ્યાં આ બાંગ્લાદેશીઓ ભારતીય હોવાનું કહીને ઘૂસી ગયા છે. કોલકાતા પોલીસ હાલ એ તપાસ કરી રહી છે કે બનાવટી ભારતીય પાસપોર્ટના આધારે વિદેશમાં ગયેલા બાંગ્લાદેશીઓ ખરેખર ત્યાં કરી શુ રહ્યા છે, તેમની તમામ પ્રવૃત્તિઓની માહિતી મંગાવવામાં આવી રહી છે. આ બાંગ્લાદેશીઓએ ગેરકાયદે ભારતમાં પ્રવેશ કર્યો એટલુ જ નહીં આધાર, પાન કાર્ડ સહિતના જુઠા દસ્તાવેજો ઉપરાંત નકલી ભારતીય પાસપોર્ટ પણ બનાવી લીધો હોવાની શંકા છે. આવા અનેક બાંગ્લાદેશી ઘૂસણખોરો ભારતીય હોવાના દાવા સાથે અન્ય દેશોમાં શુ કરી રહ્યા છે તેની તપાસ કરાઈ રહી છે. આ બાંગ્લાદેશી ઘૂસણખોરો સૌથી પહેલા ફેક રાશનકાર્ડ તૈયાર કરાવે છે, બાદમાં આધાર, પાન કાર્ડ પણ બનાવી લે છે. એટલુ જ નહીં જન્મના પ્રમાણપત્રો પણ તેમની પાસેથી મળી આવતા હોય છે. તેમને આ દસ્તાવેજો અપાવવામાં સ્થાનિક એજન્ટો કામ કરી રહ્યા છે.

## હિંદુ ગર્જના સભામાં ભાજપ મંત્રીનું નિવેદન 'EVM મતલબ-એવરી વોટ અગેન્સ્ટ મુલ્લા'

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભાજપ નેતા અને મહારાષ્ટ્રના મત્સ્યપાલન અને બંદર વિભાગના મંત્રી નિતેશ રાણેએ ફરી એક વાર વિવાદિત નિવેદન કર્યું હતું. તેમણે ફરી એક વાર મુસ્લિમ સમુદાય પર નિશાન સાધ્યું હતું. નિતેશ રાણેએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન - EVMની નવી વ્યાખ્યા કરતાં કહ્યું કે, EVMનો મતલબ એવરી વોટ અગેન્સ્ટ મુલ્લા. તેમની આ ટિપ્પણીથી વિવાદ શરૂ થયો છે. આની પહેલાં તેમણે કેરળને મિની પાકિસ્તાન કહીને વિવાદ ઊભો કર્યો હતો. સાંગલીમાં આયોજિત હિંદુ ગર્જના સભામાં બોલતાં રાણેએ કહ્યું કે, હા, અમે EVM ધારાસભ્ય છીએ. પરંતુ EVM મતલબ છે, દરેક વોટ મુલ્લા વિરોધી. EVM અંગેના વિપક્ષના દાવા પર વાત કરતાં રાણેએ દાવો કર્યો કે મહારાષ્ટ્રમાં વિપક્ષી મહાવિકાસ અઘાડીના સાથી પક્ષોને EVM બાબતે ખૂબ બેચેની છે, કેમ કે, તેઓ આ તથ્યને પચાવી નથી શકતા કે હિંદુ સમુદાયે એકજૂથ થઈને મતદાન કર્યું છે. તેમણે કહ્યું કે વિપક્ષી દળ EVM અર્થ સમજવામાં નિષ્ફળ રહ્યાં છે.રાણે દાવો કર્યો કે, ચૂંટણી જીતવા માટે તેમને મુસ્લિમ વોટની જરૂર નથી. તેમણે કહ્યું કે તેઓ ક્યારેય મુસ્લિમ સમુદાય પાસે વોટ માગવા નથી ગયા.

## ચક્રવાતી વાવાઝોડુ ત્રાટકશે, આ રાજ્યમાં ભર શિયાળે પડશે વરસાદ

### ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદની સંભાવના

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ચક્રવાતી તોફાન ફરી એકવાર દેશમાં ત્રાટકવા માટે તૈયાર છે. હવામાન વિભાગે 16 જાન્યુઆરી સુધી દેશભરના 20થી વધુ રાજ્યોમાં તોફાની પવન અને ભારે વરસાદની આગાહી કરી છે. છેલ્લા 24 કલાકની વાત કરીએ તો હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા અને કોલ્ડવેવને કારણે તાપમાન ઠંડું બિંદુએ પહોંચી ગયું છે. ઉત્તર ભારતના ઘણા રાજ્યો ધુમ્મસની લપેટમાં રહ્યા.જ્યારે દિલ્હી-NCR, હરિયાણા, ચંદીગઢમાં વરસાદ પડ્યો હતો. વહેલી સવારે ધુમ્મસના કારણે 45 જેટલી ટ્રેનો મોડી પડી હતી, પરંતુ ફ્લાઈટની અવરજવર ખોરવાઈ ન હતી. શનિવારે લાહૌલ-સ્પીતિના તાબો જિલ્લામાં લઘુત્તમ તાપમાન -10.2 ડિગ્રી સેલ્સિયસ હતું. સમાધોમાં લઘુત્તમ તાપમાન -5.9C, કુકુમસેરીમાં -4.9C અને મનાલીમાં -0.9C નોંધાયું હતું. ચાલો જાણીએ કે આગામી 5 દિવસમાં દેશભરમાં કેવું રહેશે હવામાન?હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સાયક્લોનિક સરક્યુલેશનના રૂપમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મધ્ય પાકિસ્તાન અને તેની આસપાસના નીચલા-ઉપલા ભાગોમાં સક્રિય છે.

## મુંબઈ પોલીસે 4 બાંગ્લાદેશી નાગરિકની કરી ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રમાં પણ બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓ સામે પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી ચાલુ છે. આ અંતર્ગત 11 જાન્યુઆરીએ રાજધાની મુંબઈમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને પકડવામાં આવ્યા. આ લોકો નકલી દસ્તાવેજો સાથે જુહુ ચોપાટી પાસે રહેતા હતા.

ધરપકડ કરાયેલા 4 બાંગ્લાદેશી નાગરિકોમાં એક મહિલા અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ પોપી ટીટુ હુસૈન (મહિલા), મોહમ્મદ ટેટુ સોફીઉદ્દીન હુસૈન, નૂર ઈસ્લામ મકબૂલ અને ફૈઝલ બિકુ મુલ્લા શેખ તરીકે થઈ છે. તેમની સામે જુહુ પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે પોલીસને માહિતી મળી હતી કે મુંબઈના જુહુ વિસ્તારમાં એક જગ્યાએ કેટલાક બાંગ્લાદેશીઓ રહે છે. જે બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેને પકડવા માટે રવાના થઈ ગઈ. પોલીસના એક સૂત્રએ ચાર બાંગ્લાદેશીઓની ઓળખ કરી અને આ પછી પોલીસે બધા બાંગ્લાદેશી નાગરિકોને ઘેરી લીધા અને પછી તેમની ધરપકડ કરી લીધી.

## હાઈકોર્ટની ટકોર બાદ પોલીસની કાર્યવાહી : વડોદરામાં 30 સામે ગુનો દાખલ

# સુરતમાં ચાઈનીઝ દોરી, તુક્કલ વેચતા 58 ઝડપાયા

સુરત | [illegible] જાન્યુઆરીના રોજ ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણમાં વપરાતી ચાઈનીઝ દોરી, તુક્કલ સાથે કાચવાળી દોરીનાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, ખરીદવા અને વાપરવા પર પ્રતિબંધ ફરમાવતો નિર્દેશ આપ્યો હતો. જે બાદ પોલીસ દ્વારા પણ પતંગ બજારોમાં ચેકિંગ હાથ ધરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં વડોદરા પોલીસે કાચથી પતંગનો દોરો માંજતા 30થી વધુ કારીગરો-વેપારીઓ પાસેથી 100 કિલોથી વધુ કાચનો પાઉડર અને 50થી વધુ ફીરકીઓ કબજે કરીને પહેલી વખત ગુનો દાખલ કર્યો છે. જ્યારે સુરત પોલીસે છેલ્લા 22 દિવસમાં પ્રતિબંધિત પતંગ-દોરીનું સહિતની વસ્તુઓનું વેચાણ કરતા 59 વેપારી સામે કેસો કરી 58 વ્યક્તિની અટકાયત કરી છે.

સુરતમાં તા. 21મી ડિસેમ્બર, 2024થી તા.12મી જાન્યુઆરી, 2025 સુધીમાં શહેરમાં ચાઈનીઝ દોરી, તુક્કલ, સહિત અન્ય પ્રતિબંધિત વસ્તુઓ વેચાણ કે સંગ્રહ કરનાર વ્યક્તિઓ પર વોચ રાખીને સ્થાનિક અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં મળી કુલ 59 કેસો કરીને 58 વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલા આ કેસમાં સૌથી વધુ અમરોલી અને વરાછા પોલીસ સ્ટેશનમાં 8-8 કેસો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ચોક બજાર પોલીસ સ્ટેશનમાં 6 કેસ, કાપોદ્રા અને ખટોદરામાં 5-5 કેસો, જ્યારે પુણા, પાલ, જહાંગીરપુરા, ઉત્રાણ અને સિંગણપોરમાં 2-2 કેસો મળી કુલ 23 પોલીસ સ્ટેશનમાં 59 કેસો કરવામાં આવ્યા હતા.

આજરોજ (12 જાન્યુઆરી) ડભોલી સિંગનપોર પોલીસે પ્રતિબંધિત પતંગની દોરી વેચતા 4 શખ્સોને ઝડપી પાડ્યા છે. ડભોલી પોલીસ દ્વારા 7 ફીરકી તેમજ દોરી બનાવવામાં વપરાતી સામગ્રી મળી 2700 રૂપિયાના મુદ્દામાલને જપ્ત કરી ગુનો નોંધ્યો છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી તેમજ ઉત્પાદન કરેલ ચાઈનીઝ બોબીન 152, કાચનો ભુક્કો 18,600 કિગ્રા, ફીરકી નંગ 17, એક બાઈક તેમજ 250 ચાઈનીઝ તુક્કલ મળી કુલ કિંમત રૂ. 1.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આમ, સુરત શહેર પોલીસે સ્થાનિક 24 પોલીસ સ્ટેશનોમાં કુલ 59 કેસો કરી 58 આરોપીની અટકાયત કરીને દોઢ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે



**વડોદરામાં પહેલીવાર 30 સામે ગુનો નોંધાયો :** વડોદરા પોલીસ કમિશનર દ્વારા મકરસંક્રાતિના જાહેરનામા અનુસાર અમલવારી કરવા માટે શહેર પોલીસને સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત શહેર પોલીસે પેટ્રોલિંગ કરીને છેલ્લા એક સપ્તાહમાં પતંગ બજારો અને પતંગની દોરી ઘસતા કારીગરોને ત્યાં તપાસ કરીને 5 હજારથી વધુ તુક્કલ અને 65 કિલોથી વધુ કાચનો પાઉડર કબજે કર્યો હતો. જેમાં પહેલી વખત પતંગનો દોરો કાચથી રંગતા 30 કારીગર-વેપારીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કાચથી માંજેલી દોરી અને ચાઈનીસ દોરીથી નાગરિકો અને મૂંગાં પક્ષીઓનો જીવ જવાની ઘટનાઓ વધવાને કારણે વધુ તીક્ષ્ણતા ધરાવતી કાચના પાઉડરથી માંજેલી દોરી પર પ્રતિબંધ લગાવાયો છે.

**પાટણમાં કાચ પાઉડરથી પાયેલી દોરી મળતા બે સામે ગુનો :** પાટણ પોલીસે જનતા હોસ્પિટલ વિસ્તારમાં આવેલા બે અલગ-અલગ પતંગ સ્ટોર્સમાં દરોડા પાડ્યા હતા. પ્રથમ દરોડો ચામુંડા પતંગ સ્ટોરમાં પાડવામાં આવ્યો, જ્યાં દુકાનના સંચાલક અલ્પેશ રાયમલભાઈ પટણી (કપટિયાવાળા) પાસેથી 500 ગ્રામ કાચનો પાઉડર અને કાચથી પાયેલી એક ફીરકી જપ્ત કરવામાં આવી હતી.

આ ફીરકીમાં લગભગ 200 વાર દોરી હતી, જેની કિંમત રૂ. 200 આંકવામાં આવી છે. બીજો દરોડો મામા-ભાણેજના પતંગ સ્ટોરમાં પાડવામાં આવ્યો, જ્યાંથી વધુ 500 ગ્રામ કાચનો પાઉડર અને રૂ.350ની કિંમતની કાચ પાયેલી ફીરકી જપ્ત કરવામાં આવી. આ દુકાનના સંચાલક રાકેશ પટ્ટણી સામે પણ જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસની આ કાર્યવાહી દર્શાવે છે કે, હવે માત્ર ચાઈનીઝ દોરી જ નહીં, પરંતુ તેને બનાવવા માટે વપરાતા કાચના પાઉડર જેવી વસ્તુઓ પર પણ કડક નજર રાખવામાં આવી રહી છે. આ પ્રકારની દોરીઓથી માનવ જીવન અને પશુ-પક્ષીઓને થતા નુકસાનને રોકવા માટે આ કાર્યવાહી મહત્ત્વપૂર્ણ છે. કોઈ વ્યક્તિએ જાનનું જોખમ થાય એ રીતે માર્ગ, રસ્તા, ફૂટપાથ કે ભયજનક ધાબે પતંગ ઉડાવવા પર પ્રતિબંધ છે. ખૂબ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. પતંગ પર કોમી લાગણી દુભાય તેવા લખાણ પર પ્રતિબંધ છે.

# જૂનાગઢમાં તાંત્રિક વિધિના નામે મહિલા પર દુષ્કર્મ...

## ઘરનો દરવાજો બંધ કરી શારીરિક અડપલાં કર્યાં, થપ્પડો મારી દુષ્કર્મ આચર્યા બાદ મારી નાખવાની ધમકી આપી ભાગી ગયો

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના પંચાળા ગામે ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામના જ રણજિત પરમાર નામના શખ્સે તાંત્રિક વિધિના બહાને એક મહિલા પર દુષ્કર્મ આચર્યું છે. મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેણી મજૂરી કામ કરતી હતી, ત્યારે રણજિત પરમાર સાથે મુલાકાત થઈ હતી. મહિલાએ ઘરમાં સુખ-શાંતિ અને ધંધા-રોજગારમાં વૃદ્ધિ માટે તાંત્રિક વિધિ કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ગત શુક્રવારે રાત્રે 10 વાગ્યે આરોપી રણજિત પરમાર મહિલાના ઘરે પહોંચ્યો હતો. તેણે દીવો પ્રગટાવ્યા બાદ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો અને મહિલાને થપ્પડો મારી હતી. આરોપીએ મહિલા પર બળજબરીથી દુષ્કર્મ આચર્યું અને જો કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કૃત્ય આચર્યા બાદ આરોપી 10-15 મિનિટમાં જ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ભોગ બનનાર મહિલાએ આ ઘટનાની જાણ તેના જેઠાણી અને પતિને કરી હતી, જેમણે તેને હિંમત આપી હતી. મહિલાએ પ્રથમ કેશોદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી અને ત્યારબાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી રણજિત પરમાર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### ઘરની શાંતિ માટે તાંત્રિક વિધિ કરાવી



આ મામલે ડીવાયએસપી દિનેશ કોળિયાતરે જણાવ્યું હતું કે, પંચાળા ગામે એક દુષ્કર્મનો બનાવ બન્યો છે. જેમાં પંચાળા ગામની એક મહિલા અને તેના પતિ વચ્ચે અવારનવાર ઝઘડા થતા, ઘરમાં અશાંતિ રહેતી હતી અને ધંધા રોજગાર ચાલતા ન હતા. જેથી તેમને જાણવા મળેલ કે પંચાળા ગામના જ રણજિત પરમાર નામનો વ્યક્તિ તાંત્રિક વિધિ કરે છે. આ વિધિ કરવાથી ઘરમાં સુખ શાંતિ થઈ જાય છે. આ વાતોમાં આવી જઈ ભોગ બનનાર મહિલાએ તાંત્રિક વિધિ કરનાર રણજિત પરમારનો સંપર્ક કર્યો હતો.

### શારીરિક અડપલાં બાદ થપ્પડો મારી

રણજિતે મહિલાને કહ્યું હતું કે, આજે રાત્રે હું ઘરે આવી તાંત્રિક વિધિ કરી આપીશ. જેથી તમારા ઘરમાં સુખ શાંતિ થઈ જશે. ત્યારે શુક્રવારની રાત્રે મહિલાના પતિ તેના ઘરે ન હતા તે સમયે રણજિત પરમાર નામનો ઈસમ તાંત્રિક વિધિ કરવાના બહાને મહિલાના ઘરે ગયો હતો. રણજિતે તાંત્રિક વિધિ કરવાના બહાને મહિલાના ઘરનો દરવાજો બંધ કરી મહિલા સાથે શારીરિક અડપલાં કરવા લાગ્યો હતો, ત્યારે મહિલાએ વિરોધ નોંધાવતા રણજિતે મહિલાને થપ્પડો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહિલા સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ સમગ્ર હકીકત મહિલાએ તેની જેઠાણી અને પતિને જણાવતાં તેની જેઠાણી અને પતિએ મહિલાને હિંમત આપી, મહિલાએ કેશોદ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર લીધી હતી અને મહિલાએ તાંત્રિક વિધિના બહાને દુષ્કર્મ ગુજારનાર રણજિત પરમાર નામના ઈસમ વિરુદ્ધ કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર મામલે પોલીસે હાલ તપાસ હાથ ધરી છે.

## મોરબીમાં 22 કરોડના રસ્તા પર ગાબડાં : પંચાસર રોડ પર નબળી ગુણવત્તાના કામ સામે 'આપ'નું આંદોલન

(એજન્સી) મોરબી | તા. 12

મોરબી શહેરમાં 22 કરોડના ખર્ચે નિર્માણાધીન પંચાસર રોડ પર કામ પૂર્ણ થયા પહેલાં જ ગાબડાં પડવાના મુદ્દે આજે આમ આદમી પાર્ટી અને સ્થાનિક રહીશોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. રસ્તાની નબળી ગુણવત્તા સામે રોષ વ્યક્ત કરતાં લોકોએ રસ્તા રોકો આંદોલન કર્યું હતું.

આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રભારી પંકજ રાણસરિયા અને જિલ્લા પ્રમુખ મહેદેવ પટેલના નેતૃત્વમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા. પાર્ટીના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે રસ્તાનું કામ અધૂરું હોવા છતાં તેમાં ગાબડાં પડવા લાગ્યા છે, જે સ્પષ્ટપણે નબળી ગુણવત્તા અને નિર્માણ કાર્યમાં થયેલી બેદરકારી દર્શાવે છે.

આંદોલનકારીઓએ ચેતવણી આપી છે કે જો



મહાનગરપાલિકા દ્વારા આ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં મનપા કચેરીએ તાળાબંધી અને ઘેરાવ જેવા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ સ્થાનિક રહીશોએ રસ્તાની ગુણવત્તાના મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યું હતું, પરંતુ સમસ્યાનું નિરાકરણ ન આવતા ફરી આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે.

## પ્રેમી સાથે વાત ન કરવા દેતા યુવતીએ આયર્નની ગોળી ગળી: 20 વર્ષની વિદ્યાર્થિનીનો આપઘાતનો પ્રયાસ

(એજન્સી) બારડોલી | તા.12

માંગરોળના કોસંબા ટાઉનમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં 20 વર્ષની વિદ્યાર્થિનીએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થિની પોતાના પ્રેમી સાથે ફોન પર વાત કરી રહી હતી ત્યારે તેના પિતાને જાણ થતાં તેમણે ઠપકો આપ્યો અને મોબાઈલ ફોન જપ્ત કરી લીધો હતો.

આ નાની બાબતથી નારાજ થયેલી વિદ્યાર્થિનીએ લોહી વધારવા માટે લેવાતી આયર્નની ગોળીઓ મોટી માત્રામાં ગળી લીધી હતી. તેની તબિયત બગડતાં પરિવારજનો તાત્કાલિક તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયાં, જ્યાં સમયસર સારવાર મળતાં તેનો જીવ બચી ગયો છે.

સુરત ગ્રામ્ય Dy.SP આર.આર સરવૈયાએ આ ઘટના અંગે જણાવ્યું કે, કોસંબા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની તપાસ



ચાલુ છે. તેમણે યુવાનોને મોબાઈલનો વધુ પડતો ઉપયોગ ન કરવા અને સોશિયલ મીડિયાથી દૂર રહેવા અપીલ કરી છે.

આ ઘટના સુરત જિલ્લામાં માતા-પિતા માટે ચેતવણીરૂપ બની છે. વિદ્યાર્થિની હાલ ICUમાં સારવાર હેઠળ છે અને તેની સ્થિતિ સ્થિર છે.

ચા લઈને પરત ફરેલા કર્મચારીએ દુકાનની બહાર લોહીની ધારા વહેતી જોઈ બૂમાબૂમ કરી, પોલીસ કાફલો ઘટનાસ્થળે

## કારપેન્ટરે પોતાના જ હાથથી ગળે કટર ફેરવી દીધું




(એજન્સી) ભુજ તા. 12

ભુજ શહેરના મહાવીર નગર વિસ્તારમાં એક કારપેન્ટરે પોતાની જ દુકાનમાં ઈલેક્ટ્રિક કટરથી પોતાનું ગળું કાપી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. સવારે દુકાન ખોલ્યા બાદ પોતાના કર્મચારીને ચા લેવા મોકલીને પાછળથી કારપેન્ટરે આત્મહત્યા કરી હતી. કારપેન્ટરની આત્મહત્યામાં ગૃહક્લેશ કારણભૂત હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. જોકે, સાચું કારણ પોલીસ તપાસ બાદ સામે આવશે.

આ ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજના વાલદાસ નગરના રહેવાસી 38 વર્ષીય ચેતન જોટાણિયા ચામુંડા વુડન નામની ફર્નિચરની દુકાન ધરાવતા હતા. આજે સવારે 10 વાગ્યાના સુમારે તેઓ તેમના કર્મચારી સાથે દુકાને આવ્યા હતા. દુકાન ખોલ્યા બાદ તેમણે કર્મચારીને નજીકની હોટેલમાંથી ચા લાવવા મોકલ્યો હતો.

ચા લેવા ગયેલો જ્યારે કર્મચારી પરત ફર્યો ત્યારે દુકાનનું શટર અર્ધ બંધ હાલતમાં હતું અને અંદરથી લોહી નીકળતું જોવા મળ્યું હતું. જે જોતા જ કર્મચારીએ બૂમાબૂમ કરીને શટર ઊંચું કર્યું તો ચેતનભાઈ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા અને તેમની નજીક ઈલેક્ટ્રિક કટર પડેલું હતું. કર્મચારીએ ચેતનભાઈને આવી હાલતમાં જોઈને તુરંત આજુબાજુના દુકાન ધારકોને જાણ કરી હતી.

આજુબાજુના લોકોએ દોડી આવી તુરંત પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડીને આ ઘટના અંગે આગળની તપાસ હાથ ધરી છે. આ અંગે શહેર એ ડિવિઝન પોલીસ મથકના PI દિનેશ રાઠવાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં માનસિક તણાવ અને ગૃહક્લેશ આ આપઘાત માટે જવાબદાર જણાઈ રહ્યું છે. જોકે, સાચું કારણ તપાસ બાદ સામે આવશે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં તાપમાન 6 ડિગ્રી ગગડ્યું

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતાં ગુજરાતમાં ભુક્કા બોલાવતી ઠંડીએ જોર પકડ્યું; બે-ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેશે...

અમદાવાદ | ગુજરાતમાં બેથી ત્રણ દિવસના ઠંડીમાંથી વિરામ બાદ ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુતમ તાપમાન 2થી 6 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટતા ગુજરાતવાસીઓ ભુક્કા બોલાવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હજુ પણ આગામી બેથી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે જે ઉત્તરાયણ સુધી યથાવત્ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક જિલ્લાઓમાં ફક્ત 24 જ કલાકમાં લઘુતમ તાપમાનમાં પાંચથી છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે જેથી વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી છે. ગુજરાતના ભાગોમાં લઘુતમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે.





### ઠંડા બર્ફીલા પવનો ગુજરાત તરફ વળ્યા

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક જિલ્લાઓમાં ફક્ત 24 જ કલાકમાં લઘુતમ તાપમાનમાં પાંચથી છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે જેથી વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી છે. આ ઉપરાંત ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ લઘુતમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતા ફરી એક વખત લઘુતમ તાપમાન ગગડ્યું છે. આ ઉપરાંત હાલમાં ગુજરાત ઉપર ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી હિમવર્ષા થયા બાદના ઠંડા બર્ફીલા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેથી તાપમાનમાં ઘટાડો આવી રહ્યો છે.

### નલિયામાં 5.6 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું

છેલ્લા 24 કલાકમાં ગુજરાતમાં સૌથી ઓછું 5.6 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. મહત્ત્વનું છે કે, નલિયામાં ફક્ત 24 જ કલાકમાં લઘુતમ તાપમાનમાં છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત રાજકોટમાં પણ 24 કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટીને ગતરાત્રિએ 10.4 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત અમરેલી અને પોરબંદરમાં 11 ડિગ્રી સેલ્સિયસ કરતાં ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજ્યનાં અન્ય ત્રણ મહાનગરોમાં પણ લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં છેલ્લા 24 કલાક દરમિયાન 13.9 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 14.8 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 17.1 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## બેફામ સ્વિફ્ટ ચાલકની ટક્કરથી ઈકો પલટી

### ખેરાલુના વેપારી અને તેમના ભત્રીજાને ઈજા, આરોપી ફરાર





(એજન્સી) મહેસાણા | તા. 12

વડનગર તાલુકાના ઉમતા-ખેરાલુ હાઈવે પર આંબાવાડી નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ખેરાલુના ફ્રૂટ વેપારી કુંભાર મહેશભાઈ તેમના કુટુંબી ભત્રીજા પ્રજાપતિ ધાર્મિક સાથે ઈકો ગાડી (GJ02DP8716)માં વિસનગરથી ખેરાલુ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી સ્વિફ્ટ કાર (GJ18EB0177)ના ચાલકે પૂરઝડપે ગાડી હંકારી ઈકોને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે ઈકો ગાડી રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગાડીમાં ફસાયેલા બંને વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો પણ તુરંત જ સ્થળ પર પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત કાકા-ભત્રીજાને પિકઅપ ડાલામાં બેસાડીને ખેરાલુની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જ્યા બાદ સ્વિફ્ટ કારનો ચાલક પોતાની ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. ફરિયાદીએ વડનગર પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર ગાડી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરાર થયેલા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## સ્ત્રીવેશમાં મહિલાને લૂંટનારે સોનાની ચેન પર લોન લીધી

(એજન્સી) કચ્છ | તા. 12

અંજાર તાલુકાના મેઘપર (બોરીચી)માં સ્ત્રીવેશમાં લૂંટ કરનાર આરોપી હર્ષ ભરતભાઈ પટેલને પોલીસે ગાંધીધામ રેલવે સ્ટેશનથી ઝડપી લીધો છે. ગત તારીખ 30ની સાંજે બનેલી આ ચકચારી ઘટનામાં આરોપીએ મહિલાના ઘરમાં ઘૂસીને તેની આંખમાં મરચાનો પાવડર નાખ્યો હતો અને બે તોલાની સોનાની ચેઈન તેમજ રોકડા રૂ. 35 હજારની લૂંટ કરી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી ભોગ બનનાર મહિલાના પરિચયમાં હતો અને ઘરની સ્થિતિથી વાકેફ હતો. આરોપીએ લૂંટ માટે ડી-માર્ટમાંથી સ્ત્રીવેશ માટે કુર્તો અને દુપટ્ટો ખરીદ્યો હતો. લૂંટમાં મેળવેલી સોનાની ચેઈન તેણે ફેડરલ બેંકમાં મૂકીને રૂ. 55 હજારની ગોલ્ડ લોન લીધી હતી.

પોલીસે 198 સીસીટીવી કેમેરાના 900 GB ડેટાનું વિશ્લેષણ કરીને આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. ગુનાની તપાસ માટે એલસીબીના પો.ઈન્સ. એન.એન.ચુડાસમા અને અંજાર પીઆઈ એ.આર. ગોહિલની આગેવાની હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને આરોપીને ઝડપી લીધો હતો.

કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## ઓનલાઈન વેપારમાં નફાની લાલચ આપી 22.68 લાખની ઠગાઈ

(એજન્સી) ગાંધીધામ । તા. 12

ગાંધીધામનાં યુવાનને ઓનલાઈન વેપારમાં વધુ નફો કમાવવાની લાલચ આપી અજાણ્યા ઈસમોએ તેના મોબાઈલ ફોન પર લિંક મારફતે એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.જેમાં એપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ અલગ અલગ ખાતામાં યુવાન પાસેથી કુલ ૨૩.૦૮ લાખ રૂપિયા જમા કરાવી બદલામાં ૩૯ હજાર રૂપિયા પરત આપી અને બાકીનાં ૨૨.૬૮ લાખ રૂપિયા પરત ન આપી યુવાન સાથે ઠગાઈ કરતા પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીધામના સેકટર- ૭માં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા લક્ષ્મણ ગાભાભાઈ ગચાએ ફરિયાદ નોંધાવી હતી કે, ફરિયાદીને ગત ૨૯ નવેમ્બર ૨૦૨૪નાં તેમનાં મોબાઈલ પર એક અજાણ્યા વોટસેએપ નંબર પરથી સ્વર્ણા રાજેશ નામની મહિલાએ મેસેજ કરી હેલ્જબર્ગ ડાયમંડ નામની એપ્લીકેશન પર ઘર બેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. જેમાં અજાણી મહિલાએ ફરિયાદીને ડાયમંડ જ્વેલરીના ટેન્ડરમાં વેચાણ કરવા અને એપ્લીકેશનમાં પ્રોફિટ અપાવવાની લાલચ આપી ફરિયાદીને વિશ્વાસમાં લઈ તેના પાસે મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવી તેમાં ફરિયાદીનાં નામનું રજીસ્ટ્રેશન કરાવી અને ફરિયાદીને એપમાં બાય અને ડિપોઝીટનું ટ્રેડિંગ કરતા શીખવાડી તેમાં વધુ રૂપિયા કમાવવાની લાલચ આપી હતી. જેમાં ફરિયાદીએ પ્રથમ એક હજાર રૂપિયા નાખી ટ્રેડિંગ ચાલું કરતા ફરિયાદીને પ્રથમ ૮ હજાર રૂપિયાનું નફો મળ્યો હતો. જેથી ફરિયાદી લાલચમાં આવી અને એક અજાણ્યા નંબર પરથી આવેલા દિલ્હીનાં શખ્સે ફરિયાદીને જણાવ્યા મુજબ ફરિયાદીએ એપમાં બતાડેલા અલગ અલગ ખાતામાં પોતાના કુલ રૂ. ૨૩,૦૮,૪૧૦ જમા કરાવી દીધા હતા. રૂપિયા જમા કરાવ્યા બાદ એપ માંથી કુલ રૂ. ૩૯,૫૮૭ રૂપિયા વિડ્રોલ થયા હતા જ્યારે બાકીનાં કુલ રૂ. ૨૨,૬૮,૮૨૩ વિડ્રોલ થયા ન હતા અને મોબાઈલમાં એપ્લિકેશન બંધ થઈ ગઈ હતી. જેથી ફરિયાદીએ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી.

**અજાણ્યા મોબાઈલ નંબર ધારકે એપ્લીકેશન ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરી**

ઝડપી કામ કરવાની ભાજપ શાસિત મનપાના શાસકોની માત્ર વાતો

# ફ્લાયઓવર, વ્હાઈટટોપિંગ રોડ, અકવાડા તળાવના કામ સમય મર્યાદામાં ન થયા !

(એજન્સી) ભાવનગર । તા.12

ભાજપ શાસિત ભાવનગર મહાનગરપાલિકા વિકાસની મોટી વાતો સાથે કામોની જાહેરાત અને તેની શરૂઆત કરી દે છે પરંતુ બાદમાં સમયમર્યાદામાં કામગીરી ન થવાના કારણે શહેરીજનોની હાડમારીમાં સતત વધારો થવાની સાથે સમય અને નાણાંનો પણ વ્યય થતો હોવાની ફરિયાદો હવે સામાન્ય બની છે. તાજેતરમાં જ શહેરના ફ્લાયઓવરની કામગીરી ઝડપી બનાવવાની શાસકોની મોટી જાહેરાતો વધુ એક પોકળ સાબિત થઈ છે. આગામી બુધવારે મળનારી મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ફ્લાયઓવર, વ્હાઈટ ટોપીંગ રોડ, અકવાડા તળાવ, પેવિંગ બ્લોક નાંખવાના સહિતના કામોની સમય મર્યાદા વધારવા નિર્ણય લેવાશે. જો કે, મનપા દ્વારા હાલના કામોમાં સમયમર્યાદા વધારવામાં આવી રહી છે તેવામાં શહેરમાં વધુ બે કોમ્યુનિટી હોલ, બે સ્પોર્ટસ કોમ્પલેક્ષ સહિત અંદાજે ૨૦૦ કરોડના કામોને મંજૂરી આપવામાં આવશે.

મહાપાલિકાના હોલ ખાતે આગામી તા. ૧૫ ને બુધવારે સાંજે પાંચ કલાકે ચેરમેનના અધ્યક્ષસ્થાને સ્ટેન્ડિંગ કમિટિની બેઠક મળશે. જેમાં જુદા જુદા કામના ૬૦ ઠરાવને બહાલી આપવામાં આવશે, જેમાં મુખ્યત્વે શહેરના ૧૧ ઓગષ્ટ-૨૦૨૦ની સ્થિતિએ ૨૪ માસમાં ફ્લાયઓવર પૂર્ણ કરવાની શરતે રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ને કામ સોંપવામાં આવ્યું હતું. બાદમાં તેની સમય મર્યાદા વધુ ૧૮ માસ ઉમેરી ૯ ફેબૂઆરી,૨૦૨૪ કરવામાં આવી હતી. જો કે, આ સમય દરમિયાન ભાજપના શાસકોએ ફ્લાયઓવરની કામગીરી ઝડપી પૂર્ણ કરવા મસમોટા દાવા કર્યા હતા. પરંતુ, હકિકતે કામ શરૂ થયાના ચાર વર્ષ બાદ પણ ફ્લાયઓવર પૂર્ણ થયો નથી. તેવામાં આ બેઠકમાં વધુ એક વખત સમયમર્યાદા વધારવા અંગે અંગે આવેલી દરખાસ્ત પર ચર્ચા કરવામાં આવશે. દરખાસ્તમાં જણાવ્યાનુંસાર, આર. એન્ડ બી., ડીઝાઈન સર્કલ તરફથી ડ્રોઈંગની મંજૂરી પ્રાપ્ત થઈ હતી તે મુજબ કોન્ક્રીટની કામગીરી થઈ છે. સૂચિત કામમાં નિયત સમયમર્યાદામાં ડ્રોઈંગની મંજૂરી પ્રાપ્ત ન થવાના કારણે તથા દરખાસ્તમા જણાવેલ જુદી જુદી વિગતો અને કારણોસર કામમાં વિલંબ થયો હોવાનું જણાવવામાં આવ્યું છે. તો,ફ્લાયઓવરના કામમાં અત્યાર સુધીમાં જે ડ્રોઈંગની મંજૂરી પ્રાપ્ત થઈ તે મુજબ બાકી રહેતી શાસ્ત્રીનગરથી સરિતા કોમ્પલેક્ષ સુધી સુપર સ્ટ્રક્ચરની કામગીરી પુર્ણ થયા બાદ ટ્રાફિક નિયંત્રણ માટેની વ્યવસ્થા કરી કુંભારવાડા તરફના એપ્રોચ માટે સુપર સ્ટ્રક્ચરની કામગીરી હાથ ધરવામાં આવે તો, આગામી તા. ૩૦ ઓકટોબર,૨૦૨૫ સુધીનો સમય લાગી શકે તેવો અભિપ્રાય આપવામાં આવ્યો છે. જે દરખાસ્ત અને અભિપ્રાયને ધ્યાને લઈ બેઠકમાં ફલાય ઓવરના કામની સમય મર્યાદા વધારવા અંગેનો નિર્ણય લેવામાં આવેશે.

**વારંવાર સમય માર્યાદા વધારવા છતાં મોટાભાગના વિકાસ કામો અધૂરાં છતાં શહેરમાં બે કેમ્પ્યુનિટી હોલ, બે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવા મનપાની કારોબારી સૈધ્ધાંતિક મંજૂરી આપશે**

ઉપરાંત બેઠકમાં ચિતરંજન ચોકથી ભીડભંજન ચોકથી સુધી વ્હાઈટ ટોપિંગ રોડનું કામ પણ સમય મર્યાદામાં પૂર્ણ થયુ ન હતુ તેથી એજન્સી બી.આર. ગોયલ ઈન્ફ્રાસ્ટ્રકચર લી.ને આ કામની સમય મર્યાદા તા. ૨૫ ઓગષ્ટ,૨૦૨૪થી તા.૨૦ નવેમ્બર,૨૦૨૪ સુધી વધારી આપવા નિર્ણય કરાશે, જયારે અકવાડા તળાવના વિકાસ ફેઝ-૨ના કામની મુદત વધારી આપવા દરખાસ્ત રજૂ થઈ છે. આ કામ માટે વધુ ગત તા. ૪ સપ્ટેમ્બર,૨૦૨૪થી ૧૦ માસ એટલે કે આગામી તા. ૩ જુન,૨૦૨૫ સુધી અંતિમ મુદત વધારી આપવાની મંજૂરી આપવા બેઠકમાં નિર્ણય કરાશે. આ ઉપરાંત, ઉત્તર કૃષ્ણનગર વોર્ડમાં વિવિધ જગ્યાએ પેવિંગ બ્લોકનું કામ પણ સમય મર્યાદામાં થયુ નથી તેની પણ સમય મર્યાદા વધારવા બેઠકમાં ચર્ચાના અંતે નિર્ણય લેવાશે. આ સાથે મનપાના નાયબ કમિશનર (જનરલ) માટે વાહન ખરીદવા રૂ. ૧૦.૫૦ લાખનો ખર્ચ કરવા, શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં એક-એક કોમ્યુનિટી હોલ બનાવવા, પૂર્વ-પશ્ચિમ વિસ્તારમાં પાંચ-પાંચ જગ્યાએ ઓપન જીમ (કસરત કરવાના સાધનો સાથે) તથા વિવિધ ઈન્ડોર-આઉટડોર રમતો માટે બન્ને વિસ્તારમાં એક-એક સ્પોર્ટસ કોમ્લેક્ષ બનાવવા સહિત અંદાજે ૨૦૨.૧૭ કરોડના વિકાસ કામોને બેઠકમાં સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે.

ઈમરજન્સી સેવાના વાહનોને પસાર થવામાં વેઠવી પડતી હાલાકી

## મહુવાના કુબેરબાગમાં આડેધડ પાર્કિંગની સમસ્યાથી વાહનચાલકો ગળે આવી ગયા



(એજન્સી) મહુવા । તા.12

મહુવા શહેરના હાર્દ સમાન કુબેરબાગ વિસ્તારમાં રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ અને રસ્તા ઉપર માલસામાનના થડકલા ખડકી રાખવાની સમસ્યાથી વાહનચાલકો ગળે આવી ગયા છે. ખાસ કરીને આ વિસ્તારમાં હોસ્પિટલો આવેલી હોય, દર્દીઓને લઈને આવતા ઈમરજન્સી સેવાના વાહનોને પસાર થવામાં હાલાકી વેઠવી પડી રહી છે.મહુવાના કુબેરબાગ વિસ્તારને ડોક્ટર હાઉસ કહીં શકાય તેમ છે. આ વિસ્તારમાં ઘણી હોસ્પિટલો આવેલી છે. જેથી એમ્બ્યુલન્સ સહિત ઈમરજન્સી સેવાના વાહનોની સતત અવર-જવર રહે છે. પરંતુ અહીં કન્સ્ટ્રકશનના કામો ચાલતા હોવાથી રસ્તા ઉપર સીમેન્ટ, કપચી, રેતી વગેરે મટીરિયલ્સ તેમજ બાંધકામને લગતા સાધનો રસ્તા ઉપર જ પડયાં રહે છે. તેમજ બિલ્ડરોના વાહનો પણ રોડ વચ્ચે જ પાર્ક કરેલા રાખવામાં આવતા હોવાથી નાના-મોટા વાહનચાલકો, ઈમરજન્સી સેવાના વાહનો વગેરેને પસાર થવામાં હાલાકીનો સામનો કરવો પડે છે. આડેધડ વાહન પાર્કિંગ કરતા લોકોને તંત્રનો કોઈ ડર જ ન હોય તેમ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. આ કારણે અહીં ટ્રાફિક સમસ્યા કાયમી બની છે. તેમ છતાં નગરપાલિકા અને પોલીસ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. હોસ્પિટલોથી ધમધમતા કુબેરબાગ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા નગરપાલિકા તંત્રએ બાંધકામને લગતા માલસામાનનો રસ્તા ઉપર રાખનાર લોકો સામે તેમજ રસ્તા ઉપર મનફાવે તેમ વાહન પાર્ક કરનારા વાહનચાલકો સામે પોલીસ વિભાગે દંડનિય કાર્યવાહી કરવી જોઈએ તેવી લોકોમાં માંગણી ઉઠી છે.

**બાંધકામના માલસામાનના પણ રસ્તા ઉપર થડકલા ખડકી રાખવામાં આવે છે, નગરપાલિકા અને પોલીસ તંત્રના આંખ આડા કાન**

## ગાંધીધામમાં બે દરોડામાં 43 હજારનો દારૂ ઝડપાયો

(એજન્સી) ગાંધીધામ । તા. 12

ગાંધીધામનાં બે અલગ અલગ વિસ્તારમાં પોલીસે બે દરોડા પાડી કુલ ૪૩ હજારની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડયા હતો. જેમાં મહેશ્વરીનગરનાં મકાનમાંથી ૫૯ બોટલ અને ભારતનગરનાં મકાનમાંથી ૫૩ બોટલ કબ્જે કરી એક બુટલેગરની ઝડપી લીધો હતો જ્યારે એક નાસી ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામ એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે, ગાંધીધામનાં મહેશ્વરીનગરમાં રહેતો નિતેશ ઉર્ફે નીતિન ગાંગજીભાઈ મહેશ્વરી પોતાના કબ્જાનાં મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરી રહ્યો છે. જે બાતમી આધારે પોલીસે મકાન પર દરોડો પાડી મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી શરાબની કુલ ૫૭ બોટલો જેની કિંમત રૂ. ૨૮,૯૯૫નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. જ્યારે દારૂનો જથ્થો રાખનાર બુટલેગર નિતેશ ઉર્ફે નીતિન પોલીસને હાથ આવ્યો ન હતો.તો બીજી બાજુ ગાંધીધામનાં જ ભારતનગરમાં રહેતા રામ ઘનશ્યામભાઈ કોટવાણીનાં રહેણાંક મકાન પર બાતમી આધારે ગાંધીધામ એ ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. જે દરોડામાં પોલીસે મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી શરાબની કુલ ૫૩ બોટલો જેની કિંમત રૂ. ૧૩,૭૫૬નાં મુદ્દામાલ સાથે આરોપી રામ ને ઝડપી પાડયો હતો. જેમાં પોલીસે બે દરોડામાં વિદેશી દારૂ કબ્જે કરી બે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી બાકી એક આરોપીને ઝડપી પાડવા વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## વાગડમાં છરીની અણીએ પરિણીતા સાથે બળાત્કાર

(એજન્સી) ગાંધીધામ । તા. 12

રાપરમાં રહેતા શખ્સે કિડીયાનગર રહેતી પરણિતાને છરી બતાડી મારી નાખવાની ધમકી આપી પરણિતા સાથે મરજી વિરુદ્ધ શરીર સબંધ બાંધ્યો હતો અને થોડા દિવસ બાદ પરણિતાને તેના અઢી વર્ષનાં બાળક સાથે પોતાના કબ્જાની કારમાં અપહરણ કરી લઈ જઈ અલગ અલગ જગ્યા પર ચાર વખત પરણિતા પર બળાત્કાર ગુજારતા શખ્સ વિરુદ્ધ પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે.

**કારમાં લઈ જઈ શખ્સે ચાર વખત મરજી વિરૂધ્ધ દુષ્કર્મ ગુજાર્યો**

રાપરનાં કિડીયાનગરમાં રહેતી પરણિતાએ રાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, રાપરનાં નાની રવમાં રહેતો આરોપી ખોડાભાઈ પાંચાભાઈ રબારીએ ભોગ બનનાર પરણિતાને છરી બતાડી મારી નાખવાની ધમકી આપી અને રાપરનાં રવેચીનગરમાં આવેલા પોતાના ભાઈનાં મકાન નજીક વાડામાં ભોગ બનનારને લઈ જઈ ગત ૨૮ ડિસેમ્બરનાં તેની મરજી વિરુદ્ધ બળજબરી પૂર્વક પરણિતા પર બળાત્કાર ગુજાર્યો હતો.તેમજ ગત ૪ જાન્યુઆરીનાં આરોપીએ પરણીતાને તેના અઢી વર્ષના દિકરા સાથે અપહરણ કરી પોતાની કબ્જાની કારમાં લઈ જઈ અલગ અલગ જગ્યાએ સતત ચાર દિવસ સુધી દુષ્કર્મ ગુજાર્યું હતું. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ રાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

એલોપેથિક દવાનો જથ્થો જપ્ત

## બાલાસિનોર તાલુકામાંથી બોગસ ડૉક્ટર અને કમ્પાઉન્ડર ઝડપાયા



(એજન્સી) બાલાસિનોર । તા. 12

બાલાસિનોર ગ્રામ્ય વિસ્તારમાંથી મહીસાગર એસઓજીએ ડિગ્રી વિનાના બોગસ ડૉક્ટર અને કમ્પાઉન્ડરને ઝડપી પાડયા હતા. એસઓજીએ એલોપેથિક દવા સહિત રૂ.૧૨ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી બાલાસિનોર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો. બાલાસિનોર ગ્રામ્ય વિસ્તારમાં રાજેન્દ્રસિંહ જાલમસિંહ સોલંકી અને કમ્પાઉન્ડર અંબાલાલ રાયભણસિંહ ઝાલા (બંને રહે. મોકમજીના મુવાડા, બાયડ, જિ.અરવલ્લી) કોઈ જાતના મેડિકલ ડિગ્રી કે સર્ટિફિકેટ વિના ડૉક્ટર તરીકે બિમાર લોકોને તપાસી એલોપેથિક દવા અને ઈન્જેક્શન આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા હોવાની બાતમી મહીસાગર એસઓજીને મળી હતી. જેના આધારે એસઓજીએ મેડિકલ ઓફિસર અને ફાર્મસિસ્ટને સાથે રાખી ઈચ્છાના મુવાડા ચોકડી ખાતે બાઈક પરથી બોગસ તબીબ અને કમ્પાઉન્ડરને ઝડપી પાડયા હતા. બંને પાસેથી એલોપેથિક દવાનો જથ્થો સહિત રૂ.૧૨,૮૭૮નો મુદ્દામાલ જપ્ત કરી બાલાસિનોર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો.

કઠલાલ પોલીસ મથકે 2 શખ્સો વિરૂદ્ધ ગુનો

## કાકરખાડ વેજલિયા ગામે રૂપિયા 1.17 લાખનો દેશી દારૂ ઝડપાયો

(એજન્સી) કઠલાલ । તા. 12

કાકરખાડ વેજલિયા ગામે રૂા. ૧.૧૭ લાખના ૫૮૫ લિટર દેશી દારૂ સાથે એક શખ્સને પોલીસે ઝડપી પાડયો હતો. પોલીસે દેશી દારૂના ૩૫ કેરબા જપ્ત કરી બે શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.કઠલાલ તાલુકાના કાકરખાડ વેજલિયા વિસ્તારમાં મુકુંદભાઈ શનાભાઈ ડાભીના ઘરની બાજુમાં કેરબાઓ ભરી દેશી દારૂ સંતાડી રાખ્યો હતો. જ્યાં પોલીસે દરોડો પાડતા ૩૫ લિટર અને ૨૦ લિટરના મળીને કુલ ૩૫ કેરબામાં રૂા. ૧.૧૭ લાખનો ૫૮૫ લિટર દેશી દારૂ ઝડપી પાડયો હતો. પરમીટ વગર સંતાડી રાખી મેલાભાઈ મંગળભાઈ ડાભી સ્થળ પરથી નાશી ગયા હતા. જ્યારે મુકુંદભાઈ શનાભાઈ ડાભી સ્થળ પર હાજર મળી આવ્યા ન હતા. કઠલાલ પોલીસે બંને શખ્સો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ચરોતરના પતંગરસિયાઓ આનંદો

## ઉતરાયણ પર્વે 12 થી 15 કિ.મી.ની ઝડપે માફકસરનો પવન ફૂંકાશે

(એજન્સી) આણંદ । તા. 12

ચરોતરવાસીઓ ઉતરાયણ પર્વની તૈયારીઓમાં લાગી ગયા છે. હવામાન વિભાગના વર્તારા મુજબ મકરસંક્રાંતિના દિવસે પવનની ગતિ સરેરાશ ૧૨થી ૧૫ કિલોમીટરની રહેશે. સાથે જ ઠંડીનું પ્રમાણ પણ મધ્યમ રહેવાનું હોવાથી પતંગરસિયાઓનો ઉત્સાહ બેવડાયો છે. શનિવાર, રવિવારની રજાઓ વચ્ચે આણંદ જિલ્લાની બજારોમાં પતંગ, દોરી સહિતની વિવિધ ચીજ-વસ્તુઓની ધૂમ ખરીદી નીકળી હતી. આણંદ જિલ્લામાં બે દિવસ પહેલા પારો ૧૦ ડિગ્રીથી નીચે ગગડી ગયો હતો. છેલ્લા બે દિવસથી આંશિક વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનું પ્રમાણ ઘટયું છે.

## ગારિયાધાર-રાજકોટ રૂટ પરની સવારની એસ.ટી. બસ બંધ કરાતા પ્રવાસીમાં હાલાકી



દામનગર : ગારિયાધાર-રાજકોટ રૂટ પર ચાલતી વ્હેલી સવારની એસ.ટી. બસ બંધ કરાતા પેસેન્જરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હોય જે સંદર્ભે શાખપુર ગામના સરપંચે ભાવનગર એસ.ટી. ડીવીઝન સમક્ષ રજૂઆત કરાઈ છે. દામનગર ગારિયાધાર ડેપોનો અંધેર વહીવટ ગારીયાધાર ડેપોની વર્ષો જૂની ચાલતી ગારીયાધાર રાજકોટ વહેલી પાંચ વાગ્યાની બસ ચાલુ હતી જે નાની વાવડી શાખપુર પાંચ તલાવડા કણકોટ પાડરસીંગા અને નાના રાજકોટ દામનગર પંથકનાં ગામડાનાં પેસેન્જરો આ બસ આશીર્વાદરૂપ હતી પણ ગારીયાધાર ડેપોના અવારનવાર અણઘણ વહીવટથી જ્યારે ફોન કરવો અથવા રજૂઆત કરો ત્યારે ડ્રાઈવર - કંડકટરની ઘટ હોવાનો જવાબ આપીને ગારીયાધાર રાજકોટ રૂટ કાપી નાખવામાં આવે છે અને હાલ આ બસ બંધ છે જેથી જેની રજૂઆત ભાવનગર એસ.ટી. ડિવિઝન અને વાહન વ્યવહાર મંત્રી સમક્ષ શાખપુર સરપંચ જશુભાઈ ખુમાણે આ ગારીયાધાર રાજકોટ બસ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

## સિહોર : 5 વર્ષ બાદ 5 કિલો સુકા ગાંજા સાથે શખ્સ ફરી ઝડપાયો

ભાવનગર : ભાવનગર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૂરપે સિહેરના ગુંદાળા વિસ્તારમાંથી એક શખ્સને પાંચ કિલોથી વધુ સુકા ગાંજા સાથે ઝડપી પાડયો હતો. ઉલ્લેખનિય છે કે, ઝડપાયેલો શખ્સ પાંચ વર્ષ પૂર્વે પણ ગાંજા સાથે ઝડપાયો હતો. આ બનાવની વિગત એવી છે કે, ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગૂરપને બાતમી મળી હતી કે જામુનદાસ અર્જુનમુની હરીહર ( ઉ.વ.૬૭) એ પોતાના સિહોરના ગુંદાળા વિસ્તારમાં આવેલાં સ્મશાન વિસ્તાર સ્થિત આશ્રમ તરીકે ઓળખાતાં મકાનમાં સુકો ગાંજો છૂપાવ્યો છે. પોલીસે બાતમીના આધારે સ્થળ પર દરોડો પાડયો હતો. જયાં હરીહર આશ્રમ તરીકે ઓળખાતા રહેણાંકી મકાનમાંથી પોલીસને ૫ કિલો ૨૭૧ ગ્રામ સુકો ગાંજો કિંમત રૂા.૫૨,૭૧૦ તથા એક મોબાઈલ ફોન કિમત રૂા. ૫૦૦૦ સહિત કુલ રૂા..૫૭,૭૧૦ ના મુદ્દામાલ સાથે જામુનદાસ અર્જુનમુની હરીહરને ઝડપી પાડયો હતો. બનાવ અંગ એસઓજીના એએસઆઈ વિઠ્ઠલભાઈ ચૌહાણે ઉક્ત શખ્સ વિરૂદ્ધ શિહોર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ તળે ગુન્હો નોંધાવ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯માં પણ આ જ વિસ્તારમાંથી ઉપરોકત શખ્સને ગાંજાના જથ્થા સાથે ઝડપી લેવાયો હોવાનું પોલીસ સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું.

# પીપલગ ગામમાં 2 ભાઈઓની ટોળકીનો આતંક : હથિયારોથી 2 મિત્રોના માથા ફોડયા

**ટોળા સામે રાયોટિંગ અને લૂંટનો ગુનો..**

**ધરપકડથી બચવા કુખ્યાત ટોળકી ભૂગર્ભમાં ઉતરી ગઈ**

(એજન્સી) નડિયાદ । તા. 12

નડિયાદના પીપલગ ગામે બે સગા ભાઈઓ અને તેમના સાગરિતોએ એક યુવક પર ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. તેમજ યુવકની સોનાની વીંટી અને દોરાની લૂંટ પણ ચલાવી હતી. જ્યારે વચ્ચે છોડાવવા પડેલા યુવકના બે મિત્રોને પણ માર માર્યો હતો. જેમાં બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે સિદ્ધાર્થ રબારી, પ્રેમલ ઉર્ફે શિવા રબારી સહિત ટોળા સામે રાયોટિંગ અને લૂંટનો ગુનો નોંધ્યો હતો. ધરપકડથી બચવા કુખ્યાત ટોળકી ભૂગર્ભમાં ઉતરી ગઈ છે. નડિયાદમાં રહેતા પ્રકાશ ચૌહાણ અને તેમના મિત્ર નરેશ સોઢા પીપલગથી પરત ફરી રહ્યા હતા. ત્યારે સાંજે સવા છ વાગ્યા આસપાસ પીપલગ ચોકડી




નજીક તેમના મિત્ર વિકાસભાઈ સુરજીતસિંહ યાદવ ઉભા હતા. જેથી બંને ત્યાં ખબર-અંતર પૂછવા ઉભા રહ્યા હતા. દરમિયાન અચાનક ૬થી ૭ કાર કારમાં ૧૨-૧૩ શખ્સો આવ્યા હતા અને લાકડી, લોખંડની પાઈપ, ધારિયા, ચપ્પા સહિતના ઘાતક હથિયારોથી વિકાસ ઉપર હુમલો કરી દીધો હતો. વિકાસે આ શખ્સોને અપશબ્દો બોલવાની ના પાડતા સિદ્ધાર્થ રબારી, પ્રેમલ ઉર્ફે શિવા રબારી (બંને રહે. મિલ રોડ) સહિતનું ટોળું ઉશ્કેરાયું હતું.

શિવાએ લાકડી મારતા વિકાસના માથામાં વાગી હતા. દરમિયાન ટોળાએ હુમલો કર્યો હતો. પ્રકાશ અને નરેશ વિકાસને છોડાવવા વચ્ચે પડતા ટોળાએ તેમને પણ માર માર્યો હતો. ત્યારે નરેશને પણ માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાના કારણે વિકાસ અને નરેશ ઘટનાસ્થળે જ ઢળી પડયા હતા. જેથી તમામ શખ્સો તમને ફરી જોઈ લઈશું કહી, અપશબ્દો બોલી હથિયારો સાથે કારમાં નાસી છુટયા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વિકાસ અને નરેશની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.


**નાણાકીય લેવડ-દેવડ મામલે હુમલો થયાની આશંકા**

વિકાસ અને બંને ભાઈઓ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી નાણાકીય લેવડ-દેવડ મુદ્દે માથાકુટ ચાલતી હોવાનું જાણવા મળ્યું છે. મારામારી પૂર્વે વિકાસ તથા સામાપક્ષે સિદ્ધાર્થ અને તેનો ભાઈ શિવા સહિતના તમામ મિત્રવર્તુળમાં સોશિયલ મીડિયા મારફતે વીડિયો મૂકી એકબીજાને ટાર્ગેટ કરતા હતા. બાદમાં મામલો વણસતા આ હુમલો કર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હુમલા બાદ રબારી બંધુ સહિતના સાગરિતો ધરપકડથી બચવા ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**
તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ.




**મિથુન (ક,છ,ઘ)**
ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.



**કર્ક (ડ,હ)**
બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.




**સિંહ (મ,ટ)**
તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે .




**કન્યા (પ,ઠ,ણ)**
પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો.



**તુલા (ર,ત)**
તમારો હકારાત્મક દ્રષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. લાંબા-ગાળાના દ્રષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.




**વૃશ્ચિક (ન,ય)**
અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે.




**ધન (ભ,ધ,ફ)**
સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે.



**મકર (ખ,જ)**
મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.



**કુંભ (ગ,શ,સ)**
મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારા પ્રિયપાત્ર સાથે કેન્ડીફ્લૉસ તથા ટૉફી શેર કરશો.

### શિડયુલ એમના કારણે ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટની ક્વોલીટીનું સ્ટાન્ડર્ડ જાળવી શકે છે

# ...તો 5000 ફાર્મા કંપનીઓના શટર પડી જશે

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ફાર્માસ્યુટિકલ કંપનીઓ સામે સરકારે ઉગામેલા ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ હેઠળના શિડયુલ એમ હેઠળ કંપનીની ઉત્પાદનની સવલતો અપગ્રેડ કરવાના નિર્દેશના કારણે અનેક કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ છે. શિડયુલ એમના કારણે ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટની ક્વોલીટીનું સ્ટાન્ડર્ડ જાળવી શકે છે. આરોગ્ય મંત્રાલયે પહેલી જાન્યુઆરી 2025થી શિડયુલ એમ ફરજીયાત બનાવ્યું છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો સાથે જોડાયેલા લોકો કહે છે કે દેશમાં 10 હજાર જેટલી ફાર્માસ્યુટિકલ કંપનીઓ છે. 2000 જેટલી કંપનીઓ ફૂલી અપડેટ થયેલી છે જ્યારે 3000 જેટલી કંપનીઓએ શિડયુલ એમ હેઠળ અપગ્રેડ થવાની પ્રોસેસ શરૂ કરી દીધી છે પરંતુ 5000 જેટલી કંપનીઓએ સરકારના આદેશ હેઠળના શિડયુલ એમ માટે અપગ્રેડના કોઈ પગલાં ભર્યા નથી. કહેવાય છે કે જો શિડયુલ એમ ના અમલીકરણની તારીખ 1લી જાન્યુઆરીને સરકાર નહીં લંબાવે તો આ કંપનીઓ બંધ કરવી પડશે. આ કંપનીઓએ સરકારને છેલ્લી તારીખ બે વર્ષ માટે લંબાવવા વિનંતી કરી છે કેમ કે શિડયુલ એમ માટે વધારોનો સ્ટાફ જોઈશે અને તમને ટ્રેઈન કરવો પડશે. જોકે સરકારે અમલીરણ લંબાવવાની વિનંતીનો કોઈ પ્રતિભાવ આપ્યો નથી. તેનો અર્થ એ થયો કે સરકાર ગમે ત્યારે તે કંપનીઓના શટર પાડી શકે છે. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર સરકાર કંપનીઓના ઓડિટ કરીને ઈન્સ્પેક્શન માગશે અને જેણે શિડયુલ એમ નો અમલ નહીં કર્યો હોય તેને બંધ કરી દેશે. ફાર્માસ્યુટિકલ ઉધ્યોગના કેટલાં મોટા માથા આરોગ્ય પ્રધાનને મળ્યા હતા અને શિડયુલ-એમ ના અમલીકરણ માટેની તારીખ લંબાવવા વિનંતી કરીને કહ્યું હતું કે કેટલાક માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ (MSMEs) કંપનીઓ માટે મોટી મુશ્કેલી ઉભી થઈ શકે છે. આરોગ્યપ્રધાને તેમને સાંભળ્યા બાદ તરતજ અધિકારીઓને બોલાવ્યા હતા અને ફાર્મા સેક્ટરનું સ્ટાન્ડર્ડ સુધારવા લેવાયેલા પગલાંની વિગતો માંગી હતી. જોકે ત્યાર પછી પણ અમલીકરણની તારીખ લંબાવવાનો કોઈ નિર્ણય લેવાયો નથી. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર જ્યારે ક્વોલીટી માટે કેટલાક પગલાં લેવાયા ત્યારે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે તે આવકાર્યા હતા જેમાં ટેસ્ટિંગ લેબોરેટરી અને સ્ટેબલિટી ચેમ્બર સહિતના સુધારાની વાત હતી. આરોગ્ય મંત્રાલય જે શિડયલુ એમ હેઠળ ફાર્માસ્યુટિકલ કંપનીઓને લાવવા માંગે છે તે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના જીએમપી સ્ટાન્ડર્ડ હેઠળ છે. મામલો એવો ગૂંચવાયો છે કે ફાર્માસ્યુટિકલ કંપનીઓ શિડયુલ એમ માટે ડિસેમ્બર ૨૬ સુધીનો સમય માંગે છે. સરકાર જે ક્વોલિટી સ્ટાન્ડર્ડ માંગે છે તે માટે આધુનિક મશીનરી, તેના માટે સ્ટાફની તાલિમ અને મશીનરીને યોગ્ય રીતે કેવી રીતે ચલાવવી વગેરનો સમાવેશ થાય છે. હવે જો આધુનિક મશીનરી ચલાવવી હોય તો સ્ટાફને તાલિમ આપવા સમય પણ આપવો જરૂરી છે. જોકે સરકાર સમય લંબાવવા તૈયાર નથી. એટલે કે શિડયુલ એમ નહીં અપનાવનારના શટર બંધ કરી શકે છે.



## અમેરિકાના વોલ સ્ટ્રીટમાં 5 વર્ષમાં 2 લાખ નોકરીઓ ઘટી જશે

(એજન્સી) નવી દિલ્હી | તા.12

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) હવે દરેક ઉદ્યોગ પર અસર કરી રહ્યું છે, જેની અસર હવે ફાઈનાન્શિયલ સર્વિસ સેક્ટરમાં પણ જોવા મળી શકે છે. જેમ આપણે જાણીએ છીએ કે AI ટેક્નોલોજી સંબંધિત ઘણા કાર્યો ઝડપથી અને સચોટ રીતે કરી શકે છે. જેના કારણે ઘણા લોકો તેમની નોકરી ગુમાવી રહ્યા છે. બ્લૂમબર્ગ ઈન્ટેલિજન્સ અનુસાર, વૈશ્વિક બેન્ક આગામી 3 થી 5 વર્ષમાં 200,000 થી વધુ નોકરીઓ કાપવાની તૈયારીમાં છે. સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે બેન્કના મુખ્ય માહિતી અને તકનીકી અધિકારીઓએ સૂચવ્યું હતું કે તેઓ તેમના કર્મચારીઓની સંખ્યામાં સરેરાશ 3%નો ઘટાડો કરશે. બેક ઓફિસ, મિડલ ઓફિસ અને ઓપરેશન ક્ષેત્ર સૌથી વધુ જોખમમાં છે. તેમજ ગ્રાહક સેવાઓમાં પણ ફેરફાર જોવા મળી શકે છે. AI સિસ્ટમ્સ ઝડપથી મોટી માત્રામાં માહિતીની પ્રક્રિયા કરી શકે છે અને માનવી કરતાં ઘણી વખત ઝડપી ઈનસાઈટ જનરેટ કરી શકે છે. આથી બેક-ઓફિસ, મિડલ-ઓફિસ અને ઓપરેશનલ વિભાગો પર પડશે, જ્યાં નિયમિત અને રિપીટેટીવ કામ કરવામાં આવે છે તેવી નોકરીઓ પર કાપની અસર સૌથી વધુ જોવા મળી શકે છે. ડેટા એનાલિસિસ, ફાઈનાન્સિયલ ટ્રેડ અસેસ્મેન્ટ અને રિસ્ક ઈવેલ્યૂશન જેવી જવાબદારીઓ પ્રભાવિત થઈ શકે છે, કારણ કે AI સિસ્ટમ્સ ઝડપથી મોટી માત્રામાં માહિતીની પ્રક્રિયા કરી શકે છે અને માનવી કરતાં ઘણી વખત ઝડપી ઈનસાઈટ જનરેટ કરી શકે છે.

## 2025માં ભારતીય અર્થવ્યવસ્થા સાધારણ નબળી રહેશે : IMF

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવા માને છે કે વૈશ્વિક વૃદ્ધિ સ્થિર રહેવા છતાં, ભારતીય અર્થતંત્ર ૨૦૨૫ માં 'થોડુંક નબળું' રહી શકે છે. વાર્ષિક બ્રીફિંગમાં, તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક વૃદ્ધિ ૨૦૨૫ માં સ્થિર રહેવાની સંભાવના છે, પરંતુ પ્રાદેશિક તફાવતો હશે. ખાસ કરીને અમેરિકાની વેપાર નીતિને લઈને આ વર્ષે વૈશ્વિક સ્તરે ઘણી અનિશ્ચિતતા રહેશે. ભારતીય અર્થવ્યવસ્થા 'થોડી નબળી' રહેશે. જોકે તેમણે ભારતીય અર્થવ્યવસ્થા 'થોડી નબળી' રહેવા અંગે વધુ વિગતો આપી ન હતી. તેમણે કહ્યું કે આ અંગે વધુ માહિતી વર્લ્ડ ઈકોનોમી આઉટલુક અપડેટ વીકમાં ઉપલબ્ધ થશે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનમાં ડિફ્લેશન દબાણ અને સ્થાનિક માંગમાં સતત પડકારોને જુએ છે. યુએસ અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન કરી રહ્યું છે, યુરોપિયન યુનિયન અમુક અંશે સ્થિરતાનો સામનો કરી રહ્યું છે, અને ભારત થોડી નબળી સ્થિતિમાં છે. બ્રાઝિલ અંગે તેમણે કહ્યું કે ત્યાં મોંઘવારી થોડી ઉંચી રહે છે. ઓછી આવક ધરાવતા દેશો, તેમના તમામ પ્રયત્નો છતાં, એવી પરિસ્થિતિમાં છે જ્યાં કોઈ પણ નવો આંચકો તેમને નોંધપાત્ર રીતે નકારાત્મક અસર કરી શકે છે.




### મિશન એનર્જી ફાઉન્ડેશનના વોટર ઓપ્ટિમાઈઝેશન એવોર્ડ્સ: પાણી સંરક્ષણ માટે 3 એવોર્ડ્સ પ્રાપ્ત થયા

## દેશની અગ્રણી બજાજ ગ્રુપ પાવર પ્લાન્ટ્સ માટે 2025 ની શરૂઆત ઉજ્જવળ રીતે થશે

(એજન્સી) મુંબઇ | તા.12

દેશના અગ્રણી ઔદ્યોગિક ગૃહ બજાજ ગ્રુપ હેઠળના બજાજ એનર્જી અને લલિતપુર પાવર જનરેશન કંપની લિમિટેડ (LPGCL) ને ગોવામાં આયોજિત મિશન એનર્જી ફાઉન્ડેશનના પ્રતિષ્ઠિત વોટર ઓપ્ટિમાઈઝેશન એવોર્ડ્સ- 2025 સમારોહમાં પાણી સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. મિશન એનર્જી ફાઉન્ડેશન દ્વારા આયોજિત, આ પુરસ્કારો અસાધારણ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ દર્શાવતી સંસ્થાઓને સન્માનિત કરે છે. બજાજ ગ્રુપની લલિતપુર પાવર જનરેશન કંપની લિમિટેડને 'બેસ્ટ ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ પ્લાન્ટ ઓફ ધ યર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, જ્યારે બજાજ એનર્જી લિમિટેડ (BEL) ને 'બેસ્ટ વોટર રિયુઝ એન્ડ રિસાયક્લિંગ પ્લાન્ટ ઓફ ધ યર' એવોર્ડ મળ્યો છે. આ નોંધપાત્ર સિદ્ધિઓ ટકાઉ પાણી વ્યવસ્થાપન પ્રથાઓ પ્રત્યે કંપનીઓની નોંધપાત્ર પ્રતિબદ્ધતાનો પુરાવો છે. બજાજ ગ્રુપના ચીફ સસ્ટેનેબિલિટી ઓફિસર ડૉ. એવી સિંહે પ્રખ્યાત રાજકારણી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) ના ભૂતપૂર્વ ડિરેક્ટર આર.એન. જિંદાલ પાસેથી એવોર્ડ સ્વીકાર્યો. આ સિદ્ધિ પર બોલતા, ડૉ. એ. વી. સિંહે કહ્યું, "જળ સંરક્ષણ અને ટકાઉ પ્રથાઓ પ્રત્યેના અમારા પ્રયાસોને માન્યતા આપતા આ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત કરીને અમને ખૂબ જ આનંદ થાય છે. તેમણે કહ્યું કે બજાજ ગ્રુપમાં, અમે અમારા તમામ કાર્યોમાં પર્યાવરણને અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ. આ પુરસ્કારોએ અમને ટકાઉ ભવિષ્ય તરફના અમારા પ્રયાસો ચાલુ રાખવા માટે પ્રેરણા આપી છે. આ પુરસ્કારો જળ સંસાધનોના સંરક્ષણ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે બજાજ એનર્જી અને LPGCL ના સમર્પણને સ્પષ્ટપણે દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે બજાજ એનર્જી ભારતીય બજાજ ગ્રુપ હેઠળ દેશની એક અગ્રણી થર્મલ પાવર ઉત્પાદન કંપની છે. તે ઉત્તર પ્રદેશમાં ખાનગી ક્ષેત્રનો સૌથી મોટો થર્મલ પાવર પ્લાન્ટ ચલાવે છે અને ઉત્તર પ્રદેશ રાજ્યમાં લાખો ઘરોને પ્રકાશિત કરતી તેની નવીન અને ટકાઉ પ્રથાઓ માટે જાણીતું છે.

કંપની રાજ્યમાં છ પાવર પ્લાન્ટ ધરાવે છે જેની સંયુક્ત ક્ષમતા લગભગ 2,500 મેગાવોટ છે, જે રાજ્યની વીજળીની જરૂરિયાતના 10% થી વધુને પૂર્ણ કરે છે. સૌથી મોટું યુનિટ લલિતપુર પાવર જનરેશન કંપની (LPGCL) છે, જે 1,980 મેગાવોટની સ્થાપિત ક્ષમતા ધરાવતું સુપર ક્રિટિકલ યુનિટ છે.




## લોકસભાના સ્પીકરે લંડન સ્થિત અનિલ અગ્રવાલ રિવરસાઈડ સ્ટુડિયો ટ્રસ્ટની લીધી મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી | તા.12

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ 100 વર્ષ જૂના રિવરસાઈડ સ્ટુડિયોને કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે બદલવાના વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલના વિઝનની પ્રશંસા કરી છે. થેમ્સ નદીના ઉત્તર કિનારે આવેલા આ પ્રતિષ્ઠિત ગ્લોબલ સેન્ટર ફોર આર્ટ્સ ખાતે ઉપસ્થિત મેદનીને સંબોધતા બિરલાએ જણાવ્યું હતું કે આ સ્ટુડિયો વિશ્વભરના કલાકારો અને પર્ફોર્મસને એક પ્લેટફોર્મ પૂરું પાડશે. વિવિધ ખંડોમાં કલા, સંસ્કૃતિ અને નવીનતાને જોડતી એક મહત્વપૂર્ણ પહેલમાં વેદાંતા ગ્રુપના સ્થાપક અને ચેરમેન અનિલ અગ્રવાલ હવે આ આઈકોનિક રિવરસાઈડ સ્ટુડિયોના માલિક બન્યા છે. બિરલાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આવા પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ પર કલા અને સંસ્કૃતિને પ્રમોટ કરવાના તેમના પ્રયાસો બદલ હું અનિલ અગ્રવાલનો આભાર માનું છું. વિશ્વભરના કલાકારોને લંડનમાં તેમના વિશ્વની કલા અને સંસ્કૃતિને દર્શાવવા માટેની તક મળશે. રિવરસાઈડ સ્ટુડિયો ટ્રસ્ટ પોતાની પ્રતિભા બતાવવા માટે આવા કલાકારો માટેનું વૈશ્વિક મંચ બનશે. ઓમ બિરલાએ કલા, સંસ્કૃતિ અને નવીનતાના સંયોજનને સરળ રીતે એકીકૃત કરતા પ્રતીકરૂપે રિવરસાઈડ સ્ટુડિયોની વિવિધ દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાનના પ્રતીક તરીકે સરાહના કરી હતી.

### કુલ ઈક્વિટી રોકાણમાં સિંગાપોર, યુએસ અને કેનેડાનો ફાળો ૨૫ ટકાથી વધુ

## ઈ-કોમર્સ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે તેજીને કારણે રિયલ એસ્ટેટ ક્ષેત્રે રોકાણમાં ઝડપી વૃદ્ધિ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ગયા વર્ષે ભારતીય રિયલ એસ્ટેટમાં ૧૧.૪ બિલિયન ડોલરનું ઈક્વિટી રોકાણ આવ્યું હતું. વાર્ષિક ધોરણે આ ૫૪ ટકા વધુ છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું કે ડેવલપર્સ અને સંસ્થાકીય રોકાણકારોએ આમાં સૌથી વધુ રોકાણ કર્યું છે. ઈક્વિટી રોકાણમાં વધારો જમીન સંપાદન તેમજ રિયલ એસ્ટેટના તમામ એસેટ વર્ગોમાં વૃદ્ધિને કારણે થયો છે. આ ક્ષેત્રે સ્થાનિક રોકાણ ટોચ પર રહ્યું છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં કુલ ઈક્વિટી રોકાણમાં તેનો હિસ્સો લગભગ ૭૦ ટકા હતો. ૨૦૨૪માં ભારતીય રિયલ એસ્ટેટમાં કુલ ઈક્વિટી રોકાણમાં સિંગાપોર, યુએસ અને કેનેડાનો ફાળો ૨૫ ટકાથી વધુ છે. ડેવલપર્સે મૂડી પ્રવાહમાં આગેવાની લીધી હતી, જે ૨૦૨૪માં કુલ ઈક્વિટી રોકાણના લગભગ ૪૪ ટકા હિસ્સો ધરાવે છે. આ પછી સંસ્થાકીય રોકાણકારો ૩૬ ટકા, કોર્પોરેશનો ૧૧ ટકા, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ચાર ટકા અને અન્ય કેટેગરીમાં લગભગ પાંચ ટકા હતા. આગામી સમયમાં, ખાસ કરીને ઓફિસ એસેટ અને રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ સાઈટ્સમાં સતત ગતિ જોવાની અપેક્ષા છે. ઈ-કોમર્સ અને ઈન્સ્ટન્ટ કોમર્સ પર વધતું ધ્યાન લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ સેક્ટરમાં મજબૂત વૃદ્ધિ કરશે, વિકાસકર્તાઓ અને રોકાણકારો બંને માટે નવી તકો ઊભી કરશે. એસેટ ક્લાસના સંદર્ભમાં, ૨૦૨૪ માં ઈક્વિટી રોકાણો મુખ્યત્વે જમીન/વિકાસ સાઈટ્સમાં ઠલવાશે, જે કુલ હિસ્સાનો ૩૯ ટકા હિસ્સો ધરાવે છે. આ પછી ઓફિસ સેક્ટરમાં ૩૨ ટકા, રિટેલ સેક્ટરમાં નવ ટકા, રેસિડેન્શિયલ સેક્ટરમાં આઠ ટકા, ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજિસ્ટિક્સમાં છ ટકા, હોટેલમાં બે ટકા અને અન્ય સેક્ટરમાં ચાર ટકાથી વધુ હિસ્સો હતો.



## ઝોમેટો, સ્વીગીની 10મિનિટની ફૂડ ડિલિવરી એપ સામે NRAIનો મોરચો

(એજન્સી) નવી દિલ્હી | તા.12

નેશનલ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઈ) ઝોમેટો અને સ્વીગીની દસ મિનિટમાં ફૂડ ડિલિવરીની એપ સામે હસ્તક્ષેપ કરવા કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ)નો દરવાજો ખખડાવે તેવી શકયતા છે. એનઆરએઆઈએ પહેલાથી જ આ બે ફૂડ ડિલિવરી અને ક્વિક કોમર્સ કંપનીઓ સામે મોરચો માંડયો છે. જે અંગેનો કેસ સીસીઆઈ સમક્ષ ચાલી રહ્યો છે. ઝોમેટોની માલિકીની બ્લિનકિટ અને સ્વીગીએ તાજેતરમાં બ્રિસ્ટો અને સનેક નામથી એપ લોન્ચ કરી છે.એનઆરએઆઈની નવેસરની ફરિયાદ એ વાતને લઈને છે કે, આ ફૂડ ડિલિવરી કંપનીઓ આ એપ પર કોઈપણ રેસ્ટોરન્ટના નામનો ઉલ્લેખ કર્યા વિના માત્ર ફૂડ આઈટ્મ્સના નામ અને ભાવ દર્શાવી ગ્રાહકોને ઉપલબ્ધ કરાવે છે. એટલે કે, ફૂડ ડિલિવરી કંપનીઓ પોતે જ રેસ્ટોરન્ટ સમકક્ષ બની રહી છે, જે મુદ્દે વિરોધ છે. એનઆરએઆઈએ દાવો કર્યો છે કે, ફૂડ ડિલિવરી કંપનીની આ એપ ખાનગી લેબલ સંચાલિત કરવાવાળી કંપનીઓના બરાબર છે. જેથી રેસ્ટોરન્ટ પાર્ટનર્સની ચિંતામાં વધારો થયો છે. રેસ્ટોરન્ટ બોડીના પ્રમુખે જણાવ્યું હતું કે, અમને માન્ય નથી કે, ઝોમેટો અને સ્વીગી પ્રાઈવેટ લેબલનું સંચાનલ કરે. તેમજ અમે બ્લિન્કિટની બ્રિસ્ટો એપ અને સ્વીગીની સનેક એપના માધ્યમથી ક્વિક ફૂડ ડિલિવરીની વિરૂદ્ધમાં છીએ. તેમની પાસે અમારા તમામ ડેટાની એક્સેસ છે.

### અમેરિકાએ ઈરાન તથા રશિયા પર નવા પ્રતિબંધો લાદતાં ઓઈલ સપ્લાય ખોરવાશે

# ક્રૂડ ઉછળી 80 ડોલર, ત્રણ માસની ટોચે : ખાનગીમાં રૂપિયાએ 86ની સપાટી ગુમાવી

(એજન્સી) નવી દિલ્હી | તા.12

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં આગેકૂચ ચાલુ રહી હતી. વિશ્વબજારના સમાચાર પ્રોત્સાહક હતા. વૈશ્વિક સોનું ઉછળી ઉંચામાં ઔંશના ૨૭૦૦ ડોલર નજીક પહોંચ્યું હતું. વિશ્વબજારમાં સોનાના ભાવ ૨૬૭૯થી ૨૬૮૦ વાળા વધી ૨૬૯૮થી ૨૬૯૯ થઈ છેલ્લે સપ્તાહના અંતે ૨૬૮૯થી ૨૬૯૦ ડોલર રહ્યા હતા. ફંડો એકટીવ હતા. ક્રૂડતેલ ઉછળતાં વૈશ્વિક સોના પર તેની પોઝીટીવ અસર દેખાઈ હતી. દરમિયાન, ઘરઆંગણેર કરન્સીમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૫.૯૬ વાળા વધુ વધી રૂ.૮૬ પાર કરી રૂ.૮૬.૧૬થી ૮૬.૧૭ સુધી બોલાયાના નિર્દેશો હતા. આ જોતાં સોમવારે ખુલતી બજારે ડોલરના ભાવ ઉંચા ખુલવાની શક્યતા જાણકારો બતાવતા હતા. વિશ્વબજાર વધતાં તથા ઘરઆંગણે રૂપિયો નબળો પડતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી ગયાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે બંધ બજારે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૭૭૦૬ વાળા રૂ.૭૭૮૦૦ જ્યારે ૯૯.૯૦ના રૂ.૭૮૦૧૮ વાળા રૂ.૭૮૧૦૦ બોલાઈ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૯૦૨૬૮ વાળા રૂ.૯૦૩૫૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૩૦.૩૨ વાળા વધી ૩૦.૬૬ થઈ છેલ્લે ૩૦.૪૦થી ૩૦.૪૧ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ૯૬૨ વાળા ૯૭૧ થઈ ૯૬૫થી ૯૬૬ ડોલર બોલાઈ રહ્યા હતા.પેલેડીયમના ભાવ ૯૫૦ વાળા વધી ૯૬૩ થઈ ૯૫૧થી ૯૫૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવવધતા અટકી છેલ્લે ૦.૧૩ ટકા નરમ રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે ચાંદીના ભાવ કિલોના રૂ.૯૧૦૦૦ના મથાળે જળવાઈ રહ્યા હતા. જ્યારે અમદાવાદ સોનાના ભાવ [illegible] અટકી રૂ.૨૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૮૦૧૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૦૩૦૦ રહ્યા હતા. કમુરતા તથા ઉંચા ભાવના પગલે બજારમાં નવી માગ ધીમી રહી હતી. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજી આગળ વધી હતી. અમેરિકાએ ઈરાન તથા રશિયા પર નવા અંકુશો જાહેર કર્યાના સમાચાર હતા. આના પગલે વિશ્વબજારમાં રશિયા તથા ઈરાનનું ઓઈલ ઓછું આવવાની શક્યતા સર્જાઈ છે. વૈશ્વિક ભાવ વધી ત્રણ મહિનાની ટોચે પહોંચ્યા હતા. વૈશ્વિક સ્તરે વિન્ટરના પગલે હિટીંગ ઓઈલની ડિમાન્ડર પણ વધ્યાના વાવડ હતા. વિશ્વબજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૯.૩૬ વાળા વધી ૮૦.૭૫ થઈ છેલ્લે ૭૯.૭૬ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૭૭.૮૬ થઈ ૭૬.૫૭ ડોલર રહ્યા હતા. ભારતમાં રશિયા ખાતે થતી ક્રૂડની આયાત ઘટી બાર મહિનાના તળીયે ઉતરી જતાં તેની સામે ઈરાક તથા યુનાઈટેડ આરબ અમિરાતના દેશોમાંથી ભારતમાં ક્રૂડની આયાત વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી.




# ભારતીય શેર બજારમાં મંદીના ભણકારા...??

(એજન્સી) નવી દિલ્હી | તા.12

વિતેલા સપ્તાહમાં મહત્વના સૂચકાંકો જેમ કે નિફ્ટી 50, સેન્સેક્સ તથા નિફ્ટી બેંક મહત્વના સપોર્ટ પર આવી ગયા છે જે તૂટીને નીચે બંધ આવે તો મંદીની એંધાણી કહી શકાય, એમાં પણ નિફ્ટી બેંકે તો એના અગત્યના સપોર્ટ ને તોડીને સાપ્તાહિક બંધ એની નીચે આપી દીધો છે, છેલ્લા કેટલાક સપ્તાહ થી બજાર લોઅર લો લોઅર હાઈ ની પેટર્ન માં ચાલી રહ્યું છે જે ડાઉ થિયરી મુજબ ચોથો સ્ટેજ શરુ થયો હોય એવું વર્તાઈ રહ્યું છે જેને ટૂંકા થી મધ્યમ ગાળા માટે ડાઉન ટ્રેન્ડ કહી શકાય, ફેરેન ફંડોની અવિરત વેચવાલીને પગલે સતત ફેરેક્સ રિઝર્વમાં ઘટાડો આવવો તથા અમેરિકી ડોલર નિત નવા ઉપરના સ્તરને પાર કરી 85.96ના સ્તરે પોહચી ગયો છે જે લાંબે ગાળે ફુગાવાને આમન્ત્રી શકે છે, એ સિવાય રિટેલ ઈન્વેસ્ટરો આઈપીઓમાં લિસ્ટિંગ ગેઈન કમાવાના ચક્કરમાં ઈક્વિટીમાં રોકાણ થી અળગા રહીને કેશ ઓન હેન્ડ રાખી રહ્યાં છે. હમણાના તાઝા સર્વેમાં ગુજરાત તથા મુંબઈ આઈપીઓની અરજીઓમાં પ્રથમ બે નંબર પર આવ્યા હતા એ પરથી સમજી શકાય છે કે રિટેલ ઈન્વેસ્ટર્સનું ઈક્વિટીમાં પાર્ટીસીપેશન કેટલું ઘટ્યું છે, આ સિવાય ગ્લોબલ પરિબળો સતત નકારાત્મક અહેવાલો આપી રહ્યા છે, તથા અગાઉના અંકમાં ધ્યાન દોર્યા મુજબ જો એફએમસીજીમાં પ્રોડ્ક્ટસની ખપતમાં ઘટાડો આવ્યો હોય તો એ ઈકોનોમી માટે ખતરાની ઘટી સમાન છે, આવા બધા પરિબળોને ચાલતા આવનારા સપ્તાહમાં પણ નીચે તરફની ચાલ ચાલુ રહે એવી વકી છે, હાલની બજારની ચાલ પર થી એવું વરતાઈ રહ્યું છે કે બજેટ સામાન્ય રહેશે એટલે કે હાલ પૂરતું બજેટને લગતા સેક્ટર્સ જેવા કે ફર્ટીલાઈસર, રેલવે તથા અગ્રિકલચર ના સ્ટોક થી દૂર રેહવું જ હિતાવહ છે... Nifty 50(બંધ ભાવ 23431):- આ સપ્તાહમાં દરમ્યાન નિફ્ટી50 સાપ્તાહિક 745 પોઈન્ટ્સની વધઘટ બાદ 573 પોઈંટ્સના ઘટાડા સાથે બંધ રહ્યી હતી, નિફ્ટી50 આ સપ્તાહમાં 50વીક ની મુવિંગ એવેરેજના સપોર્ટ પર બંધ આવી છે એટલે કે 23440 -23400 જે એના સપોર્ટ એરિયા છે, પરંતુ દૈનિક ચાર્ટ પર 200 દિવસની મુવિંગ એવરેજ ની નીચે ટ્રેડ કરે છે, હવે 23200 એ મેક ઓર બ્રેક લેવલ છેએની નીચે 22800 સુધીના સ્તરો જોવાય, તથા ઉપરમાં 23780-24000 અગત્યના અવરોધ રહેશે... Nifty Bank (બંધ ભાવ 48734):- આ સપ્તાહ દરમ્યાન નિફ્ટી બેંક સાપ્તાહિક 2395 પોઈન્ટ્સની વધઘટ બાદ 2254 પોઈંટ્સના મોટા કડાકા સાથે બંધ રહ્યી હતી, આ સપ્તાહમાં નિફ્ટી બેંક એના અગત્યના બધા જ સપોર્ટ તોડીને એની નીચે બંધ આવી છે જે ઘણું જ નકારત્મક કહી શકાય, જેમાં એચડીએફસી બેંક સવા પાંચ ટકાના ઘટાડે બેંક નિફ્ટીતળિયે બેસી હતી, નવા સપ્તાહમાં 48200-48000 મેક ઓર બ્રેક લેવલ છે એની નીચે 46500 સુધીના સ્તરો જોવા મળે એવી વકી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-14

# મેળ વગરનું ગઠબંધન



જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાનું એ કથન વિપક્ષી ગઠબંધનના ઘટકો વચ્ચેની ખાઈને રેખાંકિત કરે છે કે, આઈએનડીઆઈએને ભંગ કરી દેવું જોઈએ. તેઓએ આ ટીપ્પણી આઈએનડીઆઈએના નેતાઓના તે નિવેદનના સંદર્ભમાં કરી કે ગઠબંધ તો ફક્ત લોકસભા ચૂંટણી માટે જ હતું. નિ:સંદેહ આ નિવેદન દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની વચ્ચે સર્જાતી ખાઈને અનદેખી કરવાના ઈરાદે કરાયું હતું. જો કે સૌ જાણે છે કે લોકસભા ચૂંટણી બાદ આઈએનડીઆઈએના ઘટકોએ જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડી હતી. હરિયાણા તેમાં અપવાદ રહ્યું હતું. કારણ કે કોંગ્રેસે આમ આદમી પાર્ટી સાથે મળીને ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો હતો. આ જ કામ આપ પાર્ટીએ દિલ્હીમાં કર્યુ, કારણ કે તે રાજધાનીને પોતાનો ગઢ માને છે. કોંગ્રેસ પણ દિલ્હીની પોતાની રાજનીતિક જમીન છોડવા તૈયાર નથી. કારણ કે તેણે લાંબા સમય સુધી અહીં શાસન કર્યુ હતું. કોંગ્રેસ એ પણ જાણે છે કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી પ્રત્યે કોઈપણ પ્રકારનું નરમ વલણ દાખવવામાં આવશે તો તે પોતાની બચેલી રાજનીતિક જમીન પણ ગૂમાવી દેશે, જે પ્રકારે અન્ય રાજયોમાં જોવા મળ્યું હતું. એ પણ એક તથ્ય છે કે આઈએનડીઆઈએના મોટાભાગના ઘટક કોંગ્રેસની મત બેંક પર કબજો કરીને ઉભર્યા છે. જો કોંગ્રેસ ગઠબંધન ધર્મના નામ પર સહયોગી દળો માટે મેદાન ખાલી કરતું રહેશે તો જે થોડા ઘણા રાજયોમાં તેની પ્રભાવી ઉપસ્થિતિ છે ત્યાં પણ કમજોર પડી શકે છે. આઈએનડીઆઈએનાઘટક દળ એ વાતથી પણ પરિચિત છે કે જો તેઓએ પોતાના ગઢ વિસ્તારમાં કોંગ્રેસ પ્રત્યે ઉદારતા દાખવી તો તેમની મત બેંકને કોંગ્રેસ પોતાની તરફે કરી શકે છે, જે અગાઉ આ દળોએ કોંગ્રેસ પાસેથી ખૂંચવી લીધી હતી. વાસ્તવમાં આ વિરોધાભાસના કારણે આઈએનડીઆઈએ એક મેળ વગરનું ગઠબંધન છે. એમ સમજવું જોઈએ કે કોંગ્રેસ અને તેના સાથી દળો એક-બીજાના સ્વાભાવિક સહયોગી નથી. તેઓ વચ્ચેની ભાગીદારી માત્ર ભાજપને હરાવવા માટેની છે. કારણ કે તે સિવાય આ ગઠબંધન પાસે અન્ય કોઈ નકકર ઉદ્દેશ નથી. આથી જ તેઓ વચ્ચે કોઈ નીતિગત સ્પષ્ટતા પણ નથી. સ્પષ્ટતાના અભાવની વચ્ચે આઈએનડીઆઈએ પોતાના માટે કોઈ ન્યુનતમ કાર્યક્રમ તૈયાર કરી શકયું નથી. આગામી સમયમાં તેના અણસાર પણ નથી. કારણ કે હવે નેતૃત્વને લઈને ખેંચતાણ શરુ થઈ ચૂકી છે. આગામી દિવસોમાં આઈએનડીઆઈએમાં મતમતાંતર વધુ વધવા સાથે અગાઉના સમયના વિપક્ષી ગઠબંધનો જેવી સ્થિતિ પણ સર્જાઇ શકે છે. ભૂતકાળમાં ત્રીજા કે ચોથા મોરચાના નામ પર અનેકવાર વિપક્ષી એકતાના પ્રયાસો થયા હતા. પરંતુ તેઓ એક સીમાથી આગળ વધી શકયા નહતા. કોઈપણ ગઠબંધનની સફળતા માટે એ જરુરી છે કે નેતૃત્વ કરનાર દળનું પ્રભુત્વ હોય, જે આઈએનડીઆઈએમાં નથી.

## ગોરા એકલવ્ય મોડેલ સ્કૂલમાં ધો.6 મા અભ્યાસ કરતા બાળકે હોટેલ રૂમ માં ફાંસો ખાઈ લેતા મોત

ભરત શાહ, નર્મદા | તિલકવાડા તાલુકાના રૂપપુરા ગામના બાળકે હોસ્ટેલ માં ફાંસો ખાઈ જીવન નો અંત આણતા પોલીસે તપાસ હાથ ધરી છે. વિક્રમકુમાર વિનયકુમાર સિંગ નોકરી (વોર્ડન) હાલ રહે-બોયઝ હોસ્ટેલ એકલવ્ય મોડેલ સ્કૂલ ગોરા કોલોની નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ યુવરાજભાઈ રામાભાઈ તડવી ઉ.વ.૧૧ રહે. રૂપપુરા તા.તિલકવાડા જિ.નર્મદા એ તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ ગોરા એકલવ્ય મોડેલ સ્કૂલમાં ધો.૬ મા અભ્યાસ કરતો હોય અને તે હોસ્ટેલમાં ન રહેવા બાબતે રડતો હતો તેને સમજાવીને હોસ્ટેલના રૂમમાં મોકલેલ તે દરમ્યાન હોસ્ટેલના રૂમની બારીની ગ્રીલ ઉપર દોરી બાંધી ને ગળે ફાંસો ખાઈ લેતા સારવાર માટે જતા ફરજ પરના ડોક્ટર એ તેને મૃત જાહેર કર્યો હતો.

# અંબાજીમાં શિક્ષણ કર્મચારી મહામંડળનું અધિવેશન

### ખાતાકીય પરીક્ષા રદ કરવા સહિત અનેક માંગણીઓ રજૂ કરાઈ, શિક્ષણમંત્રીએ આપી સહમતી

માહિતી બ્યુરો | પાલનપુર

રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે શૈક્ષણિક અને વહીવટી અધિવેશનનું આયોજન કરાયું હતું. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મંડળનું ૧૭મું વહીવટી અધિવેશન (વર્ગ-૩) તથા ૮મું વહીવટી અધિવેશન (વર્ગ-૪)નું આયોજન કરાયું હતું.

આ અધિવેશનમાં શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શિક્ષણ વિભાગ હેઠળ અનેક પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું છે, જેમાં વર્ગ ૪ના કર્મચારીઓનું વર્ગ ૩માં નિયમિત રીતે પ્રમોશન મળે તે દિશામાં સરકારે કામ કર્યું છે. અંદાજે ૪૧૮ જેટલા વર્ગ ૪ના કર્મચારીઓને વર્ગ ૩માં પ્રમોશન આપવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગ




હેઠળ નીતિ વિષયક બાબતોનું નિરાકરણ લાવવા માટે સરકારનું હકારાત્મક વલણ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાયેલ પરીક્ષા 'પે ચર્ચા' કાર્યક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે મંત્રીશ્રીએ અપીલ કરી હતી તેમજ આગામી બોર્ડની પરીક્ષા માટે તેમણે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અધિવેશનમાં મંત્રીશ્રી અને મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય સહિત વિદ્યાર્થીનીઓ દ્વારા ' મા તેરે ચરણોમાં શિશ ઝૂકાતે હૈ' પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન સર્વોદય સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી સોમાભાઈ ડી મોદી અને વિજાપુર ધારાસભ્યશ્રી ડો.શ્રી.સી.જે ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં પ્રમુખશ્રી ગુ.રા કર્મચારી મંડળ, પ્રમુખશ્રી ગુ.રા શાળા સંચાલક મહામંડળ, પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, પ્રમુખશ્રી ગુ.રા ઉ.મા.શિક્ષણ સંઘ મહામંડળ, પ્રમુખ શ્રી ગુ.રા.મા.શિ.સંઘ મહામંડળ, સરકાર નિયુક્ત બોર્ડના સદસ્યશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા વહીવટી કર્મચારીસંઘ મહામંડળના પ્રમુખશ્રી, અધ્યક્ષશ્રી, ઉપ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રી, સંગઠન મંત્રીશ્રીઓ સહિત તમામ ઘટક સંઘોના પ્રમુખશ્રીઓ અને મહા મંત્રીશ્રીઓ હાજર રહ્યા હતા.

## છોટા ઉદેપુરનો વધુ એક બ્રિજ જર્જરિત, પુલ તૂટી પડે તેવી દહેશત

(એજન્સી) છોટા ઉદેપુર | તા.12

છોટા ઉદેપુર કેટલાક પુલ લગભગ 50 વર્ષ કરતા પણ જુના છે, જેની સમય મર્યાદા પણ પૂરી થઈ ગઈ છે. ગત ચોમાસામાં શિહોદ ભારજ નદી પરનો પુલ તુટી જતાં જિલ્લો બે ભાગમાં વહેંચાઈ ગયો છે અને જિલ્લાની જનતાને દરરોજ ફરીને ઘરે જવાનો વારો આવી રહ્યો છે. જેને લઈને જિલ્લાની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ત્યારે હવે વધુ એક પુલના પિલ્લર જર્જરિત બન્યા છે અને તેના પિલર પણ જમીનથી છૂટા પડી રહ્યા હોવાનું દેખાય રહ્યું છે. છોટા ઉદેપુરથી કવાંટને જોડતો જિલ્લા પંચાયત કચેરીની બાજુમાં આવેલી ઓરસંગ નદી પરનો પુલ અત્યારે જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યો છે. આ પુલના પોપળા પણ ખરી રહ્યા છે. ત્યારે આ પુલનો જિલ્લા પંચાયત કચેરી તરફનો 9 નંબરનો પિલર જમીનથી છૂટો પડી રહ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે.

### કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના નેતૃત્વમાં...

## નેહરુ યુવા કેન્દ્રના યુવા આદાન-પ્રદાન અને 'વતન કો જાનો' અંતર્ગત યોજાયેલો નર્મદા જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

ભરત શાહ | નર્મદા

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર અને માય ભારત દ્વારા તા.૬થી ૧૧ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન સુરતમાં કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેના ભાગરૂપે નેહરૂ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા તા.૧૦મી જાન્યુઆરીને શુક્રવારના રોજ આ કાશ્મીરી યુવા ડેલીગેસન માટે સ્ટેચ્યુ ઑફ યુનિટી સહિત નર્મદા જિલ્લાનો એક દિવસીય પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો.

કાશ્મીરથી આ ટૂરમાં સામેલ થયેલા ૬ જિલ્લાના ૧૨૦ યુવક - યુવતીઓ અને ૧૨ ટીમ લિડર મળી કુલ ૧૩૨ યુવા ડેલીગેશન સુરત ખાતેથી નર્મદા જિલ્લાના સહકાર ભવન-એકતાનગર ખાતે આવી પહોંચતા છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ ભિમસિંહભાઈ તડવીની ઉપસ્થિતિમાં સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો હતો.

આ વેળાએ ટુરમાં સામેલ કાશ્મીરી યુવક - યુવતીઓએ ગુજરાત પ્રવાસ દરમિયાન પ્રત્યક્ષ નિહાળેલા વિકાસની ભારોભાર પ્રશંસા કરી શાંતિ અને સુરક્ષાની થયેલી અનુભૂતિને ભારોભાર વખાણી હતી. સંગોષ્ઠી બાદ આ ડેલીગેશન જંગલ સફારી પાર્ક અને સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે પહોચ્યું હતું. એક ભારત શ્રેષ્ઠ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નીહાળી કાશ્મીરી યુવક યુવતીઓનું ડેલિગેશન અભિભૂત થયું હતું અને સ્ટેચ્યુ ઑફ



યુનિટીના નિર્માણના ઈજનેરી કૌશલ્યને બિરદાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, માય ભારત-સુરત તેમજ નેહરુ યુવા કેન્દ્ર-સુરત (યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય) દ્વારા આયોજિત કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું આયોજન શ્રી બદ્રીનારાયણ મંદિર, અડાજણ, સુરત ખાતે તારીખ ૦૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આયોજન કરાયું છે.

એકતાનગર ખાતે યોજાયેલા સંગોષ્ઠી કાર્યક્રમમાં નાંદોદના પ્રાંત અધિકારી ડૉ. કિશનદાન ગઢવી, જિલ્લાના અગ્રણી વિક્રમભાઈ તડવી, મહિલા અગ્રણી જયશ્રીબેન ધામેલ, નહેરુ યુવા કેન્દ્રના જિલ્લા યુવા વિકાસ અધિકારી સચિન શર્મા, જિલ્લા રમત વિકાસ અધિકારી દિનેશભાઈ ભીલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી દિલીપ દેસાઈ સહિત પદાધિકારીઓ અને નેહરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યાં હતા.

## અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નખત્રાણા ખાતે સાયન્સ એકઝીબિશન યોજાયું



### 40 થી પણ વધુ કૃતિ નિહાળી વાલીઓ થયા રોમાંચિત


મહેશ એલ.સોની | નખત્રાણા

તા ૧૧ / ૧/૨૦૨૫ ના રોજ અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નખત્રાણાનાં બાળકો દ્વારા સ્કૂલ પ્રાંગણ માં સાયન્સ એક્ઝીબિશન નું ભવ્ય આયોજન શાળા મેનેજમેન્ટનાં પૂર્ણ સહકાર થી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને મુખ્ય મહેમાન નખત્રાણા બ્રહ્મા કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય નાં કિરણ દીદી અને ટીના એ રીબીન કાપી ખુલ્લો મુકયો હતો. તેમની સાથે સ્કૂલના મેનેજર સી. ગ્લિતીના, પ્રિન્સિપાલ સી. સ્મિથા, સી. સેલીન, સી. અનીજા, સી. ટીશા તેમજ સી. ઐશ્વર્યા રહ્યા હતા. બ્રહ્માકુમારી કિરણ દીદી તેમજ ટીના દીદીને શાળાના બાળકો એ સ્કૂલ બેન્ડ થી આવકાર આપ્યો હતો. શાળા મેનેજમેન્ટ દ્વારા કિરણ દીદી અને ટીના દીદીનું શાલ અને પુષ્પ ગુચ્છ આપી સ્કૂલનાં પ્રિન્સીપાલ સિ.સમીથા અને સિ. અનીજા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી ટીના દીદીએ બાળકોને ધ્યાન ની સમજ અને શિખામણ આપી. બ્રહ્મા કુમારી કિરણ દ્વારા આજના સમય માં મન શાંત કઈ રીતે રહી શકે અને તેની શિક્ષણમાં શું ઉપયોગિતા છે તે વિશેની સમજાવ્યું હતું. સ્કૂલ નાં પ્રિન્સીપાલ સી.સ્મીથા દ્વારા પ્રાસંગિક ઉદબોધન માં આજનાં સમયે વિજ્ઞાનનુ મહત્વ સમજાવી તેનાં પર પ્રકાશ પાડ્યો હતો.

## કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના મહિલા અધ્યક્ષ બનતા શ્રીમતી હંસાબેન ચાવડા

મહેશ એલ.સોની | નખત્રાણા

કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળ કચ્છમાં સંગઠન વિસ્તાર તરફ આગળ વધી રહ્યો છે. સેવાદળના સંગઠન વિસ્તાર માટે કચ્છ પરિક્રમાનું અયોજન કરાયું છે. જેમાં કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળની તમામ પાંખો તાલુકા કક્ષાએ થી લઈ જિલ્લા ક્ક્ષાએ મજબૂત કરવામાં આવી રહી છે. તારીખ ૧૦/૧/૨૦૨૫ ના મોરબી ખાતે મળેલ સૌરાષ્ટ્ર કચ્છ ઝોનની કારોબારી મિટિંગ તેમજ સ્નેહમિલન સમારોહમાં ભારતિય રાષ્ટ્રિય સેવાદળ ના



અધ્યક્ષ લાલજી ભાઈ દેસાઈના આદેશ થી તેમજ ગુજરાત સેવાદળના અધ્યક્ષ પ્રગતિ બેન આહિર ની સૂચનાથી તેમજ કચ્છ સૌરાષ્ટ્ર ઝોન ના ઉપ પ્રમુખ રમેશ ભાઈ ઝારિયાની ભલામણથી હંસાબેન ચાવડાને કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના મહિલા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

# કેવડિયાના ગણપત તડવી બીજીવાર હાઈ ટેન્શન લાઈન પર ચઢી વિરોધ નોંધાવ્યો

ભરત શાહ | નર્મદા

નર્મદા બંધ અને SOU ના પ્રોજેક્ટોમાં સંપાદિત થયેલ જમીનના વળતર બાબતે કેવડિયા એકતાનગર માં ટાવર પર ચઢી વિરોધ નોંધાવવાના કિસ્સા વધતા જાય છે. ત્યારે તંત્ર દ્વારા મોબાઈલ ટાવર પર પ્રોટેક્શન કરી દેતા હવે કેવડિયા ગામના ગણપત વસાવા હાઈટેશન લાઈન પર ચઢી વિરોધ નોંધાવ્યો હતો. તંત્ર એ ફરી આશ્વાશન આપી નીચે ઉતાર્યો હતો.

અગાઉ પણ કેવડિયા BSNL ના ટાવર પર ચઢી પોતાની માંગણી રજુ કરનાર કેવડિયાના ગણપત તડવી ને વહીવટી તંત્રે આશ્વાશન આપી જરૂરી કાગળ રજુ કરવા જણાવ્યું હતું ત્યાર બાદ પોતે બે મહિનાથી ધક્કા ખાઈ કંટાળી ફરી ટાવર ઉપર ચઢી ને વિરોધ કરવા મજબૂર બન્યા હોવાની રજૂઆતનો વિડીયો વાયરલ કરતા કેવડિયા પોલીસ ને જાણ થતા પોલીસ તરત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. લગભગ 7વાગ્યાની વાત થી 1 વગ્યા સુધી નીચે સજાવટ કરી ઉતારી દેવતા મામલો થાળે પડ્યો હતો. આ મામલે નાંદોદ પ્રાંત અધિકારી કિશાનદાન ઘઢવી, એ.એસ.પી. લોકેશ યાદવ સહીત વહીવટી તંત્રની ટીમો ત્યાં પહોંચી હતી. જેમાં ગણપત તડવી



નું કહેવું છે કે મારી 42 એકર જમીન નું વળતર આપવામાં આવતું નથી પહેલા જ્યારે વિરોધ નોંધાવ્યો ત્યારે આશ્વાશન આપી દીધું બાદમાં કચેરીના ધક્કા ખવડાવ્યા એટલે હજુ પણ વળતર નહી મળતા આ વિરોધ નોંધાવવા હાઈ ટેન્શન ની લાઈન પર ચઢી વિરોધ કર્યો હતો. જોકે સરકાર દ્વારા તેનું વળતર મંજુર થઈ ગયું છે અને તેઓ પેઢીનામું અને જમીનના જેટલાના નામો છે તે તમામ ના સંમતિપત્રો આપે એટલે વળતર મળી જશે તેવી તંત્ર દ્વારા પણ તૈયારી કરી દેવામાં આવી છે.

## ટીબી ગામે આંગણવાડી બહેનો દ્વારા પોષણ ઉડાન 2025 કાર્યક્રમ યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના ટીબી ગામે આંગણવાડી બહેનો તથા અમરેલી જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી તથા જાફરાબાદ સીડીપીઓશ્રી રેખા બેન ના માર્ગદર્શન હેઠળ ટીંબી સેજા કક્ષાનો પોષણ ઉત્સવ ૨૦૨૪ તથા પોષણ ઉડાન ૨૦૨૫ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

ટેક હોમ રાશન અને મીશ્ર અન માંથી બનતી પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ જેમાં આંગણવાડી મારફતે વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન (માતૃશક્તિ. બાલ શક્તિ અને પૂર્ણશક્તિ) તેમજ સરગવો જેવા પૌષ્ટિક ખાધ પદાર્થો મદદથી પૌષ્ટિક વાનગીઓ તેમજ અન્ન જેમાં જુવાર બાજરી કાંગ બંટી કોદરી રાગી મોરૈયા વગેરે જેવા ભારતીય પરમ પરાગત ના ધનધાન્ય વિવિધ વાનગીઓ ની બનાવીને લોક જાગૃતિના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા આ ઉજવણી નો હેતુ કુપોષણ થકી દેશના બાળકો કિશોરીઓ અને મહિલાઓને સ્વસ્થ અને સશક્ત બનાવવાનો છે જેમાં લાભાર્થી તથા કાર્યકર/તેડગર બહેનો તેમજ કિશોરી દ્વારા THR માંથી અને મિલેટ્સમાંથી અલગ અલગ 60 વાનગી બનાવવામાં આવી તે વાનગી માં ૧ થી ૩ નંબર આપવામાં આવ્યા અને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા સાથે પોષણ ઉડાન કાર્યક્રમ અંતર્ગત પતંગો બનાવી તેમાં પોષણ સૂત્રો લખી ઉડાડવામાં આવી કિશોરી ને લીંબુ ચમચી રમત રમાડવામાં આવી વિટામિન c વિશે જાગૃતતા કેળવવા સ્ટોલ બનાવવામાં આવ્યા.આ પોષણ ઉત્સવ ઊજવવા ટીંબી ગામના સરપંચશ્રી, મેડિકલ ઓફિસર શ્રી નકુમ, સી.ડી.પી.ઓ. શ્રી રેખાબેન તેમજ આરોગ્ય સ્ટાફ તાલુકા, ઉપ સરપંચશ્રી તુષાર દાદા . હેમંત ત્રિવેદી અને કર્મચારી શ્રી, તાલુકા સ્ટાફ, મુખ્યસેવિકાશ્રી, પી. એસ. ઈ, અને એન.એન.એમ સ્ટાફ,આ.વા.કાર્યકર/તેડાગર બહેનો, લાભાર્થી, કિશોરી બાળકો બોહળી સંખ્યામાં હાજર રહ્યા. પોષણ ઉત્સવ -૨૦૨૪ પોષણ ઉડાન ૨૦૨૫ ખુબજ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો.

## ઉતરાયણમાં નર્મદા જિલ્લાની 15 જેટલી 108 એમ્બ્યુલન્સ સેવા ખડે પગે તૈનાત

ભરત શાહ | નર્મદા

ઉતરાયણનો તહેવાર 14 અને 15 મી જાન્યુઆરી એમ બે દિવસ ઉજવવામાં આવે છે. છેલ્લા ચાર થી પાંચ વર્ષના મળેલ આંકડાઓ મુજબ ઉત્સવ દરમિયાન છત ઉપર મોટી ભીડ અને અને માર્ગ ઉપર ટ્રાફિકને કારણે ઇમરજન્સીમાં વધારો થતો જોવા મળે છે. આ ઈમરજન્સીને પહોંચી વળવા નર્મદા 108 ઈમરજન્સી મેડિકલ સર્વિસ 14 અને 15 જાન્યુઆરી એમ બે દિવસ અપેક્ષિત ઈમરજન્સીના વધારાને યોગ્ય રીતે પ્રતિસાદ આપવા માટે સજ્જ છે. પાછલા વર્ષોની માહિતીના આધારે, ગુજરાતમાં 14 જાન્યુઆરી 2025 ના રોજ આશરે 28.96 ટકા અને 15 મી જાન્યુઆરી 2025 ના રોજ આશરે 19.80% જેટલા ઈમરજન્સી કોલ્સમાં વધારો નોંધાવાની શક્યતા છે. સામાન્ય દિવસોમાં આશરે 3809 જેટલા કોલ્સ નોંધાય છે જે 14 મી જાન્યુઆરી 2025 એટલે કે ઉતરાણના દિવસે આશરે 4912 અને 15 મી જાન્યુઆરી 2025 એટલે કે ઉત્તરાયણના બીજા દિવસે એટલે કે વાસી ઉત્તરાયણના રોજ 4912 જેટલા કેસમાં વધારો નોંધાવાની શક્યતા છે. ઉતરાયણનો ઉત્સવ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. આ સાથે આ ઉત્સવ દરમિયાન ખાસ કરીને માર્ગ અકસ્માતના કેસો, ટ્રોમા નોનવેહિક્યુલર જેવા કે પડી જવાના, શારીરિક હુમલા અને માનવમાં દોરીથી કપાઈ જવાના કેસો વધુ હોય છે. આ તહેવારમાં સુરક્ષા એ પ્રાથમિકતા છે અને તમામ નાગરિકોને જવાબદારી પૂર્વક ઉતરાણની ઉજવણી કરવા વિનંતી કરવામાં આવે છે.

### ઉત્તરાયણ પહેલા પેચ લડાવતા પતંગ રસિયાઓ

## રવિવારે દિવસે લાઈટો ની આવન જાવન ચાલુ રહેતા વીજ કર્મચારીઓની દોડધામ



ભરત શાહ, નર્મદા | નર્મદા જિલ્લા સહિત રાજપીપળા શહેર માં ઉત્તરાયણ પર્વ ને લઈ લોકો પતંગ ઉડાડવા ઉત્સુક છે અને ત્રણ દિવસ પહેલા એટલેકે આજે રવિવાર થી જ લોકો પોતાના ધાબા પર પતંગ ચકાવતા હોવાથી રાજપીપળા માં લાઈટ ની આવન જાવન જોવા મળી હતી અને લાઈટ ચાલુ કરવા માટે વીજ કંપની ની ટીમો કામે લાગતા ગણતરી ની મિનિટો માં લાઈટ આવી જતા લોકો હેરાન થયા ન હતા જોકે હજુ 14 અને 15 જાન્યુઆરી ના દિવસે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ માં વધુ પતંગો ઉડશે માટે વીજ કંપની દ્વારા લાઇન મેનો ની ટીમો બનાવી અલગ અલગ વિસ્તારો માં તૈનાત કરી લાઈટ જતા જ આ કર્મચારીઓ કામે લાગશે અને લોકો ને ખાસ કોઈ તકલીફ નહી પડે એ માટેનું ધ્યાન રાખશે. આમ રાજપીપળા વીજ કંપની દ્વારા લોકો ને લાઈટ બાબતે કોઈ તકલીફ ના પડે તે માટે ખાસ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.

## શિક્ષણ મંત્રીએ બનાસકાંઠા જિલ્લાની વિવિધ શાળાઓની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો



### સરકારશ્રીની "નમો સરસ્વતી" અને "નમો લક્ષ્મી" યોજના વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા

માહિતી બ્યુરો | પાલનપુર

રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે આજે બનાસકાંઠાના અંબાજી ખાતે વિવિધ શાળાઓની મુલાકાત લીધી હતી. એમણે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ, કન્યા સાક્ષરતા નિવાસી શાળા તથા બી.ડી.મહેતા કન્યા વિદ્યાલયની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

મંત્રીશ્રીએ શાળાઓમાં સંચાલિત મધ્યાહન ભોજન યોજના સહિત સ્કુલના વધુ વિકાસ માટે લાગણીસભર ચકાસણી કરી હતી. તેમણે સ્કોલરશીપ યોજના 'નમો સરસ્વતી' અને 'નમો લક્ષ્મી' અંગે પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી જેથી કરીને વિદ્યાર્થીઓને આ યોજનાઓના લાભો વિશે વધુ માહિતી મળી શકે. આ ઉપરાંત, કન્યા નિવાસી શાળા, અંબાજી ખાતે મંત્રીશ્રીએ વાલીઓને સરકારશ્રીની વિવિધ સહાય યોજનાઓના લાભ વિશે માહિતી આપી હતી.

આ મુલાકાત દરમિયાન શિક્ષણ મંત્રીશ્રીએ શ્રેષ્ઠ શિક્ષણ માટે રાજ્યના દરેક ખૂણામાં યોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

## અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સિનિયર સિટીઝન માટે પ્રતિક્ષા કક્ષ શરૂ કરાયો

(એજન્સી) અમદાવાદ | તા.12

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જૂન ૨૦૨૪માં ૬૫થી વધુની વયના વયસ્કો માટે શરૂ કરાયેલો 'સિનિયર સિટીઝન પ્રતિક્ષા કક્ષ' ખરા અર્થમાં દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઇ રહ્યો છે. ઘણા ઓછા ખર્ચે અહીં ઉમદા સારવાર મળે છે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની વયસ્ક દર્દીઓ માટે સ્પેશિયલ જીરીયાટ્રીક કેર ઉપલબ્ધ કરાવવા રાજ્યની તમામ સરકારી હોસ્પિટલમાં માટે અલગથી કેસ બારી રાખી તેમને પ્રાથમિકતા આપવા અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી હતી.જેના પગલે સિવિલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા જૂન ૨૦૨૪માં એક નવીનતમ પહેલ કરી સિનિયર સિટીઝન પ્રતિક્ષા કક્ષની સેવાઓ વયસ્ક દર્દીઓની તકલીફોને ધ્યાનમાં રાખી તેમને તમામ સેવાઓમાં પ્રાથમિકતા મળે તેવા ઉમદા હેતુથી શરૂ કરવામાં આવી રહી છે.

### દાન આપવા ઈચ્છતા હોવ તો રાજપીપળામાં એકમાત્ર સ્થળ

# સ્ટેશન રોડનું અન્નપૂર્ણા અન્નક્ષેત્ર

ભરત શાહ | નર્મદા

ઉતરાયણમાં દાનનું અનેરૂ મહત્વ રહેલું છે, કહેવાય છે કે ઉતરાયણના દિવસે આપેલું દાન અનેક ઘણું થઈને પાછું આવે છે પરંતુ દાન કોને અપાય અને ક્યાં અપાય તેના પણ શાસ્ત્રોમાં ઘણા બધા નિયમો આપેલા છે અને આ નિયમોને જો જોઈએ તો દાન માત્ર અને માત્ર સુપાત્રને જ આપવું જોઈએ એવું કહેવાયું છે. આ વાતને જો ધ્યાને રાખીએ તો નર્મદા જિલ્લાના રાજપીપલા શહેરમાં સ્ટેશન રોડ પર ચાલતા અન્નપૂર્ણા અન્નક્ષેત્રને દાન આપવા લાયક એકમાત્ર સંસ્થા ચોક્કસથી કહી શકાય. કહેવાય છે કે "હાથ કંગન કો આરસી ક્યા" મતલબ કે જે નજરે દેખાય છે એને કોઈ પ્રમાણ કે પુરાવાની જરૂર હોતી નથી. આ અન્નક્ષેત્ર વિશે જો વધુ વાત કરીએ તો છેલ્લા દોઢ વર્ષથી ચાલતા આ અન્નક્ષેત્રમાં જાતજાતના અને ભાત ભાતની મીઠાઈઓ અને ફરસાણ પીરસવામાં આવે છે .



અનેક વખત દસ દસ કરતા પણ વધુ મીઠાઈઓ અને સાત સાત જેટલા ફરસાણ એક જ ભાણામાં પીરસવામાં આવ્યા છે. અહીં ભોજન માટે એક પણ રૂપિયો લેવામાં આવતો નથી. અને તે પણ ખુરશી ટેબલ પર બેસાડીને વિવિધ પ્રકારની સગવડો સાથે ભોજન પીરસાઈ છે. અહીં જ્ઞાતિ,જાતિ, ધર્મ, ઉંમર કે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી.

તેમનો સંપર્ક નંબર છે : 93165 62639.

# ખતરનાક વાઈરસ પેદા કરતી આ છે ચીનની `વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી'

2019 બાદ ફરી એકવાર ચીનમાં શ્વાસની બીમારી ફેલાવતો કોરોના કોવિડ-19 જેવો વાઈરસ ફેલાયો છે. શ્વાસની બીમારીથી પીડાતા દર્દીઓથી ચીનની હોસ્પિટલો ઊભરાઈ રહી છે. ખાસ કરીને વૃદ્ધો અને નાનાં બાળકો તથા નબળી રોગપ્રતિકારક ક્ષમતા ધરાવતા લોકો શ્વાસની બીમારીનો ભોગ બની રહ્યા છે. સ્મશાનો ઊભરાઈ રહ્યાં છે. આ નવા વાઈરસથી વિશ્વભરમાં ગભરાટ ફેલાયો છે. આ વાઈરસ હવે ભારતમાં પણ પ્રવેશી ચૂક્યો છે. બેંગલોરું અને ગુજરાતમાં પણ HMPV વાઈરસના ભોગ બનેલા બાળકોના કેસ બહાર આવ્યા છે. અલબત્ત, ભારત સરકારના આરોગ્ય વિભાગે કહ્યું છે કે ચીનના આ નવા HMPV વાઈરસથી ગભરાવાની જરૂર નથી. પણ હા, ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં રહેતા લોકોએ સાવધાન રહેવાની જરૂર છે. જોકે, ગયા વર્ષે નેધરલેન્ડ, બ્રિટન, ફિનલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને ચીનમાં `એચએમવીઝ' વાઈરસના કેસ જોવા મળ્યા હતા. સવાલ એ છે કે દર થોડા થોડા વર્ષે ચીનથી જ ખતરનાક અને ભેદી વાઈરસ કેમ ફેલાય છે? શું ચીનની ગુપ્ત `વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી' બાયોલોજિકલ વેપન્સ તો બનાવતી નથી ને? ચાલો `વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી' શું છે તેની પર એક નજર નાંખીએ. 2019માં ચીનના વુહાન શહેરથી શરૂ થયેલો કોરોના વાઈરસ અમેરિકા, બ્રિટન, ઈટાલી, કેનેડા, જાપાન, ઈરાન અને દક્ષિણ કોરિયા સહિતના 200થી વધુ દેશોમાં ફેલાઈ ગયો હતો. ચીન ના પાડે છે, પરંતુ વિશ્વના અનેક દેશોને શંકા છે કે કોરાના વાઈરસ ચીનની જ જૈવિક શસ્ત્રો પેદા કરવાની ગુપ્ત લેબોરેટરી `વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી'ની જ પેદાશ છે હતી. બાયોલોજિક વેપન્સ એટલે કે જૈવિક શસ્ત્રો અણુબોમ્બ કરતાં સામૂહિક માનવસંહાર માટે ઉપયોગમાં વધુ સરળ છે. અણુશસ્ત્રોનો ઉપયોગ કરવા માટે યુદ્ધવિમાનો કે મિસાઈલ્સનો ઉપયોગ કરવો પડે છે જ્યારે લોકોને જીવલેણ બીમારીનો ભોગ બનાવી મોતને ઘાટ ઉતારવા વિમાનો કે મિસાઈલ્સની જરૂર પડતી નથી. જીવાણુ શસ્ત્રોને દુશ્મન દેશ સુધી પહોંચાડવાના રસ્તા આસાન છે. દા.ત., કોરોના વાઈરસથી લિપ્ત ચીજવસ્તુઓ, વસ્ત્રો, ટેલિફોન કે બીજાં ઉપકરણો બીજા દેશમાં મોકલી દો અને લોકોને બીમાર પાડી દો અથવા તો પોતાના જ દેશના 10 માણસોને બીમાર પાડો અને બીજા દેશોમાં ધકેલી દો એટલે વાત પતી. પહેલાં ચીનની વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેબોરેટરીને ઓળખી લઈએ. કોરોના વાઈરસ જ્યાંથી ફેલાયો કે વુહાન શહેરમાં આ ઈન્સ્ટિટ્યૂટ આવેલી છે. તેની રચના 1956માં થઈ હતી. આ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક હતા (1) ચેન હુઆગુઈ અને (2) ગાઓ શાન્ચીન. આ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર જનરલ તરીકે વાન્ગ ક્વાર્ટર વુહાનના જિઆગ્રિક્સ ખાતે છે. હાલ આ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર જનરલ તરીકે વાન્ગ યાનીઈ છે. ઈન્સ્ટિટ્યૂટની પિતૃ સંસ્થા ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સ છે. તેની વેબસાઈટનું એડ્રેસ Whiov. cas.in છે. આ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ ત્યારે એનું નામ વુહાન માઈક્રોબાયોલોજી લેબોરેટરી હતું. તે પછી તે સાઉથ ચાઈના ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઈક્રોબાયોલોજી તરીકે ઓળખાય છે. 1978માં તેનું નામ વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી રાખવામાં આવ્યું. ટૂંકમાં, ચીનની આ ઈન્સ્ટિટ્યૂટ વિવિધ પ્રકારના વાઈરસ અંગે સંશોધન કરે છે. ઈતિહાસ એવો છે કે 2015માં ચીનની નેશનલ બાયો-સેફ્ટી લેબોરેટરીનું કામ પૂરું થયું ત્યારે તેનો કુલ ખર્ચ 300 મિલિયન યુઆન એટલે કે 44 મિલિયન ડોલર જેટલો આવ્યો હતો. આ કામ ફ્રાન્સના એન્જિનિયર્સના સહકારથી પૂરું કરવામાં આવ્યું હતું. અહીં શું કામ થાય છે તે અંગે આખી દુનિયા અંધારામાં હતી, પરંતુ ચીનની બૈજિંગ ખાતે આવેલી બીજી એક ચાઈનીઝ લેબોરેટરીઝમાંથી સાર્સ વાઈરસ છટક્યો અને દુનિયાભરમાં સાર્સ વાઈરસ ફેલાઈ ગયો ત્યારે તેની પર સહુથી પહેલી શંકા અમેરિકાના મોલેક્યુલર બાયોલોજિસ્ટ રિચાર્ડ એચ. એ. બ્રાઈટે વ્યક્ત કરી હતી. તેમણે ચીનની જૈવિક શસ્ત્રોની ખતરનાક યોજનાઓ પર ચિંતા પણ વ્યક્ત કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે ચીનની આ શંકાસ્પદ લેબોરેટરીના સંબંધો અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેક્સાસ સાથે પણ છે. 2015માં આ લેબોરેટરીએ એક પેપર પબ્લિશ કર્યું હતું, જેમાં બેટ કોરોના વાઈરસ (ચામાચીડિયા કોરોના વાઈરસ) પેદા કરી તેનાથી બીજાને ચેપ લગાડી શકાય કે કેમ તે અંગેનો એક સંશોધન લેખ પ્રગટ કર્યો હતો. ફેબ્રુઆરી, 2020માં ન્યૂયોર્ક અખબારે એક અહેવાલ પબ્લિશ કરી વિશ્વને જાણ કરી હતી કે વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજીની એક ટીમ કે જેનું નેતૃત્વ શી ઝેનાગ્લીએ કર્યું હતું. તેમણે નોવેલ કોરોના વાઈરસના જેનેટિક સિક્વન્સનું પૃથક્કરણ, ઓળખ અને નામાભિકરણ કર્યુ હતું. ચીનની આ ઈન્સ્ટિટ્યૂટ વિવિધ પ્રકારના વાઈરસની રસી નહીં, પણ ખતરનાક વાઈરસ પેદા કરી જૈવિક શસ્ત્રો બનાવતી હોવાની વાતો પણ ઘૂમરાવા લાગી હતી. અલબત્ત, અમેરિકાનાં જ બીજાં અખબારોએ એ વાત તથ્યહીન હોવાનું કહ્યું હતું. આ પ્રકારનો વિરોધ જે નિષ્ણાતોએ કર્યો તે નિષ્ણાતોના અભિપ્રાય અમેરિકાના `ધી વોશિંગ્ટન પોસ્ટ' નામના અખબારમાં પ્રગટ થયા હતા. જાન્યુઆરી અને ફેબ્રુઆરી, 2020માં આ ઈન્સ્ટિટ્યૂટ પર કેટલાકે એવી શંકા સેવી હતી કે કોરાના વાઈરસ ચીને ઈરાદાપૂર્વક ફેલાવેલો નહીં, પરંતુ અકસ્માતે ચીનની જ વુહાન લેબોરેટરીમાંથી છટકેલો વાઈરસ છે. ચીનના સત્તાવાળાઓ આ વાત સ્વીકારતા નથી, પરંતુ ચીનના વુહાનમાં જ્યાંથી આ કોરાના વાઈરસે સહુથી પહેલો કેર મચાવ્યો તે વુહાનમાં જ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી આવેલી છે તે પણ એક હકીકત છે. હવે કોરોના વાઈરસ ચીનની ઈચ્છાથી આખી દુનિયામાં પ્રસરી ગયો છે કે લેબોરેટરીની ભૂલથી એ કહેવું મુશ્કેલ છે. આ વાઈરસના કારણે ચીનમાં એકલાખથી વધુ લોકો મોતને ભેટ્યા હતા. તેથી ચીનની લેબોરેટરીમાંથી અકસ્માતે તે બહાર છટક્યો હોય તે થિયરી વધુ બંધ બેસે છે. જે હોય તે પણ કડવું સત્ય એ છે કે ચીનના વુહાનમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી છે ને ગુપ્ત રીતે તે કોરોના જેવાં જૈવિક શસ્ત્રો બનાવે છે. યાદ રહે કે બાયોલોજિકલ વેપન્સ અણુશસ્ત્રો આતંકવાદ કરતાં વધુ ખતરનાક છે. વિશ્વમાં અત્યાર સુધીમાં જે બાયોલોજિકલ વેપન્સ બની ચૂક્યા છે અને જેમનો ઉપયોગ જે બીમારીઓ ફેલાવવા માટે થઈ ચૂક્યો છે તેમાં (1) એન્થ્રેક્સ (2) બોટ્યુલિઝમ (3) હેમરેજિક ફીવર (4) પ્લેગ (5) સ્મોલપોક્સ (6) ટુલેરેમિયા (૭) બ્રુસેલોઈસ (8) કોલેરા (9) એન્સેફેલાઈટીસ (10) ફૂડ પોઈઝનિંગ (11) ગ્લેન્ડર્સ (12) સીટાફોઈસ (13) ક્યૂ-ફીવર (14) ટાઈફીસ વગેરેનો સમાવેશ થાય છે. આ બીમારીઓ પેદા કરવા માટે જે વાઈરસ વપરાયા તેમાં (1) બેસિલિયસ ક્લોસ્ટ્રીડિયમ બાપ્યુલિનિયમ (2) માર્ગ બર્ગ વાઈરસ (3) ઈબોલા વાઈરસ (4) યોર્ઝિનિયા પેસ્ટીસ (5) વેરિયોલા મેજર (6) બ્રુસેલા વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં ટેક્નિકલ નામો છે. એટલે ટૂંકી જ યાદી આપી છે. આ બધાં જ જૈવિક શસ્ત્રો પહેલા વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વપરાઈ ચૂક્યાં છે. આવાં જ ખતરનાક જૈવિક શસ્ત્રોની શોધ થયા જ કરશે અને સંશોધન દરમિયાન જ એ ગુપ્ત પ્રયોગશાળાઓમાં કોઈ અકસ્માત સર્જાશે તો ભવિષ્યમાં માનવજાતના સંહાર માટે અણુશસ્ત્રોની જરૂરિયાત જ નહીં રહે અને એ વાત યાદ રહે કે એકવાર જીવાણુ શસ્ત્રો વિશ્વભરમાં ફેલાઈ જશે તો સામાન્ય માનવીની વાત તો જવા દો, પરંતુ વિશ્વના શક્તિશાળી દેશોના વડાઓ અને તેમના પરિવારના સભ્યો પણ બચી શકશે નહીં. એવાં જૈવિક શસ્ત્રો બનાવનાર જે તે દેશના પ્રેસિડેન્ટ પણ નહીં. કોઈ નહીં બચે. ચીનની `વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી' જ્યાં આવેલી છે તે ચીનનું વુહાન શહેર 1 કરોડ 10 લાખની વસ્તી ધરાવે છે. અહીંથી જ શરૂ થયેલો આ વાઈરસ વિશ્વભરમાં ફેલાયો, પરંતુ ચીનની સરકારે આ તમામ વસ્તીને એક મહિના સુધી ઘરમાં જ રહેવા મજબૂત વ્યવસ્થા ગોઠવી દીધી. વુહાનના 65 હજારો લોકોમાં કોરોના વાઈરસ જણાયો હતો. 14 હજાર લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તેમાંથી 3200 લોકોને આઈસીયુમાં રાખવા પડ્યા. એ 3200 પૈકી માંડ 250 ને બચાવી શકાયા. બાકીનાઓનાં મૃત્યુ નીપજ્યાં હતાં.




# ફેમિલી, કુટુંબ અને પરિવાર

કુટુંબ એક છેતરામણો શબ્દ છે. આ શબ્દમાં માણસ પોતાની અંગત અને સામાજિક બાબતોમાં લાગણીની સલામતી શોધતો હોય છે, એવું માનીને કે આ શબ્દની બહાર એને એ નહીં મળે. કુટુંબ શબ્દના અર્થનો વિસ્તાર કરીને કહેવું જોઈએ કે જેમનામાંથી તમને અંગત કે સામાજિક દૃષ્ટિએ લાગણીની સલામતી મળે તે તમારું કુટુંબ. એટલું જ નહીં, જ્યાંથી તમારી રોજીરોટી આવતી હોય તે સ્થળના સાથીઓ પણ તમારું કુટુંબ. એકબીજાનો સ્વાર્થ જાળવીને પોતાનું પણ હિત સચવાય એવી વ્યવસ્થા ધરાવતી મંડળીને કુટુંબ કહી શકાય? જો હા, તો પરંપરાગત સંયુક્ત કુટુંબો ઉત્તમ હતાં. નબળો સભ્ય સચવાઈ જતો અને તાકાતવર સભ્યોની તાકાત એકમેક સાથે મળીને અનેકગણી થઈ જતી.

અમેરિકાના `ટાઈમ'ના સાપ્તાહિકે વીસેક વર્ષ પહેલાં એશિયાઈ દેશોમાં ફેમિલી બિઝનેસ ધરાવતાં ઉદ્યોગગૃહોની કવરસ્ટોરી કરી ત્યારે મુખપૃષ્ઠ પર ધીરુભાઈના બે પુત્રોની તસવીર પ્રગટ કરી હતી. એ વાત અલગ છે કે લગભગ એ જ ગાળામાં બંને ભાઈઓ ઝઘડીને છૂટા પડ્યા. મુકેશ અને અનિલનો દાખલો આ દેશમાં અપવાદ નથી. લાખો ભાઈઓ, કાકાઓ, મામા-ફોઈના પિતરાઈઓ, માસીયાઈઓ, સાઢુઓ, સાળા-બનેવીઓ અને અફકોર્સ પિતા-પુત્રો આ દેશમાં સહિયારો બિઝનેસ કરી રહ્યા છે અને એમાંના કેટલાક અંબાણી બ્રધર્સની જેમ ઝઘડીને છૂટા પણ પડતા હોય છે.

સહિયારા સ્વાર્થને કારણે જ કુટુંબમાં એકબીજાને સાચવી લેવાની આવડત પ્રગટી જતી હોય છે. સ્વાર્થ આગળ વધીને ખોટી મહત્ત્વાકાંક્ષામાં પલટાઈ જાય ત્યારે કે સ્વાર્થ પૂરો થઈ જાય ત્યારે આ જ ભાઈઓ-કાકાઓ ઈત્યાદિઓ કોર્ટે ચડે છે, ચાંદીની એક-એક ચમચી માટે ઝઘડે છે અને વર્ષોના વિખવાદ તથા લાખો રૂપિયાના અદાલતી ખર્ચ પછી સમાધાનો માટે વતેસર થઈ ગયેલી વાતને લવાદ પાસે લઈ જવામાં આવે છે. છેવટે બેઉ પક્ષોએ હોટલમાં જઈને ખાધા-પીધા વિના તોડેલા ગ્લાસ બદલ ચોક્કસ કેટલા આના ચૂકવવા પડ્યા તેની ગણતરી કરીને તાળો મેળવવો પડે છે.

સંયુક્ત કુટુંબમાં હળીમળીને, સંપીને સાથે રહેવા માટે એકમેકના સ્વાર્થ ખૂબ નજીકથી જોડાયેલા હોવા જોઈએ. દરેક સભ્યને ખરા હૃદયથી અહેસાસ હોવો જોઈએ કે હું મારા ભાઈની/ પિતાની/ કાકાની સાથે રહીને ધંધો નહીં કરું તો મારી રોજીરોટી છિનવાઈ જશે, મારે મર્સિડીઝ વેચીને નેનો લેવી પડશે અને નેનો જ હશે તો તે વેચીને ફૂટપાથ પર ચાલતા જવું પડશે.



કુટુંબના સભ્યો જ્યારે સંયુક્ત પરિવારમાં નથી રહેતા અને પોતપોતાનું ઘર માંડીને પોતપોતાના સ્વતંત્ર વ્યવસાય-ધંધો શરૂ કરે છે ત્યારે પણ દરેક વિભક્ત પરિવાર વચ્ચે પ્રેમભર્યો આત્મીય વ્યવહાર શક્ય છે. વન્સ ઈન અ વ્હાઈલ મોટા ઘરે સૌ ભાઈઓ-ભાભીઓ-કઝીન્સ જમવા માટે ભેગા મળે ત્યારે આનંદમંગળનું વાતાવરણ રચાય છે, જાણે પ્રભુ હમણાં જ આ સુખી વિસ્તારને આશીર્વાદ આપવા ઊતરી આવશે. પણ સાવધાન, જુદા જુદા રહેતા ભાઈઓ ધંધામાં સાથે હશે તો વળી વિખવાદની શક્યતા ખરી. જેઠાણીની નાકની ચૂંક કરતાં દેરાણીની ચૂંક મોટી કેમ? બેઉ ભાઈઓ સાથે ધંધો કરે છે તોય નાનો કેમ વધારે વાપરે છે? તે વખતે કોઈ વિચારતું નથી કે જેઠ-જેઠાણી ગયા વર્ષે મકાઉ જઈ આવ્યાં ત્યારે નાનો ભાઈ કુટુંબને લઈ માથેરાન જઈને પાછો આવી ગયો હતો. પૈસો. કુટુંબનો સૌથી મોટો દોસ્ત અને સૌથી મોટો દુશ્મન પૈસો છે, માણસનો પણ અને માણસના સ્વભાવ કરતાં કુટુંબનો સ્વભાવ જુદો નથી. માણસના સ્વભાવમાં રહેલા વિરોધાભાસો જેટલા જ બલકે વધારે વિરોધાભાસો તમને કુટુંબમાં જોવા મળે, કારણ કે કુટુંબના સભ્યોની સંખ્યા સાથે આ વિરોધાભાસોનો ગુણાકાર થાય. પૈસાની સાથે એક બીજું ફેક્ટર જે કામ કરી જાય છે તે મહત્ત્વાકાંક્ષા. અથવા તો કહો કે ખોટી મહત્ત્વાકાંક્ષા. મહત્ત્વાકાંક્ષા ખોટી નથી, પણ ખોટી મહત્ત્વાકાંક્ષા જોખમી છે. મહત્ત્વાકાંક્ષા એટલે? અત્યારે તમે ને તમારો ભાગીદારભાઈ એક લાડવો કમાઈને અડધો અડધો વહેંચી લેતા હો અને તમે વિચારો કે આવતા વર્ષે બે લાડવા કમાઈએ જેથી બેઉના ભાગે એક-એક આવે તેને મહત્ત્વાકાંક્ષા કહેવાય. ખોટી મહત્ત્વાકાંક્ષા એટલે? અત્યારના એક લાડવામાંથી પેલાને અડધો આપવાને બદલે હું પોણો કેવી રીતે લઈ જઉં તેની યોજના. અથવા તો આવતા વર્ષે પેલા પાસે જ બધી મજૂરી કરાવીને એકના બે કમાઈએ પણ હું એમાંથી દોઢ ઘરભેગો કરી લઈશ એવાં સપનાં. કુટુંબની વ્યવસ્થા આખરે તો માણસની બે મુખ્ય જરૂરિયાતોને સાચવી લેવા માટેની વ્યવસ્થા છે. એક, માણસની રોટી-કપડાં-મકાનની સમસ્યા. અને બે, માણસની ઈમોશનલ સિક્યુરિટી માટેની ઝંખના, અંગત અને સામાજિક બાબતોમાં લાગણીની સલામતી મેળવવાની ઝંખના. હસવા માટે, રડવા માટે, ગુસ્સે થવા માટે, આનંદમાં રહેવા માટે માણસને કુટુંબની, કુટુંબના તમામ સભ્યોની ક્યારેક ને ક્યારેક જરૂર પડવાની. જે માણસ પોતાની જાત સાથે હસી શકે છે, પોતાનામાં રડી શકે છે, પોતાની નબળાઈઓ જાણીને પોતાના પર ગુસ્સે થઈ શકે છે અને કોઈના વિના પોતાની જાતને આનંદમાં રાખી શકે છે એને પરિવાર હોય કે ન હોય, કુટુંબ હોય કે ન હોય, કોઈ ફરક પડતો નથી. આવી વ્યક્તિને તમે એક માણસનો પરિવાર કહી શકો. હકીકતમાં એના માટે વિશ્વ આખું એક કુટુંબ છે. વસુધૈવ કુટુમ્બકમનો ખરો અર્થ આ જ છે: જેણે પોતાની જાતને જ પોતાનો પરિવાર બનાવી લીધો છે એ જ સમસ્ત વિશ્વને પોતાના આ પરિવારમાં સમાવી લેવાની ઊંચાઈ મેળવવાને સમર્થ છે. બાકી, અત્યારે જેને સૌ કુટુંબ કહે છે તે ખરેખર એક બહુ છેતરામણો શબ્દ છે. પાન બનારસવાલાઆ વિશાળ જગતમાં આપણે જે કંઈ જોઈએ છીએ તે બધું ઈશ્વરથી વ્યાપ્ત છે. એને તજો (ત્યજો, ત્યાગ કરો) અને ભોગવો.

# ગોદાવરી નદી એ ગંગાજીનું જ સ્વરૂપ છે જે ભગવાન સદાશિવ ના જ્યોતિર્લિંગ ત્રંબકેશ્વર મહાદેવની ટેકરી પરથી વહી રહી છે



નદીઓની પવિત્રતા

- રુપાલી દવે

ભારત દેશ માં હિન્દુ ધર્મ ની માન્યતા અનુસાર નદી ને માતા નું સ્થાન આપવામાં આવ્યું છે.પૂર્વે પૃથ્વી પર માનવ જીવન પોતાનું અસ્તિત્વ અને જીવન ટકાવી રાખવા ખેતી પર નિર્ભર હતા. એ સમયે ખેતી નદી ની નજીક ના વિસ્તાર માં કરતા હતા. ત્યારે આધુનિક સગવડતા નહતી એટલે મોટાભાગ ના કાર્ય મા શ્રમ વધારે પડતો હતો.લોકો નું પાલન પોષણ નદી ના કારણે થતું હતું એટલે લોકો નદી ને માતા માનતા હતા.વારે તહેવારે નદી ની પૂજા થતી ને સૌભાગ્યવતી સ્ત્રીની માફક નદી કિનારા ને સુંદર સાડીઓ થી શણગારતા હતા.પૃથ્વી પરની પ્રત્યેક નદીઓ નો ખાસ ઈતિહાસ છે. જ્યારે ગૌતમ ઋષિ એની પત્ની અહલ્યા સાથે ત્રંબકેશ્વર ના એકાંત સ્થાન પર રહેતા હતા ત્યારે ત્યાં અચાનક દુષ્કાળ પડ્યો.દુષ્કાળ ના લીધે લોકો ત્રાહિમામ ત્રાહિમામ પોકારી ઊઠયા હતા.લોકો ને ભૂખ તરસ થી મરતા બચાવવા ગૌતમ ઋષિ એ ગંગાજી ને નદી સ્વરૂપે અવતરણ કરવા માટે પ્રાર્થના કરી છતાંય ગંગાજી સ્વર્ગ માં એના વંશ ને થતાં વિક્ષેપ ના લીધે આ પ્રદેશ માં આવવા અનિચ્છા અનુભવતા હતા.

આ કારણોસર ગૌતમ ઋષિ એ બ્રહ્મ ગિરિ ટેકરી પર હજારો વર્ષ ઉગ્ર તપશ્ચર્યા કરી.ગૌતમ ઋષિ ની તપસ્યા થી ભગવાન સદાશિવ પ્રસન્ન થયા ને ગૌતમ ઋષિ ને ઈચ્છિત વરદાન આપ્યું. ભગવાન સદાશિવ એ ગંગાજી ને ત્ર્યંબકેશ્વર માં વહેવા માટે આજ્ઞા આપી.ત્યારથી ત્રેમ્બકેશ્વર ની ટેકરી પરથી પૃથ્વી પર વ્હેતા ગંગાજી ના પ્રવાહ ગોદાવરી સ્વરૂપે પ્રગટ થયા.ગૌતમ ઋષિ ના ઉગ્ર તપશ્ચર્યા ના લીધે ગંગાજી ત્રંબકેશ્વર માં ગોદાવરી નદી ના સ્વરૂપ માં પ્રગટ થયા. અન્ય દંતકથા અનુસાર ભગવાન વિષ્ણુ ના વામન અવતાર એ ગોદાવરી નદી નું નિર્માણ કર્યું હતું.

વામન ભગવાન એ બલિરાજા ના યજ્ઞ માં પ્રવેસ્તા પહેલા વામન ભગવાન એ એના નાનકડા પગ થી જમીન ને દબાવતા ગોદાવરી નદીનું નિર્માણ થયું હતું. જ્યારે ગંગાજી નું સ્વર્ગ પરથી પૃથ્વી પર અવતરણ થયું ત્યારે એનો પ્રવાહ એટલો અફાટ હતો ને કે પૃથ્વી માટે એને સહન



કરવો અશક્ય હતો.ભગવાન વિષ્ણુ ના પગ ની આંગળીઓ માંથી વહેતા ગંગાજી ને કૈલાસ નિવાસી ભગવાન સદાશિવ એ એની જટા માં ધારણ કર્યા છે. સ્વર્ગ માંથી ધસમસતા પ્રવાહમાં વહેતા ગંગાજી ને ભગવાન સદાશિવ એ ધારણ ના કર્યા હોત તો પૃથ્વી પર નું સંપૂર્ણ તણાઈ ચૂક્યું હોત. આમ નદી ને દૈવી સ્વરૂપે સાંકળી ને એનું પૂજન અર્ચન થાય છે. માતા બાળક ને જન્મ આપીને પાળે અને પોષે છે એજ રીતે નદી ના પાણી ના લીધે તૃષા તૃપ્તિ થતાં મનુષ્ય નું જીવન ટકી શકે છે. ભોજન ગમે તેટલું સ્વાદિષ્ટ હોય પરંતુ પાણી વગર એને પાચન તંત્ર પચાવી શકતું નથી.વૈજ્ઞાનિકો એ અન્ય ગ્રહ મંગળ માં માનવ વસ્તી અસ્તિત્વ મા હતી એવો દાવો કર્યો હતો.આ દાવો કર્યો એની પાછળ નું તથ્ય શું? ત્યાં મંગળ ગ્રહ પર વૈજ્ઞાનિકો ને સુકાયેલ નદીઓ, તળાવો અને પહાડ મળી આવ્યા.માનવ વસ્તી ના જીવન નો મુખ્ય આધાર નદીઓ,તળાવ અને પહાડ પર આધારિત છે.

જ્યારે અમૃત મેળવવા દેવો અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે અન્ય વિવિધ ચીજ વસ્તુઓ જેવી કે ઐરાવત હાથીઓ, સુવર્ણ, મદિરા, ઘોડા, લક્ષ્મીજી, ધન્વન્તરિ ભગવાન વગેરે પ્રાપ્ત થયું હતું. ઐરાવત હાથીઓ, ઘોડા વગેરે દેવો એ લીધા,મદિરા સોનું વગેરે દાનવો એ લીધું, લક્ષ્મીજી એ ભગવાન વિષ્ણુ ને વરમાળા પહેરાવી ને વૈકુંઠ ધામ પધારી ગયા, હલાહલ વિશ ભગવાન ભોળા નાથ એ પીધું હતું. જ્યારે દેવો અને દાનવો ના મહા મહેનત બાદ અમૃત કુંભ નીકળ્યો ત્યારે અમૃત કુંભ માટે દેવો દાનવો વચ્ચે ઝપાઝપી સાથે યુદ્ધ થવા લાગ્યા. આ સમય એ ભગવાન વિષ્ણુ એ અત્યંત સુંદર સ્ત્રી મોહિની સ્વરૂપ ધારણ કર્યું.મોહિની સ્વરૂપ માં ભગવાન એ અમૃત કુંભ ને કમર પર મૂકી ને છમ છમ ઝાંઝર ના અવાજ માં દેવો અને દાનવો વચ્ચે પ્રગટ થયા.અતિ સુંદર સ્ત્રી ને નિહાળતા જ દાનવો ના મન કામુક બની ગયા.અતિ સુંદર સ્ત્રી ના દર્શન કરતાં જ દેવો ભગવાન વિષ્ણુના મોહિની સ્વરૂપ ને ઓળખી ગયા. અમૃત પી ને તૃપ્ત થયેલ દેવો ને જોતાજ રાહુ અને કેતુ ચૂપચાપ દેવો ની સાથે બેસી ગયા ને અમરત્વ દેવો ની માફક પામી ગયા.જ્યારે દાનવો ને ભગવાન ની ચાલ સમજાય ત્યારે કુંભ માં માત્ર અમુક ટીપાં અમૃત હતું. આ કુંભ દાનવો ના હાથે ના લાગે એટલે ગરુડ જી અમૃત કુંભ લઈને ઊંચે આકાશ માં ઉડ્યા ત્યારે કુંભ માંનું અમૃત ચાર નદીઓ ગંગાજી, ગોદાવરી,ક્ષિપ્રા,પ્રયાગ રાજ ના ગંગા યમુના અને સરસ્વતી ના સંગમ તીર્થ માં ઢોળાયું હતું. આ કારણોસર જ્યાં આ નદીઓ વહે છે એ સ્થાન તીર્થો બન્યા છે દર ત્રણ વર્ષે આ તીર્થો માં કુંભ,અર્ધ કુંભ અને મહા કુંભ મેળોનું આયોજન થાય છે.

ગોદાવરી નદી એ ગંગાજી નું જ સ્વરૂપ છે જે ભગવાન સદાશિવ ના જ્યોતિર્લિંગ ત્રંબકેશ્વર મહાદેવ ની ટેકરી પરથી વહી રહી છે. શિવ પુરાણ ની કોટી રુદ્રંહિતા માં ૨૪ થી ૨૬ સંહિતા માં ત્ર્યંબકેશ્વર જ્યોર્તિલિંગ નું વર્ણવ થયેલ છે.બ્રહ્મ ગિરી પર્વત પર ગૌતમ ઋષિ એના પત્ની અહલ્યા સાથે રહેતા હતા.ગૌતમ ઋષિ ની શિવ ભક્તિ અને તપશ્ચર્યા થી અન્ય ઋષિઓ ને ખૂબ ઈર્ષા થતી હતી.આ કારણોસર ત્યાં વસતા અન્ય ઋષિઓ એ ગૌતમ ઋષિ પર ગૌ હત્યા નો આળ લગાડ્યો ને આ દ્વારા એમને અપમાનિત કરવા લાગ્યા હતા.પોતાના પર લાગેલા કલંક ને દુર કરવા ગૌતમ ઋષિ એ શિવ લિંગ ની સ્થાપના કરીને શિવલિંગ ની નિયમિત પૂજા અર્ચના કરવા લાગ્યા.

ગૌતમ ઋષિ ની અનન્ય ભક્તિ થી ભગવાન ભોળા નાથ માતા પાર્વતી સાથે ગિરી પર્વત પર પ્રગટ થયા ને વરદાન માંગવાનું કહ્યું ત્યારે ગૌતમ ઋષિ એ દેવી ગંગાજી ને બ્રમગીરી પર્વત પર પ્રગટ થાય એવું વરદાન માંગ્યું.ભગવાન ભોલેનાથ એ દેવી ગંગાજી ને બ્રહ્મગિરી પર્વત પર પ્રગટ થવાનો આદેશ આપતા. દેવી ગંગાજી એ ભગવાન સદાશિવ બ્રહ્મ ગિરી પર પ્રગટ સ્વરૂપે રહેશે તો જ એનો પ્રવાહ ત્યાં રહી શકશે. દેવી ગંગાજી ની વિનંતી ના લીધે ભગવાન સદાશિવ માતા પાર્વતીજી સાથે ગૌતમ ઋષિ એ સ્થાપિત કરેલ શિવલિંગ માં પોતાનું તેજ પધરાવતા ગંગાજી ને વચન આપ્યું કે આ સ્થાન પર સ્વયંમ બિરાજમાન રહીશ. ગંગાજી ના ગોદાવરી સ્વરૂપે અવતરણ બાદ ગૌતમ ઋષિ એ અન્ય ઋષિઓ દ્વારા લગડવા માં આવેલ ખોટા કલંક ને ગોદાવરી નદી માં સ્નાન બાદ કલંક માંથી મુક્તિ મેળવી.

**त्रिभुवनतारिणि तरलतरङ्गे ।**
**शङ्करमौलिविहारिणि विमले**
**मम मतिरास्तां तव पदकमले ॥**

જ્યાં ભગવાન સદાશિવ ત્યાં ગંગાજી ની ઉપસ્થિત અને જ્યાં યમુનાજી ત્યાં ભગવાન શ્રી કૃષ્ણ ની ઉપસ્થિત અવશ્ય હોવાની.ભારતીય સંસ્કૃતિ માં નદી એ માત્ર નદી જ નથી એ સ્વર્ગ માંથી અવતરણ થયેલ સાક્ષાત અમૃત છે.આ કારણોસર ભારતીય હિન્દુ સંસ્કૃતિ માં નદી ને "માતા" સ્વરૂપે પૂજનીય માનવામાં આવે છે.

# જૂના 'સોઢી'એ TMKOC શો કેમ છોડ્યો...?

## અસિત મોદીએ કહ્યું- વ્યક્તિગત નિર્ણય હતો, પછી તેને પણ અફસોસ થયો; એક્ટરે પેમેન્ટ અટકાવવાનો કર્યો હતો આરોપ

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો' એક્ટર ગુરચરણ સિંહ ઘણા સમયથી હેડલાઈન્સમાં છે. થોડા દિવસો પહેલા, ગુરુચરણ અચાનક ગુમ થઈ ગયા હતા, પછી પોતે પાછા ફર્યા હતા. હવે તેઓ હોસ્પિટલમાં એડમિટ છે અને તેમણે ખાવા-પીવાનું બંધ કરી દીધું છે, જેના કારણે તેમની તબિયત નાજુક છે. થોડા સમય પહેલા ગુરુચરણે કહ્યું હતું કે 'તારક મહેતા શો'ના મેકર્સે તેમની ચૂકવણી અટકાવી છે, જેના કારણે તેમણે શો છોડી દીધો હતો. હવે આ અંગે શોના મેકર્સ અસિત મોદીનું નિવેદન સામે આવ્યું છે. અસિત મોદીના કહેવા પ્રમાણે, ગુરુચરણે અંગત કારણોસર શો છોડ્યો હતો..

અસિત મોદીએ કહ્યું હતું કે, ગુરુચરણ એક સારા વ્યક્તિ છે, હું તેમની સાથે ઈમોશનલ રીતે જોડાયેલ છું. મારી પત્ની અને બાળકો તેને પસંદ કરે છે અને પ્રશંસા કરે છે. તેમની સાથે કેટલીક સમસ્યાઓ ચાલી રહી છે, હું ફક્ત પ્રાર્થના કરું છું કે તે આ મુશ્કેલ સમયમાંથી જલ્દી બહાર આવે. ગુરચરણ સિંહે શો છોડવા પર આસિત મોદીએ કહ્યું કે, તેઓ પોતે જ શો છોડી ગયા હતા. આ તેનો પોતાનો નિર્ણય હતો, અમે તેને ક્યારેય શો છોડવાનું કહ્યું નથી. હવે તેને પણ લાગી રહ્યું છે કે તેણે આ શો ખોટો છોડ્યો અને તેને આ શો પસંદ છે.




વધુમાં કહ્યું કે, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને 16 વર્ષ થઈ ગયા છે. ઘણા લોકો પાસે શો છોડવાના પોતાના કારણો હતા અને અમે એ પણ અપેક્ષા રાખી શકતા નથી કે કોઈ એક્ટર કાયમ માટે શોનો ભાગ બને. પરંતુ આજે પણ ઘણા કલાકારો આ શોનો હિસ્સો છે, જે એક મોટી ઉપલબ્ધિ છે.
એક્ટર ઘણા દિવસોથી હોસ્પિટલમાં દાખલ છે, ખાવાનું પણ બંધ કરી દીધું છે ગુરુચરણે એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે તેઓ હોસ્પિટલમાં દાખલ છે. આ અંગે તેની નજીકની મિત્ર ભક્તિએ વાત કરતાં જણાવ્યું હતું કે, જ્યારે ગુરુચરણ ગુમ થયો ત્યારે તેનો પરત ફરવાનો કોઈ ઈરાદો નહોતો. તે ફક્ત તેના માતાપિતા માટે પાછો આવ્યો. પરંતુ હવે તે વારંવાર કહે છે કે તેને આ દુનિયા સાથે કોઈ લેવાદેવા નથી. તે કહે, મારે દુનિયા છોડીને જતું રહેવું છે.
'ઘરે પરત ફર્યા બાદ તેણે ખાવા-પીવાનું સાવ બંધ કરી દીધું હતું. શરૂઆતમાં તે માત્ર લિક્વિડ ડાયટ પર હતો, પરંતુ હવે તે પાણી પણ પીતો નથી. તેણે છેલ્લા 19 દિવસથી પાણીની એક ઘૂંટ પણ પીધી નથી. જેના

કારણે તેમની હાલત એટલી ખરાબ થઈ ગઈ કે તેમને દિલ્હીની હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. વધુમાં કહ્યું કે, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને 16 વર્ષ થઈ ગયા છે. ઘણા લોકો પાસે શો છોડવાના પોતાના કારણો હતા અને અમે એ પણ અપેક્ષા રાખી શકતા નથી કે કોઈ એક્ટર કાયમ માટે શોનો ભાગ બને. પરંતુ આજે પણ ઘણા કલાકારો આ શોનો હિસ્સો છે, જે એક મોટી ઉપલબ્ધિ છે.
એક્ટર ઘણા દિવસોથી હોસ્પિટલમાં દાખલ છે, ખાવાનું પણ બંધ કરી દીધું છે ગુરુચરણે એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે તેઓ હોસ્પિટલમાં દાખલ છે. આ અંગે તેની નજીકની મિત્ર ભક્તિએ વાત કરતાં જણાવ્યું હતું કે, જ્યારે ગુરુચરણ ગુમ થયો ત્યારે તેનો પરત ફરવાનો કોઈ ઈરાદો નહોતો. તે ફક્ત તેના માતાપિતા માટે પાછો આવ્યો. પરંતુ હવે તે વારંવાર કહે છે કે તેને આ દુનિયા સાથે કોઈ લેવાદેવા નથી. તે કહે, મારે દુનિયા છોડીને જતું રહેવું છે.
'ઘરે પરત ફર્યા બાદ તેણે ખાવા-પીવાનું સાવ બંધ કરી દીધું હતું. શરૂઆતમાં તે માત્ર લિક્વિડ ડાયટ પર હતો, પરંતુ હવે તે પાણી પણ પીતો નથી. તેણે છેલ્લા 19 દિવસથી પાણીની એક ઘૂંટ પણ પીધી નથી. જેના કારણે તેમની હાલત એટલી ખરાબ થઈ ગઈ કે તેમને દિલ્હીની હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.



# 'દબંગ ગર્લે' પાપારાઝીને હાંકી કાઢ્યા...!

## સતત ફોટો ક્લિક કરતાં એક્ટ્રેસે મોઢું ચડાવ્યું, કહ્યું- ચાલતા થાઓ અહીંથી; યુઝરે કહ્યું- કોઈએ રામાયણ વિશે પૂછ્યું હશે

(એજન્સી) મુંબઈ | તા.12

સોનાક્ષી સિંહા હંમેશાં તેના શાનદાર સ્વભાવ માટે જાણીતી છે, પરંતુ હાલમાં જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે પાપારાઝી પર ગુસ્સે થતી જોવા મળી રહી છે. સોનાક્ષી હાલમાં જ એક ઈવેન્ટમાં પહોંચી હતી, જ્યાં પાપારાઝી સતત તેના ફોટા ક્લિક કરી રહ્યા હતા. જેના કારણે એક્ટ્રેસ ખૂબ જ ગુસ્સે થઈ ગઈ હતી.
વાઈરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે સોનાક્ષી કોઈની સાથે વાત કરતી જોવા મળી રહી છે. આ દરમિયાન, પાપારાઝીએ તેને ઘેરી લીધી અને તેના ફોટા ક્લિક કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ થોડા સમય પછી સોનાક્ષી ચિડાઈ ગઈ અને પાપારાઝીને કહેતી જોવા મળી, 'બસ, હવે અહીંથી જાઓ, પ્લીઝ તમે જાતા રહો.'
'કોઈએ રામાયણ વિશે પૂછ્યું હશે' એક યુઝરે લખ્યું - તે ખૂબ જ ઓવર રિએક્ટ કરી રહી છે. બીજાએ લખ્યું - કોઈએ રામાયણ વિશે પૂછ્યું હશે. તો કેટલાક લોકો એક્ટ્રેસના સપોર્ટમાં આવ્યા અને લખ્યું કે- જો તમે 24 કલાક કેમેરા લઈને તેની પાછળ રહો તો કોઈને પણ ગુસ્સો આવે. તેમનો ગુસ્સો જોઈને કેટલાક લોકોને જયા બચ્ચન યાદ આવી ગયાં.
આ પહેલીવાર નથી કે જ્યારે કોઈ સ્ટાર પોતાની પ્રાઈવસીના કારણે પાપારાઝી પર ગુસ્સે થયો હોય. આ પહેલાં સાઉથ એક્ટ્રેસ કીર્તિ સુરેશનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં તેની ટીમના સભ્યો પાપારાઝીને ગાળો આપતા જોવા મળ્યા હતા. પાપારાઝી જ્યારે કીર્તિ તેની કારમાં બેઠી હતી ત્યારે તેની તસવીરો લેવાનો પ્રયાસ કરી રહી હતી. આ જોઈને કીર્તિની ટીમના સભ્યો ગુસ્સે થઈ ગયા અને પાપારાઝીને તેમની પ્રાઈવસીનો ભંગ કરવા બદલ ઠપકો આપ્યો.
સોનાક્ષી સિન્હાએ 23 જૂન 2024ના રોજ ઝહીર ઈકબાલ સાથે સિવિલ મેરેજ કર્યા છે. તેના ફિલ્મી કરિયરની વાત કરીએ તો, સોનાક્ષી સિંહા ટૂંક સમયમાં નિકિતા રોય અને ધ બુક ઓફ ડાર્કનેસમાં જોવા મળશે, જેમાં પરેશ રાવલ અને સુહેલ નય્યર મુખ્ય ભૂમિકામાં હશે.



# દિલજીત બાદ હવે હની સિંહનો કોન્સર્ટ ધૂમ મચાવશે

## મુંબઈથી ટૂરની શરૂઆત; પહેલા જ દિવસે 'મિલિયોનેર ઈન્ડિયા ટૂર'ની ટિકિટો મિનિટોમાં વેચાઈ...

(એજન્સી) મુંબઈ | તા.12

રેપર અને સિંગર હની સિંહ આ દિવસોમાં ચર્ચામાં છે. હવે ટૂંક સમયમાં તે દિલજીત દોસાંઝની જેમ દેશભરમાં કોન્સર્ટ કરવા જઈ રહ્યો છે. તેણે આ માહિતી તેના સોશિયલ મીડિયા દ્વારા આપી છે, જેને 'યો યો હની સિંહ મિલિયોનેર ઈન્ડિયા ટૂર' નામ આપવામાં આવ્યું છે. આ પ્રવાસ આવતા મહિનાથી શરૂ થશે. હની સિંહે તેના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી હતી, જેમાં તેણે આ કોન્સર્ટની તારીખો અને શહેરો વિશે માહિતી આપી હતી. હની સિંહનો પ્રવાસ મુંબઈથી 22 ફેબ્રુઆરીએ શરૂ થશે. હની સિંહ 28 ફેબ્રુઆરીએ લખનૌમાં પરફોર્મ કરશે. તેમનો કોન્સર્ટ 1લી માર્ચે દિલ્હીમાં છે. 8મી માર્ચે ઈન્દોરમાં, 14મી માર્ચે પુણેમાં, 15 માર્ચે અમદાવાદમાં અને 22 માર્ચે બેંગલુરુમાં પરફોર્મ કરશે. હની સિંહનો શો 23મી માર્ચે ચંદીગઢમાં અને 29મી માર્ચે જયપુરમાં યોજાશે. હની સિંહનો છેલ્લો પ્રવાસ 5 એપ્રિલે કોલકાતામાં હશે.
ઈન્ડિયા ટુડેના જણાવ્યા અનુસાર, 11 જાન્યુઆરીથી શોની ટિકિટોનું વેચાણ શરૂ થયું હતું અને ઝોમેટોની ડિસ્ટ્રિક્ટ એપ દ્વારા વેચવામાં આવ્યું હતું. પરંતુ લોકોની માંગ વધવાને કારણે ટિકિટના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.
1,499 રૂપિયાની ટિકિટની કિંમત વધારીને 2,500 રૂપિયા કરવામાં આવી છે. જ્યારે 6,500 રૂપિયાની ટિકિટનો ભાવ વધારીને 8,500 રૂપિયા કરવામાં આવ્યો હતો. આ સિવાય હની સિંહે તેની ઈન્સ્ટા સ્ટોરી પર લખ્યું હતું કે, 'મૌન અવાજનો અંત નથી. આ તેની શરૂઆત છે.



# 'બિગ બોસ'માં વિનર્સ પહેલાથી જ નક્કી હોય છે!

## EX-વિનર શિલ્પા શિંદેએ કર્યો ખુલાસો, કહ્યું- દર્શકોને મૂર્ખ બનાવવામાં આવે છે...

(એજન્સી) મુંબઈ | તા.12

કોન્ટ્રોવર્સી ટીવી શો બિગ બોસ-18 સતત ચર્ચામાં રહે છે. હવે આ શો ધીમે ધીમે તેના ફિનાલે તરફ આગળ વધી રહ્યો છે. આ દરમિયાન ટીવી એક્ટ્રેસ અને 'બિગ બોસ સીઝન 11'ની વિજેતા શિલ્પા શિંદેનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેણે શોના મેકર્સ પર દર્શકોને મૂર્ખ બનાવવાનો આરોપ લગાવ્યો છે.
આ વાઈરલ વીડિયોમાં શિલ્પા શિંદે કહેતી જોવા મળી રહી છે કે, 'મને ખબર નથી પરંતુ કેટલાક લોકોને ખબર પડી છે કે માત્ર મેકર્સ જ વિજેતા નક્કી કરે છે. તેઓ પોતે બનાવે છે, ઘરેથી લાવે છે અને બતાવે છે. હવે ચેનલની મેકર્સ પાસે જે પણ વ્યૂહરચના છે, લોકોને તેના વિશે ખબર પડી ગઈ છે, તેથી લોકો હવે આ શોને વધુ જોતા નથી, કારણ કે તમે કોઈને અમુક હદ સુધી જ મૂર્ખ બનાવી શકો છો.



યુઝર્સ પણ શિલ્પાના વીડિયો પર જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે. એકે લખ્યું, 'તે સાચું છે.', બીજાએ લખ્યું, 'આનો મતલબ એ છે કે મેકર્સે તમને વિજેતા બનાવ્યા, તમે હકદાર ન હતા.', ત્રીજાએ લખ્યું, હા કારણ કે હિના શોને લાયક હતી.
'બિગ બોસ 18'માં કેટલા ખેલાડીઓ બાકી છે 'બિગ બોસ 18'નો વિજેતા કોણ બનશે, તે 19 જાન્યુઆરીએ જ ખબર પડશે. અંતિમ દોડમાં કુલ 7 કન્ટેસ્ટન્ટ બાકી છે. શ્રુતિકા અર્જુન પછી, ચાહત પાંડેના એલિમેશન થવાની ચર્ચા થઈ રહી છે.

કરણવીર મહેરા, વિવિયન ડીસેના, સિલ્વર બ્રોકર્સ, ઈશા સિંહ, અવિનાશ મિશ્રા, શિલ્પા શિરોડકર, ચૂમ દારંગ
તાજેતરમાં, શોમાં ટિકિટ ટુ ફિનાલે ટાસ્ક પણ થયો જેમાં વિવિયન ડીસેના વિજેતા બન્યો પરંતુ તેણે ચૂમ દારંગને ટિકિટ આપી હતી. હજુ સુધી કોઈ ફાઈનલમાં પહોંચ્યું નથી. વિવિયન ડીસેના શરૂઆતથી જ બિગ બોસનો લાડલો રહ્યો છે. એટલા માટે વિવિયન, કરણવીર અને રજત દલાલ વિજેતા બનવાની રેસમાં આગળ છે. તેમની ફેન ફોલોઈંગ પણ મજબૂત છે.
શિલ્પા શિંદે 'બિગ બોસ 11' વિનર છે 'બિગ બોસ સીઝન 11'માં શિલ્પા શિંદે અને હિના ખાન વચ્ચે જોરદાર ટક્કર હતી, પરંતુ શિલ્પા શિંદેએ ટ્રોફી જીતી હતી. જો કે, તે સમયે સોશિયલ મીડિયા પર ઘણા લોકો માનતા હતા કે હિના ખાન ટ્રોફી જીતવાની હકદાર છે. 'બિગ બોસ 18'નો ગ્રાન્ડ ફિનાલે 19 જાન્યુઆરીએ યોજાશે.

# 'મારા માટે આ ખૂબ જ ઈમોશનલ ક્ષણ': આમિરે જુનૈદની ડેબ્યૂ ફિલ્મના ટ્રેલર લોન્ચમાં આપી હાજરી, કહ્યું- હું બાળકો માટે ક્યારેય હાજર રહ્યો નથી

(એજન્સી) મુંબઈ | તા.12

આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન અને બોની કપૂર-શ્રીદેવીની પુત્રી ખુશી કપૂર ફિલ્મ 'લવયાપા'થી મોટા પડદે ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. આમિર ખાને તાજેતરમાં જ કહ્યું હતું કે તે તેના બાળકો માટે ક્યારેય ઉપલબ્ધ નહોતો. એક્ટરે આ વાત તેના પુત્ર જુનૈદની આગામી ફિલ્મ 'લવયાપા'ના ટ્રેલર લોન્ચના અવસરે કહી હતી.
'હું પિતા તરીકે ક્યારેય ઉપલબ્ધ રહ્યો નહતો' આમીર ખાને ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં કહ્યું કે તેને તેના પુત્ર પર ગર્વ છે. જે રીતે તે પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહ્યો છે. એક્ટરે કહ્યું- હું મારા બાળકો માટે પિતા તરીકે ક્યારેય ઉપલબ્ધ નથી રહ્યો. નાનપણમાં પણ મેં તેમના પર બહુ ધ્યાન આપ્યું ન હતું. મારું બધું ધ્યાન મારી જાત પર અને મારા કામ પર જ હતું. હું 1988થી આ ઈન્ડસ્ટ્રીનો એક ભાગ છું, હું 36 વર્ષથી વધુ સમયથી આ ઈન્ડસ્ટ્રીમાં છું. હવે મારો દીકરો પણ આ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશી રહ્યો છે અને તેનો હિસ્સો બનવા જઈ રહ્યો છે, તેથી આ મારા માટે ખૂબ જ ઈમોશનલ ક્ષણ છે.
જુનૈદ આમિર અને રીનાનો પુત્ર છે. આમિરે આગળ કહ્યું- જેવી રીતે મારી માતાએ મને ઉછેર્યો હતો તેમ રીના અને મેં જુનૈદ અને ઈરાને ઉછેર્યા હતા. જુનૈદ ખાન અને ઈરા ખાન આમિર અને તેની પહેલી પત્ની રીનાના બાળકો છે. આમિરે 18 એપ્રિલ 1986ના રોજ રીના દત્તા સાથે લગ્ન કર્યા હતા.

### વર્ષ 2002માં બંનેએ છૂટાછેડા લીધા હતા.

'લવાયાપા' ફિલ્મ 7 ફેબ્રુઆરીએ રિલીઝ થશે જુનૈદ ખાનની ફિલ્મ 'લવયાપા' વિશે જણાવીએ, જેમાં બોની કપૂર-શ્રીદેવીની દીકરી ખુશી કપૂર લીડ રોલમાં છે. જુનૈદે ગયા વર્ષે નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી ફિલ્મ 'મહારાજ' સાથે સ્ક્રીન ડેબ્યૂ કર્યું હતું, જ્યારે તેની પહેલી ફિલ્મ 'લવયાપા' 7 ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનું ડિરેક્શન અદ્વૈત ચંદને કર્યું છે. ડિરેક્ટર અદ્વૈત ચંદને આમિરની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' પણ બનાવી હતી. આમિર આગામી ફિલ્મ સિતારે જમીન પરમાં જોવા મળશે.



# નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને મોટી રાહત

## વિદેશ પ્રવાસની પરવાનગી મળી, દર અઠવાડિયે પોલીસ સ્ટેશને હાજરી પુરાવવામાંથી પણ છૂટ...

(એજન્સી) મુંબઈ | તા.12

હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં 4 ડિસેમ્બરે થયેલી નાસભાગના કેસમાં અલ્લુ અર્જુનને મોટી રાહત મળી છે. તેની બિન ઈરાદે હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. હવે તેને જામીનની શરતોમાં છૂટછાટ મળી છે.



અલ્લુ અર્જુનની 13 ડિસેમ્બરે સંધ્યા થિયેટર સ્ટેમ્પેડ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. બીજા દિવસે 14 ડિસેમ્બરે તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. જામીનની શરતો મુજબ તેને દર રવિવારે ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં હાજર થવું પડતું હતું. આ ઉપરાંત તેને વિદેશ જવાની પણ મંજૂરી આપવામાં આવી ન હતી.
હવે હૈદરાબાદની નામપલ્લી કોર્ટમાંથી જામીનની શરતો હળવી કરવામાં આવી છે. એક્ટર હવે વિદેશ પ્રવાસ કરી શકશે અને તેને દર અઠવાડિયે હાજરી નોંધાવવાની જરૂર રહેશે નહીં.
રવિવારે હાજર થતા પહેલા અલ્લુ અર્જુનની કાનૂની ટીમે કોર્ટને શરતો પર તેને મુક્તિ આપવા વિનંતી કરી હતી, જેને કોર્ટે આજે મંજૂર કરી છે. કાયદાકીય ટીમે છૂટ માટે અભિનેતાની સુરક્ષાનો ઉલ્લેખ કર્યો હતો.
'પુષ્પાઃ ધ રૂલ' ફિલ્મ 5 ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. ફિલ્મની રિલીઝ પહેલા, ફિલ્મનું પ્રીમિયર હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં યોજાયું હતું. પ્રીમિયર દરમિયાન અલ્લુ અર્જુન ચાહકોને સરપ્રાઈઝ કરવા આવ્યો હતો. અલ્લુને જોવા માટે એટલી બધી ભીડ એકઠી થઈ ગઈ કે નાસભાગ મચી ગઈ હતી. ભીડ બેકાબૂ બની જવાને કારણે ઘણા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી અને ઘણા લોકો બેભાન થઈ ગયા. આ દરમિયાન રેવતી નામની મહિલાનું મોત થયું હતું, જ્યારે તેનો પુત્ર શ્રેતેજ ગંભીર રીતે ઘાયલ થયો હતો.

# આગથી ડરી પ્રીતિ ઝિન્ટા, ડરામણી વાસ્તવિકતાનો વર્ણવ્યો ચિતાર...

(એજન્સી) મુંબઈ | તા.12

90ના દાયકાની સુંદર અને પ્રખ્યાત અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા લાંબા સમયથી રૂપેરી પડદાથી દૂર છે. પ્રીતિ ઝિન્ટા તેના લગ્ન પછીથી લોસ એન્જલસમાં રહે છે. જો કે હા તે વારંવાર ભારત આવતી જતી રહે છે પરંતુ 2016માં લગ્ન પછી તો તે લોસ એન્જલસ શિફ્ટ થઈ ગઈ છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર વધારે એક્ટિવ જોવા મળે છે. તે પોતાના ફોટો અને વીડિયો શેર કરતી જોવા મળે છે. ત્યારે આ વચ્ચે અભિનેત્રીએ તેના મનમા રહેલા ડર વિશે શેર કર્યુ છે.
મહત્વનું છે કે લોસ એન્જલસમાં લાગેલી ભયાનક આગથી દરેક લોકો દુઃખી છે. દિવસ જાય તેમ આગ ઘટવાને બદલે વધી રહી છે. ભયાનક આગમાં અનેક લોકો બેઘર થયા છે તેમજ લોકોના ઘર બળીને ખાખ થયા છે. આ સમયે લોસ એન્જલસમાં દરેક જગ્યાએ વિનાશની સ્થિતિ જોવા મળી રહી છે. લોકો આ આગ ઓલવાઈ જાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. ઘણા મોટા બોલિવૂડ સ્ટાર્સ પણ લોસ એન્જલસમાં રહે છે, જેઓ આ ભડકતી આગ જોઈને ડરી ગયા છે.
પ્રીતિ ઝિન્ટાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે ત્યાંના દ્રશ્યનું વર્ણન કર્યું છે. પ્રીતિ ઝિન્ટાએ પોતાની પોસ્ટ દ્વારા બધાને જણાવ્યું છે કે તે શહેરમાં લાગેલી આગથી સુરક્ષિત છે.



જોકે, તેમણે આ મુશ્કેલ સમયમાં ત્યાં હાજર લોકોની વેદના શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. પ્રીતિ ઝિન્ટાએ X પર લખ્યું કે મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે એવો દિવસ આવશે જ્યારે આગ આસપાસના પડોશને બરબાદ કરી દેશે. અમારા મિત્રો અને પરિવારોને ત્યાંથી ખાલી કરાવી દેવામાં આવશે અથવા તેમને હાઈ એલર્ટ પર રાખવામાં આવશે. ડર છે કે જ્યારે જોરથી પવન ફૂંકાશે તો કોણ જાણે શું થશે અમારી અને અમારા બાળકો સાથે. હું ચોમેર થયેલી બરબાદીથી દુઃખી છું અને ભગવાનની આભારી છું કે અમે અત્યાર સુધી સુરક્ષિત છીએ.

# એક વર્ષ બાદ ટીમમાં શમીનું કમબેક

## ઇંગ્લેન્ડ સામેની T-20 સિરીઝમાં બુમરાહ અને સિરાજને આરામ



(એજન્સી) મુંબઈ તા 12

ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝમાં ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું કમબેક થયું છે. તે ODI વર્લ્ડ કપ ફાઈનલના 14 મહિના પછી એક ઈન્ટરનેશનલ મેચ રમશે. જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજને આરામ આપવામાં આવ્યો છે. બીસીસીઆઈએ શનિવારે રાત્રે ટીમ યાદી જાહેર કરી. અક્ષર પટેલને ટીમનો વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે, સૂર્યકુમાર યાદવ ટીમની કેપ્ટનશિપ કરશે. તેની જગ્યાએ ધ્રુવ જુરેલ બેકઅપ વિકેટકીપર રહેશે. વોશિંગ્ટન સુંદર અને નીતિશ કુમાર રેડ્ડીને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું. T20 શ્રેણીની પહેલી મેચ 22 જાન્યુઆરીએ રમાશે. 3 વનડે મેચની સિરીઝ 6 ફેબ્રુઆરીથી શરૂ થશે. ODI સિરીઝ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમની જાહેરાત કરવામાં આવી નથી. મોહમ્મદ શમી 14 મહિના બાદ વાપસી કરી રહ્યો છે. તેણે ભારત માટે તેની છેલ્લી મેચ 19 નવેમ્બર 2023ના રોજ રમી હતી. જો સિરીઝમાં તે પોતાની ફિટનેસ સાબિત કરે છે તો ચેમ્પિયન્સ ટ્રાફી માટે ભારતીય ટીમમાં સામેલ થવાની સંભાવના વધી જશે. ભારતીય ટીમમાં શિવમ દુબે, જિતેશ શર્મા, રિષભ પંત અને આવેશ ખાનને જગ્યા મળી નથી. રિયાન પરાગને પણ તક મળી નથી. જ્યારે ધ્રુવ જુરેલ અને હર્ષિત રાણાને જગ્યા મળી છે. આનો અર્થ એ થયો કે પસંદગીકારોએ ભારતીય ટીમમાં બેટિંગ લાઇનઅપની ઊંડાઈ પર ભાર મૂક્યો છે. પેસ અને સ્પિન બોલિંગ માટેના વિકલ્પો પણ છે. ભારતની T20 ટીમ- સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અક્ષર પટેલ (વાઈસ-કેપ્ટન), સંજુ સેમસન, અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ, નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી અને વોશિંગ્ટન સુંદર.

# ઇંગ્લેન્ડ સિરીઝ: રાહુલના બીસીસીઆઇ પસંદગીકારોનો આરામ પર યુ-ટર્ન માર્યો

## પહેલા રેસ્ટ આપ્યો હતો, હવે વન-ડે સિરીઝ રમવાનું જણાવ્યું

(એજન્સી) મુંબઈ તા 12



BCCIના પસંદગીકારોએ ઈંગ્લેન્ડ શ્રેણી માટે કેએલ રાહુલની પસંદગી પર યુ-ટર્ન લીધો છે. પસંદગીકારોએ તેને ઈંગ્લેન્ડ સામેની વન-ડે સિરીઝ રમવા માટે કહ્યું છે, જેથી રાહુલને ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા સારી પ્રેક્ટિસ મળે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે અગાઉ ચેમ્પિયન્સ ટ્રોફી સુધી રાહુલને આરામ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જે હવે બદલાઈ ગયો છે. ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા 3 ODI અને 5 T20 સિરીઝ રમવાની છે. ODI સિરીઝની મેચ 6, 9 અને 12 ફેબ્રુઆરીએ રમાશે. તે જ સમયે, T20 સિરીઝની મેચ 22 જાન્યુઆરીથી શરૂ થશે. બોર્ડર-ગાવસ્કરની તમામ મેચમાં રાહુલ રમ્યો કેએલ રાહુલે ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની તમામ મેચ રમી હતી. તેણે 5 ટેસ્ટ મેચમાં 30.66ની એવરેજથી 276 રન બનાવ્યા. જેમાં 2 અડધી સદી સામેલ છે. કર્ણાટક વિજય હજારે ટ્રોફીમાંથી પણ ટીમની બહાર રહ્યો રાહુલે વિજય હજારે ટ્રોફીમાંથી પણ બહાર રહેવાનો નિર્ણય લીધો છે. કર્ણાટકની ટીમ આજે એટલે કે 11મી જાન્યુઆરીએ વડોદરા સામે ક્વાર્ટર ફાઈનલ મેચ રમશે. રાહુલ આમાં નહીં રમે. જો કર્ણાટકની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં જીત મેળવીને આગળ વધે તો પણ રાહુલ વિજય હજારે ટ્રોફીમાં ભાગ નહીં લે.

# તમીમ ઈકબાલે ફરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

## 2023માં પણ લીધી હતી, ત્યારે 24 કલાકમાં નિર્ણય બદલ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી તા 12

બાંગ્લાદેશના પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલે ફરી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. આ બીજી વખત છે જ્યારે તેણે તેની કારકિર્દીને અલવિદા કહ્યું છે. તમીમ પણ જુલાઈ 2023માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયો હતો, પરંતુ 24 કલાકની અંદર પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો.

તમીમ તાજેતરમાં નેશનલ સિલેક્શન પેનલને મળ્યો હતો. ICC ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની જાહેરાત થાય તે પહેલા જ તેણે નિવૃત્તિ લઈ લીધી હતી. તમીમ સપ્ટેમ્બર 2023માં બાંગ્લાદેશ માટે છેલ્લી મેચ રમ્યો હતો. તેણે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ફેબ્રુઆરી 2007માં ઝિમ્બાબ્વે સામેની ODI મેચથી શરૂ કરી હતી. તમિમે



ફેબ્રુઆરી 2007માં ઝિમ્બાબ્વે સામેની ODI મેચથી તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તમીમ ઈકબાલે 70 ટેસ્ટ મેચમાં 38.89ની એવરેજથી 5134 રન બનાવ્યા છે. જેમાં 10 સદી અને 31 અડધી સદી સામેલ છે. તેના નામે 243 વનડેમાં 36.65ની એવરેજથી 8357 રન છે. વન-ડે ઈન્ટરનેશનલમાં 14 સદી અને 56 અડધી સદી ફટકારી. તમીમે 78 T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં 24.08ની સરેરાશથી 1758 રન બનાવ્યા છે. આમાં તેના નામે એક સદી અને સાત અડધી સદી છે. તમીમે 8 જાન્યુઆરીએ સિલ્હટમાં બાંગ્લાદેશના પસંદગીકારોને તેના નિર્ણયની જાણ કરી હતી. ગાઝી અશરફ હુસૈનની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ તેને ચેમ્પિયન્સ ટ્રોફી માટે બાંગ્લાદેશની ટીમમાં પરત ફરવાનું કહ્યું હતું. તમીમે પછી તેમને કહ્યું કે તે નિવૃત્તિના નિર્ણય પર અડગ રહેશે, પરંતુ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો સહિત કેટલાક બાંગ્લાદેશી ખેલાડીઓએ તેને પુનર્વિચાર કરવા વિનંતી કરી, જેના પછી તેણે વધુ એક દિવસ લીધો.

# વરુણ એરોને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માંથી નિવૃત્તિ લીધી

(એજન્સી) નવી દિલ્હી તા 12

ભારતીય ફાસ્ટ બોલર વરુણ એરોને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. વિજય હજારે ટ્રોફી 2024-25 (VHT)માંથી ઝારખંડની બહાર થયા બાદ 35 વર્ષીય વરુણે આ જાહેરાત કરી હતી. વરુણે 2023-24ની રણજી સિઝનના અંતે રેડ બોલ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું અને હવે તેણે વ્હાઈટ બોલનું ફોર્મેટ પણ છોડવાનો નિર્ણય લીધો છે. તેણે VHT 2024-25 લિસ્ટ A (ODI) ટુર્નામેન્ટની 4 મેચમાં 53.33ની સરેરાશથી 3 વિકેટ લીધી હતી. ઈજાઓમાંથી બહાર આવવા માટે સખત મહેનત કરી: એરોન એરોને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લખ્યું, હું છેલ્લા 20 વર્ષથી ઝડપી બોલિંગ કરી રહ્યો છું. આજે હું સત્તાવાર રીતે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરું છું. વર્ષોથી, મેં કારકિર્દી માટે જોખમી ઈજાઓને દૂર કરવા સખત મહેનત કરી છે અને ફરીથી અને ફરીથી કમબેક કર્યું છે, અને આ માટે હું નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)ના મારા ફિઝિયો, ટ્રેનર્સ અને કોચનો આભાર માનું છું.

# ટેસ્ટ જર્સીનો ફોટો શેર કરીને બાપુએ શું સંકેત આપ્યા?

(એજન્સી) નવી દિલ્હી તા 12

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ હાલ ખૂબ જ ચર્ચામાં છે. એ પછી ડિવોર્સની વાતને લઈને હોય કે પછી ખરાબ પ્રદર્શનને લઈને હોય કે પછી નિવૃત્તિને લઈને હોય... હાલમાં જ પૂરી થયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતને શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો. ત્યારે સિડની ટેસ્ટ પછી ટીમના અમુક સિનિયર ખેલાડીઓ રિટાયરમેન્ટ લેશે એવી પણ ચર્ચાએ જોર પકડ્યું હતું.

આ બધા વચ્ચે ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની ઈન્સ્ટા સ્ટોરીથી સોશિયલ મીડિયામાં ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એવી પોસ્ટ કરી છે કે તેના ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે અને તેના સાથી ખેલાડી અશ્વિન પછી હવે જાડેજાની નિવૃત્તિ અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. હકીકતમાં જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની ટેસ્ટ જર્સીનો ફોટો પોસ્ટ કર્યો છે. સામાન્ય રીતે ખેલાડીઓ તેમના ડેબ્યૂ પર અથવા છેલ્લી મેચમાં એને શેર કરે છે, તેથી જાડેજાએ અચાનક એને શેર કર્યા પછી દરેક જગ્યાએ ચર્ચાનો દોર શરૂ થઈ ગયો.

ભારતનું આ વર્ષે શિડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે. ત્યારે જાડેજાના પોસ્ટના ટાઈમિંગે આ બાબતને વધુ રસપ્રદ બનાવી દીધી છે. 22 જાન્યુઆરીથી શરૂ થતી આ સિરીઝમાં ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે પાંચ T20 અને ત્રણ વન-ડે રમશે. ત્યાર બાદ ટીમ હાઈબ્રિડ હોસ્ટિંગ મોડેલ હેઠળ દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમશે. આગામી સિરીઝ માટે ટીમની જાહેરાત ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે અને જાડેજાનો સમાવેશ કે બાકાત એના ભવિષ્ય વિશે વધુ સ્પષ્ટતા આપી શકે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ટીમમાં અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરના સ્થાનને લઈને ડિબેટ થઈ રહી છે, જેમાં અક્ષર અને સુંદરનું સ્થાન લગભગ નક્કી હોવાનું માનવામાં આવી રહ્યું છે, જ્યારે ત્રીજા સ્પિનર તરીકે ટીમમાં નહીં લેવામાં આવે તો તેની વ્હાઈટ બોલ કરિયર પર લગભગ પૂર્ણવિરામ મુકાઈ ગયું હોવાનું મનાશે. આ બધા રિપોર્ટ્સ વચ્ચે જ જાડેજાની આવી ઈન્સ્ટાગ્રામ સ્ટોરીથી એ પણ ચર્ચા છે કે તે માત્ર હવે ટેસ્ટમાં રમતો દેખાશે.



# વિનોદ કાંબલીની પત્નીએ મોટો ખુલાસો કર્યો

(એજન્સી) નવી દિલ્હી તા 12

પૂર્વ ભારતીય ક્રિકેટર વિનોદ કાંબલીની પત્ની એન્ડ્રીયાએ તેમની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી ઘણી મહત્વની બાબતોનો ખુલાસો કર્યો છે. તેણે સચિન તેંડુલકરના વર્તન વિશે પણ વાત કરી છે. તો ચાલો જાણીએ તેમણે શું ખુલાસો કર્યો છે. થોડા દિવસો પહેલા ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર અને વિનોદ કાંબલી બંનેએ મુંબઈમાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પરંતુ વિનોદની હાલત જોઈને ચાહકો ચોંકી ગયા હતા. આ બધી ચર્ચાઓ વચ્ચે હવે વિનોદ કાંબલીની પત્ની એન્ડ્રીયાએ પોતાનું મૌન તોડ્યું છે અને તેના અંગત અને ખાનગી જીવન વિશે ઘણા ખુલાસા કર્યા છે. એન્ડ્રીયાએ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો કે, તેના લગ્ન, નાણાકીય સમસ્યાઓ અને કાંબલીના દારુના વ્યસનથી તેના જીવન પર કેવી અસર પડી. વિનોદ કાંબલી અને એન્ડ્રીયાના લગ્ન 2006માં થયા હતા, પરંતુ શરૂઆતમાં તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ મુશ્કેલ હતી. વિનોદ લગ્ન પહેલા કોઈ મહિલા સાથે હેંગઆઉટ કરતો હતો. સચિન તેંડુલકરને તે મહિલા બહુ પસંદ નહોતી. તેમણે વિનોદને એન્ડ્રીયા સાથે લગ્ન કરવાની સલાહ આપી હતી.

# બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીના ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થવાની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી તા 12

ભારતનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આવતા મહિને યોજાનારી ICC ચેમ્પિયન્સ ટ્રોફીના ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ મુજબ, બુમરાહની પીઠમાં સોજો છે. આ માટે તેને બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)માં રિપોર્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે. તેની રિકવરી પર અહીં નજર રાખવામાં આવશે.



ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સિડની ટેસ્ટના બીજા દિવસે બુમરાહને પીઠમાં થોડી તકલીફ થઈ હતી, ત્યારબાદ તેને સ્કેન માટે લઈ જવામાં આવ્યો હતો. આ પછી તે મેચમાં બોલિંગ કરી શક્યો ન હતો. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થશે. ભારત તેની પ્રથમ મેચ 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં જ સંપૂર્ણ ફિટ થવાની અપેક્ષા ભારતીય પસંદગીકારોએ શનિવારે મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝ માટે ટીમની પસંદગી કરવા માટે બેઠક યોજી હતી. રિપોર્ટ અનુસાર, આ દરમિયાન તેને બુમરાહની ફિટનેસ વિશે જાણકારી આપવામાં આવી હતી. BCCIના એક સૂત્રના જણાવ્યા અનુસાર, બુમરાહ માર્ચના પ્રથમ સપ્તાહ સુધી સંપૂર્ણ રીતે ફિટ થઈ જશે તેવી અપેક્ષા છે. તે પહેલા તે ત્રણ અઠવાડિયા સુધી NCAમાં રહેશે. સ્વસ્થ થયા પછી પણ, તેણે NCAમાં એક કે બે મેચ રમવી પડશે, પછી ભલે તે પ્રેક્ટિસ મેચ હોય, જે તેની મેચ ફિટનેસ જોવા માટે રમવામાં આવશે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ક્રિકેટરને લાગ્યો ઝટકો

(એજન્સી) નવી દિલ્હી તા 12

ચેમ્પિયન ટ્રોફી 2025 શરુ થવામાં હવે માત્ર 5 અઠવાડિયાનો સમય લાગ્યો છે. 19 ફ્રેબુઆરીથી શરુ થનાર આ ટૂર્નામેન્ટ પહેલા બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસન સતત બીજી વખત બોલિંગ એક્શનના ટેસ્ટમાં ફેલ રહ્યો છે. ચેમ્પિયન ટ્રોફી 2025 શરુ થવામાં હવે માત્ર 5 અઠવાડિયાનો સમય રહ્યો છે 19 ફ્રેબ્રુઆરીથી શરુ થનારી આ ટૂર્નામેન્ટ પહેલા બાંગ્લાદેશને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસન સતત બીજી વખત બોલિગ એક્શન ટેસ્ટમાં ફેલ રહ્યો છે. જેના કારણે તેના પર આ પ્રતિબંધ ચાલુ રહેશે. એટલે કે, બાંગ્લાદેશ માટે તે આ ટૂર્નામેન્ટમાં બોલિંગ કરી શકશે નહિ. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે, ચેન્નાઈના શ્રી રામ ચંદ્ર ટેસ્ટ ફોર સ્પોર્ટસ સાયન્સમાં શાકિબે બોલિંગ એક્શન માટે ગત્ત મહિને ટેસ્ટ આપી હતી. જેમાં તે પાસ થઈ શક્યો નહિ. ત્યારબાદ તેમણે સ્વતંત્ર તપાસ માટે ભારત આવ્યો. પણ અહીં પણ તે નિષ્ફળ ગયો. તમને જણાવી દઈએ કે બોલિંગ પરથી પ્રતિબંધ હટાવવા માટે સફળ પરીક્ષણ જરૂરી છે. શાકિબ બોલિંગથી ટીમને યોગદાન આપી શકશે નહિ પરંતુ ઘરેલું અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તે બેટ્સમેન તરીકે રમવા માટે યોગ્ય છે. શાકિબ અલી પર પ્રતિબંધ લાગવાથી બાંગ્લાદેશની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. તે ટીમનો સૌથી અનુભવી ખેલાડી છે અને 247 વનડે રમી ચૂક્યો છે.

# કોણ છે દેવજીત સૈકિયા, જે BCCI ના નવા સેક્રેટરી બનશે?

(એજન્સી) નવી દિલ્હી તા 12

જય શાહ ડિસેમ્બર 2024માં આઈસીસી ચેરમેન બન્યા બાદ BCCIનું સચિવ પદ ખાલી છે. આ દરમિયાન બોર્ડના જોઈન્ટ સેક્રેટરી દેવજીત સૈકિયા વચગાળાના સચિવની ભૂમિકા ભજવી રહ્યા હતા. જે બાદ તેમણે ચૂંટણીમાં પોતાનું ઉમેદવારીપત્ર પણ ભર્યું અને અહીં તેઓ બિનહરીફ ચૂંટાઈ આવવાના છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ માટે રવિવાર 12 જાન્યુઆરીનો દિવસ ખુબ ખાસ રહેવાનો છે. અંદાજે ડોઢ મહિનાના લાંબા સમય બાદ દુનિયાની સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ એક નવા સચિવ એટલે કે, સેક્રેટરી મળવાની છે. ભારતીય બોર્ડમાં સૌથી તાકતવર પોઝિશન છે. આ પદ પર સચિવ તરીકે દેવજીત સૈકિયાનું નામ લેવામાં આવી રહ્યું છે.દેવજીત સૈકિયા જે છેલ્લા 2



વર્ષથી વધારે સમયથી બીસીસીઆઈ સાથે જોડાયેલા છે. રવિવારના રોજ બીસીસીઆઈની એક સ્પેશિયલ જનરલ મીટિંગમાં સાઈકિયાના નામની જાહેરાત થઈ શકે છે.ત્યારે દેશના દરેક ક્રિકેટ ચાહક પણ એ જાણવા માંગે છે કે, દેવજીત સૈકિયા કોણ છે. તે વિશ્વના સૌથી ધનિક ક્રિકેટ બોર્ડના સૌથી શક્તિશાળી પદ પર કેવી રીતે પહોંચ્યા?

# રુતુરાજ ગાયકવાડની ટીમ સેમિફાઈનલમાં

(એજન્સી) નવી દિલ્હી તા 12

શનિવારે વિજય હજારે ટ્રોફીની ત્રીજી અને ચોથી ક્વાર્ટર ફાઈનલ મેચ રમાઈ હતી. આ દરમિયાન મયંક અગ્રવાલના નેતૃત્વ હેઠળના કર્ણાટકે કૃણાલ પંડ્યાના બરોડાને હરાવ્યું. આ દરમિયાન રુતુરાજ ગાયકવાડના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્રે મધ્યપ્રદેશને હરાવ્યું. આ બે જીત સાથે, કર્ણાટક અને મહારાષ્ટ્રે સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. આ મેચમાં મહારાષ્ટ્રે પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 275 રન બનાવ્યા હતા. 19 વર્ષીય ઓપનર અર્શીન કુલકર્ણીએ 137 બોલમાં 14 ચોગ્ગાની મદદથી 107 રનની શાનદાર ઈનિંગ રમી. આ સિવાય અંકિત બાવનેએ 60 અને નિખિલ નાઈકે 52 રન બનાવ્યા હતા. પંજાબ તરફથી અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરી અને 56 રન આપીને 3 વિકેટ લીધી.

# આ સ્ટાર ખેલાડીએ માત્ર 32 મેચમાં સૌથી વધુ સદી ફટકારવાનો બનાવ્યો અનોખો રેકોર્ડ

(એજન્સી) સિડની તા 12

બિગ બેશ લીગમાં સિડની સિક્સર્સના બેટ્સમેને પર્થ સ્કોર્ચર્સ સામે ઐતિહાસિક સદી ફટકારી હતી. આ ખેલાડીએ 32 મેચોની કારકિર્દીમાં લીગના ઈતિહાસમાં સૌથી વધુ સદી ફટકારવાના રેકોર્ડની બરાબરી કરી હતી. આ ખેલાડી તાજેતરમાં બોર્ડર ગાવસ્કર ટ્રોફીનો ભાગ હતો. બિગ બેશ લીગ 2024-25ની 30મી મેચમાં સિડની સિક્સર્સ અને પર્થ સ્કોર્ચર્સની ટીમો સામસામે આવી હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેને સિડની સિક્સર્સ તરફથી રમતા યાદગાર ઈનિંગ રમી હતી. આ સ્ટાર ખેલાડી તાજેતરમાં બોર્ડર ગાવસ્કર ટ્રોફીનો ભાગ હતો. તે આ સિરીઝમાં કંઈ ખાસ કરી શક્યો નહોતો. પરંતુ તે બિગ બેશ લીગમાં શાનદાર શરૂઆત કરવામાં સફળ રહ્યો. આ સ્ટાર ખેલાડી બીજું કોઈ નહીં પણ સ્ટીવ સ્મિથ છે, સ્ટીવ સ્મિથે પર્થ સ્કોર્ચર્સ સામે જોરદાર સદી ફટકારી અને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. ખાસ વાત એ છે કે આ મેચમાં તે ઓપનિંગ કરવા આવ્યો હતો અને અણનમ રહીને પેવેલિયન પરત ફર્યો હતો.



# પહેલીવાર બની ઘટના, પુત્રની બોલિંગમાં પિતાએ પકડ્યો કેચ

(એજન્સી)નવી દિલ્હી તા 12

બિગ બેશ લીગ 2024-25માં એક અનોખી ઘટના જોવા મળી હતી. લીગની 31મી મેચ દરમિયાન બોલરના બોલ પર સિક્સર આવી હતી અને તે દરમિયાન સ્ટેન્ડમાં બેઠેલા આ ખેલાડીના પિતાએ કેચ પકડ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી બિગ બેશ લીગ 2024-25ની 31મી મેચ એડિલેડ સ્ટ્રાઈકર્સ અને બ્રિસ્બેન હીટની ટીમો વચ્ચે રમાઈ હતી. આ મેચ ખૂબ જ હાઈ સ્કોરિંગ હતી, આખી મેચમાં કુલ 446 રન જોવા મળ્યા હતા. આ મેચમાં એક એવી ઘટના પણ બની જેણે બધાને ચોંકાવી દીધા. વાસ્તવમાં, મેચમાં એક બોલરના બોલ પર સિક્સર આવી હતી અને તે દરમિયાન સ્ટેન્ડ પર બેઠેલા એક વ્યક્તિએ કેચ પકડ્યો હતો. પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે આ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ આ બોલરના પિતા હતા.



# એડિલેડ ઇન્ટરનેશનલમાં ફેલિક્સ ચેમ્પિયન બન્યો, છઠ્ઠું ટાઇટલ જીત્યું

કેનેડા તા 12

ફેલિક્સએ સાઉથ ઓસ્ટ્રેલિયામાં ખિતાબ જીતિયો

કેનેડાના પ્રતિભાશાળી ખેલાડી ફેલિક્સ એગુર એલિયાસિમે સાઉથ ઓસ્ટ્રેલિયામાં રમાયેલી એડિલેડ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું હતું. ફાઈનલમાં તેણે અમેરિકાના સબાસ્ટિયન કોર્ડાને 6-3, 3-6, 6-1થી હરાવ્યો હતો અને આ સાથે તેણે કારકિર્દીમાં છઠ્ઠું એટીપી ટાઈટલ પોતાના નામે કર્યું હતું. વિશ્વમાં 29મો ક્રમાંક ધરાવતો ફેલિક્સ રવિવારથી રમાનારા ઓસ્ટ્રેલિયન ઓપન માટેના દાવેદાર ખેલાડીઓમાં સામેલ છે. તેણે પ્રથમ સેટ 30 મિનિટમાં જીતી લીધો હતો. તેણે ફર્સ્ટ સર્વિસમાં 17 પોઈન્ટ મેળવ્યા હતા. બીજા સેટમાં કોર્ડાએ વળતો પ્રહાર કર્યો હતો અને ફાઈનલને ત્રીજા સેટ સુધી લંબાવી હતી.

## 12 હજાર ઘર બળીને રાખ, પાડોસી રાજ્યો મદદે આવ્યા; વહીવટીતંત્રે કર્ફ્યુ જાહેર કર્યો

# કેલિફોર્નિયાની આગમાં અનેક લોકો ગાયબ, 16નાં મોત

(એજન્સી) લોસ એન્જલસ તા 12

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં છેલ્લા 6 દિવસથી લાગેલી આગ પર હજુ સુધી કાબૂ મેળવી શકાયો નથી. જેના કારણે અત્યાર સુધીમાં 16 લોકોના મોત થયા છે. ઘણા લોકો ગુમ થવાની આશંકા છે. ભારે પવનને કારણે આગનો ફેલાવો વધ્યો છે. હાલમાં તે 80 કિમી પ્રતિ કલાકની ઝડપે ફુંકાઈ રહ્યો છે. અમેરિકાને આગ પર કાબુ મેળવવામાં મદદ કરવા માટે મેક્સિકોથી ફાયર ફાઈટર્સ પહોંચ્યા છે. આગના સંકટ વચ્ચે કેલિફોર્નિયાના સાંતા મોનિકા શહેરમાં લૂંટની ઘટના સામે આવી છે, જે બાદ વહીવટીતંત્રે કર્ફ્યુ જાહેર કર્યો છે. આ કેસમાં 20 લોકોની ધરપકડ કરવામાં આવી છે. રોઈટર્સના જણાવ્યા અનુસાર, લોસ એન્જલસ (LA)માં આગને કારણે અત્યાર સુધીમાં આશરે રૂ. 11.6 લાખ કરોડ (135 બિલિયન ડોલર)નું નુકસાન થવાનો અંદાજ છે. અહી આગ પર અમુક અંશે કાબુ મેળવી લેવામાં આવ્યો છે.અભિનેત્રીએ વધુમાં લખ્યું, 'મારી આસપાસના વિનાશથી હું દુખી છું અને ભગવાનની આભારી છું કે અમે હજી પણ સુરક્ષિત છીએ.' અભિનેત્રીએ આગળ વિસ્થાપિત થયેલા અથવા આગમાં બધું ગુમાવનારા લોકો માટે તેની સંવેદના વ્યક્ત કરતા પ્રાર્થના કરી. તેણે ફાયર વિભાગ, ફાયર ટીમના જવાનો અને જાન-માલને બચાવવામાં મદદ કરનાર દરેકનો આભાર માન્યો હતો.લોસ એન્જલસ કાઉન્ટી પોલીસ વિભાગે જણાવ્યું કે 16 મૃતકો સિવાય 13 લોકો હજુ પણ ગુમ છે. ડોગ સ્કવોડની મદદથી આગ અસરગ્રસ્ત વિસ્તારોમાં આવેલા ઘરો અને અન્ય ઈમારતોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.



### આગથી 16 લોકોના મોત અને 12,000થી વધુ ઈમારતો નાશ પામી

ભારે પવનોએ લોસ એન્જલસમાં જંગલની આગને વધુ વિકરાળ બનાવી દીધી છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે આગમાં ઓછામાં ઓછા 16 લોકો માર્યા ગયા હતા અને 12,000થી વધુ ઈમારતો નાશ પામી હતી. ફાયર ફાયટર આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ ભારે પવન તેમના કામને મુશ્કેલ બનાવી રહ્યો છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આજે રાત્રે અને સોમવારથી શરૂ થતા અઠવાડિયાના પ્રથમ થોડા દિવસોમાં ભારે પવનની શક્યતા છે, જેનાથી આગ વધુ ફેલાવાનું જોખમ વધી શકે છે.

### પ્રીતિ ઝિન્ટાએ કહ્યું- હું અને મારો પરિવાર સુરક્ષિત છીએ, ભગવાનનો આભાર

લોસ એન્જલસના ઈતિહાસમાં સૌથી ભયંકર જંગલની આગ આખા શહેરમાં ફેલાઈ અને ઘણા હોલીવુડ સેલેબ્સના ઘરોને રાખ કરી દીધા. આ દરમિયાન બોલિવૂડ એક્ટ્રેસ પ્રીતિ ઝિન્ટા પોતાના પરિવાર સાથે વિદેશમાં રહે છે. તેણે આ અપડેટ ફેન્સ સાથે શેર કર્યું છે. પ્રીતિ ઝિન્ટાએ સોશિયલ મીડિયા પર એક અપડેટ શેર કર્યું અને ચાહકોને ખાતરી આપી કે તે અને તેનો પરિવાર લોસ એન્જલસમાં ચાલી રહેલી જંગલની આગ વચ્ચે 'અત્યાર સુધી' સુરક્ષિત છે.

### અભિનેત્રીએ x પર લખ્યું,

'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું એવો દિવસ જોઈશ જ્યારે લોસ એન્જલસમાં અમારી આસપાસના વિસ્તારોમાં આગ લાગશે, મિત્રો અને પરિવારોના ઘર કાં તો ખાલી કરવામાં આવશે કે હાઈ એલર્ટ અપાશે. ધુમાડાના આકાશમાંથી બરફની જેમ રાખ વરસશે અને જો પવન શાંત નહીં થાય તો શું થશે તે અંગે ભય હશે, અમારી સાથે નાના બાળકો અને દાદા દાદી હશે.'

**આગ પછી પાણીના હાઈડ્રેન્ટ્સ ખાલી થયા :** લોસ એન્જલસ વોટર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, આગ લાગતા પહેલા કેલિફોર્નિયામાં તમામ વોટર હાઈડ્રેન્ટ્સ સંપૂર્ણ રીતે કાર્યરત હતા. આગ ઓલવવા માટે પાણીની વધુ માંગને કારણે સિસ્ટમ પર પ્રેશર વધ્યું અને જળસ્તરમાં ઘટાડો થયો. તેના કારણે 20% વોટર હાઈડ્રેન્ટ્સને અસર થઈ. ખરેખરમાં, કેલિફોર્નિયામાં ઘણી જગ્યાએ વોટર હાઈડ્રેન્ટ્સ ખાલી થઈ ગયા છે. NYT મુજબ, રાજ્યના ગવર્નર ગેવિન ન્યૂઝોમે શુક્રવારે વોટર હાઈડ્રેન્ટમાં આટલી ઝડપથી પાણી કેવી રીતે ખતમ થઈ ગયું.

## તિબેટ ભૂકંપનું લાઈવ મંજર કેમેરામાં કેદ: પત્તાના મહેલની જેમ મકાન ધરાશાયી

(એજન્સી) તિબેટ તા 12

7 જાન્યુઆરીએ તિબેટમાં આવેલો ભૂકંપ છેલ્લા 75 વર્ષમાં લ્હાસા બ્લોકમાં આવેલો સૌથી મજબૂત ભૂકંપ છે. આ પ્રચંડ ભૂકંપમાં 126 લોકોના મોત થયા હતા. જ્યારે 130 લોકો ઘાયલ થયા છે. ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટરના જણાવ્યા અનુસાર, રિએક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 6.8 માપવામાં આવી હતી.

તાજેતરમાં તિબેટમાં થયેલા ભૂકંપે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. 7 જાન્યુઆરી, 2025ના રોજ 6.8 તીવ્રતાવાળો ભૂકંપ તિબેટના ડીંગરી કાઉન્ટી (શિગાઝે શહેર) માં આવ્યો, જેમાં 126 લોકોના મૃત્યુ થયા અને 188 લોકો ઘાયલ થયા છે. આ ભૂકંપ લ્હાસા બ્લોકમાં આવ્યો હતો, તમને જણાવી દઈએ કે આ ભૂકંપનો વીડિયો હાલ બહાર આવ્યો છે, તે જોતા જ તમને પણ ભૂકંપનો અહેસાસ થશે. જો કે આ ભૂકંપનું વિજ્ઞાનિક દ્રષ્ટિથી કારણ ખૂબ જ રસપ્રદ છે. તો ચાલો તમને આનું કારણ અમે તમને જણાવીશું સામાન્ય રીતે ભૂકંપ ટેક્ટોનિક પ્લેટોના દબાણના કારણે આવતો હોય છે. પરંતુ તિબેટના ભૂકંપનું કારણ છે કે અહીં હિંદ મહાસાગર પ્લેટ અને યુરેશિયન પ્લેટનો સંપર્ક થાય છે જેથી આ બંને પ્લેટો વચ્ચે સતત દબાણનું પ્રમાણ રહે છે, જે ભૂકંપ લાવી શકે છે. આ પ્લેટ ઉત્તર દિશામાં ખસકતી રહી છે અને યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે. આ અથડામણને કારણે હિમાલયનો ઢાંચો તૈયાર થયો અને તિબેટમાં ભૂકંપો આવ્યો હતો.1950 થી આજદિન સુધી, લ્હાસા બ્લોકમાં 6.0 થી વધુ તીવ્રતાવાળા 21 ભૂકંપ આવી ચૂક્યા છે, જેમાંથી મહત્તમ તીવ્રતા 6.9 હતી.

# હિંસાનો દોર જારી: બાંગ્લાદેશમાં 6 મંદિરોમાં લૂંટની સાથે 2 હિન્દુઓની હત્યા - એકનું અપહરણ કરાયું

(એજન્સી) ઢાકા તા 12

ગત વર્ષે ઓગસ્ટમાં શેખ હસીનાની સરકાર ગબડી પડ્યા બાદ બાંગ્લાદેશની કમાન મોહમ્મદ યુનુસ સંભાળી રહ્યા છે. જોકે, મોહમ્મદ યુનુસ સત્તામાં આવ્યા બાદ હિન્દુઓ અને લઘુમતીઓ તેમજ મંદિર પર હુમલા અટકવાનું નામ લેતા નથી. તાજેતરમાં જ ઉગ્રવાદીઓએ 6 મંદિરોને નિશાન બનાવ્યાં. જેમાં ચટગાંવમાં ચાર મંદિર પર હુમલો કરી લૂંટ ચલાવી હતી. લાલ મોનિરહાટમાં પણ મંદિરમાં લૂંટ થઈ હતી. બીજી તરફ બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા અટકી રહી નથી. જેમાં બે હિન્દુઓની હત્યા અને એકનું અપહરણ કરાયું છે. ઉગ્રવાદીએ ઘરમાં ઘૂસીને કોલેજના પ્રોફેસર દિલીપકુમાર રોય(71)ની હત્યા કરી હતી. તેમજ જાલાખાઠી જિલ્લામાં 26 વર્ષીય વેપારી સુદેવને ગળું કાપીને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો.



### ચટગાંવમાં મંદિરોની દાનપેટી લૂંટી લેવાઈ

ચટગાંવમાં હતહઝારી વિસ્તારમાં ચાર મંદિરોમાં લૂંટ ચલાવી હતી. મા વિશ્વેશ્વરી કાલી મંદિરમાં સોનાનાં આભૂષણો અને દાનપેટીની ચોરી કરવામાં આવી હતી. જ્યારે સત્યનારાયણ સેવા આશ્રમ, મા માગધેશ્વરી મંદિર અને જગબંધુ આશ્રમમાં પણ ચોરી થઈ હતી. આ ઉપરાંત કોક્સ બજારના શ્રીમંદિરમાં પણ ચોરી થઈ હતી. જ્યાં ચોરોએ સીસીટીવી રેકોર્ડિંગને નષ્ટ કરી દીધા છે.

**આ સાંપ્રદાયિક સરકાર: હિન્દુ-બૌદ્ધ- ઈસાઈ પરિષદ :** બાંગ્લાદેશ હિન્દુ-બૌદ્ધ-ઈસાઈ એકતા પરિષદના કાર્યવાહક મહાસિચવ મણીન્દ્ર કુમાર નાથે કહ્યું કે આ સાંપ્રદાયિક સરકાર છે. તેઓ પોતાની આ હરકતથી એ સાબિત કરવા માગે છે તેમણે કોઈ હિંસા કરી નથી પરંતુ હિંસાનો સામનો કરવો પડી રહ્યો છે. હિંસાના મામલામાં સરકારની ઉદાસીનતા વિચારવા પર મજબૂર કરે છે.

**હિન્દુ પ્રિન્સિપાલ પાસેથી જબરદસ્તી રાજીનામું લીધું :** ચટગાંવમાં એક હિન્દુ પ્રિન્સિપાલ ચંદન મહાજનને ઉગ્રવાદીઓએ જબરદસ્તી રાજીનામું આપવા મજબૂર કર્યા. સ્થાનિક લોકો ધાર્મિક દ્વેષથી પ્રેરિત કાવતરું ગણાવી રહ્યા છે. જ્યારે ગાયબંદા જિલ્લામાં એક હિન્દુ મહિલાના ઘરને આગ ચાંપી દેવામાં આવી છે. એટલું જ નહીં ભીડે માર પણ માર્યો હતો.

## રન વે પર ટેકઓફ કરતી વખતે વિમાનનું એન્જિન ફેલ

(એજન્સી) એટલાન્ટા તા 12

એટલાન્ટા એરપોર્ટ પર વિમાનના એન્જિનમાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ટેક ઓફની થોડી જ વાર પહેલા એલર્ટ મળતા મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. એટલાન્ટા એરપોર્ટ પર ઈમરજન્સી સ્લાઈડ મારફતે ડેલ્ટા એરલાઈન્સની ફ્લાઈટમાંથી મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા બાદ ચાર લોકો ઘાયલ થયા હતા. તમને જણાવી દઈએ કે એરપોર્ટ પર હિમવર્ષાને કારણે પ્લેનનું એન્જીન ખરાબ થઈ ગયું હતું અને સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે મિનિયાપોલિસ જઈ રહેલા ડેલ્ટા એરલાઈન્સના જેટે શુક્રવારે હાર્ટસફિલ્ડ જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી પોતાની ફ્લાઈટ કેન્સલ કર્યા બાદ ફ્લાઈટમાં સવાર લોકોને અચાનક જ સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.ડેલ્ટાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પ્લેનમાં એન્જિનમાં સમસ્યા હતી.

## કેનેડામાં વડાપ્રધાનની શોધ, PM બનવાની રેસ બની મોંઘી

(એજન્સી) કેનેડા તા 12

જસ્ટિન ટ્રુડોએ પીએમ પદ પરથી રાજીનામું આપ્યા બાદ કેનેડા હવે તેના નવા વડાપ્રધાનની રાહ જોઈ રહ્યું છે. સત્તાધારી લિબરલ પાર્ટીએ હવે તેના નવા નેતાની પસંદગી કરવા માટે 9 માર્ચે નેશનલ કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. પાર્ટીના નવા નેતા દેશના આગામી વડાપ્રધાન બનશે. ભારતીય મૂળના બે નેતાઓ સહિત અન્ય ઘણા નેતાઓ પણ નવા વડાપ્રધાન પદ માટે દાવો કરી રહ્યા છે.

જો કે જે લોકો નવા વડાપ્રધાન બનવા માંગે છે, તેમના માટે આ પ્રયાસ મફત નહીં હોય, પરંતુ આ વખતે તેઓએ ગત વખત કરતા વધુ પૈસા ખર્ચવા પડશે. પાર્ટી સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે લિબરલ પાર્ટી સંભવિત ઉમેદવારોની એન્ટ્રી ફીમાં વધારો કરવા જઈ રહી છે. પાર્ટી પ્રવેશ ફી $350,000 નક્કી કરવા જઈ રહી છે, જે 3,00,63,477.50 રૂપિયા એટલે કે ભારતીય રૂપિયામાં લગભગ 3 કરોડ રૂપિયા થાય.

ગત વર્ષ કરતા 2.75 હજાર ડોલર વધુ આ વખતે પાર્ટીના નેતૃત્વ માટે ઈચ્છુક લોકોની એન્ટ્રી ફી ગત વખત કરતા ઘણી વધારે છે. છેલ્લી વખતે આ ફી $75,000 રાખવામાં આવી હતી. ખાસ વાત એ છે કે ઈચ્છુક નેતાઓએ 23 જાન્યુઆરી સુધીમાં ચૂંટણી લડવાનો તેમનો ઈરાદો જાહેર કરવો પડશે અને પ્રવેશ ફી ચૂકવવાની રહેશે. આ પછી, લોકો 27 જાન્યુઆરી સુધી પાર્ટી નેતૃત્વની રેસમાં મતદાન માટે નોંધણી કરાવી શકશે. લિબરલ પાર્ટીની નેશનલ કાઉન્સિલની બેઠકમાં નેતૃત્વને લઈને મતદાન માટે કેટલીક શરતો પણ નક્કી કરવામાં આવી છે. પાર્ટી ફક્ત આવા કેનેડિયન નાગરિકો અને સ્થાયી નિવાસીઓને જ મતદાન કરવાની મંજૂરી આપી રહી છે જેમની ઉંમર 14 વર્ષથી વધુ છે.અગાઉ, બિન-કેનેડિયન રહેવાસીઓને લિબરલ પાર્ટી નામાંકન અને નેતૃત્વ રેસ માટે મત આપવાની મંજૂરી આપવામાં આવી હતી, જેને વિદેશી હસ્તક્ષેપ માટે 'ગેટવે' તરીકે ઓળખવામાં આવે છે. પછી કેટલાક લિબરલ સાંસદોએ પાર્ટી એક્ઝિક્યુટિવને તે ચેતવણીઓ પર ધ્યાન આપવા વિનંતી કરી હતી.

## સુહાગરાતના દિવસે કપલ સાથે ઊંઘે છે દુલ્હનની માં

(એજન્સી) આફ્રિકા તા 12

લગ્ન પછી પહેલી રાત એટલે 'સુહાગરાત', જે કોઈ પણ દંપતી માટે મહત્વની રાત હોય છે. યુવતીઓની લગ્ન બાદની પહેલી રાત તેમના સુહાગ સાથે હોય છે એટલે જ તેને 'સુહાગરાત' નામ આપવામાં આવ્યું છે. આ દંપતી માટે એવી રાત હોય છે જે સમયે એક બીજાને સારી રીતે સમજી શકે છે. આ રાતને દરેક જણ સારી બનાવવા માંગે છે. સૌ કોઈ ઈચ્છે છે કે તેઓ તેમના પાર્ટનર સાથે લગ્ન જીવનની પહેલી રાત ખૂબ સારી રીતે શરૂ કરે. પરંતુ જો કોઈ આ જ પળમાં સાથે હોય તો , એક એવો દેશ છે જ્યાં દંપતીની મહત્વની રાતે તેમની સાથે ત્રીજી વ્યક્તિ પણ જોડે હોય છે. આ ત્રીજી વ્યક્તિ કોઈ બીજુ નહીં પરંતુ કન્યાની માતા જ હોય છે. આ વિચિત્ર માન્યતા આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે, જ્યાં લગ્નની રાત્રે દુલ્હનની માતા એક જ રૂમમાં સૂઈ જાય છે. જેથી તે તેની પુત્રીને સમજાવી શકે કે શું કરવું પડશે.

### BLA બળવાખોરોએ 3 ઠેકાણાંઓને નિશાન બનાવ્યા, પોલીસ ચોકીમાંથી હથિયારોની લૂંટ

## બલૂચિસ્તાનમાં મંત્રીના ઘર પર ગ્રેનેડ હુમલો



(એજન્સી) ઇસ્લામાબાદ તા 12

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં શુક્રવારે સશસ્ત્ર બળવાખોરોએ ત્રણ હુમલા કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ મુજબ, પહેલા હુમલામાં બળવાખોરોએ બલૂચિસ્તાનના કરાનમાં આવેલા નાણા મંત્રી શોએબ નૌશેરવાનીના ઘર પર હેન્ડ ગ્રેનેડ હુમલો કર્યો હતો. બીજી ઘટનામાં કલાતના ડેપ્યુટી કમિશનરના ઘર પર ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં એક પોલીસ જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો.

### TTPએ ખૈબરમાં પરમાણુ પ્લાન્ટના કામદારોનું અપહરણ કર્યું હતું

બીજી તરફ, ગુરુવારે અફઘાન તાલિબાન અને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)એ ખૈબર પખ્તુનખ્વામાં મકીન અને માલિખેલની સૈન્ય ચોકીઓ પર રોકેટ અને મોર્ટાર વડે હુમલો કર્યો હતો. આ પછી, ખૈબરમાં લક્કી મર્વતના એટોમિક એનર્જી પ્લાન્ટના 16 કામદારોનું અપહરણ કરવામાં હતું.

### શું છે બલૂચ લિબરેશન આર્મી?

ડાયચે વેલે અનુસાર, BLA પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં સૌથી મોટું બલૂચ ઉગ્રવાદી ગ્રુપ છે. તે દાયકાઓથી પાકિસ્તાન સરકાર વિરુદ્ધ બળવાખોર છે. આ ગ્રુપ બલૂચિસ્તાનની આઝાદી અને ચીનને તેના વિસ્તારોમાંથી હટાવવાની માંગ કરી રહ્યું છે. BLAએ પાકિસ્તાની સુરક્ષા દળો અને ચીનના CPEC પ્રોજેક્ટને નિશાન બનાવીને અનેક હુમલા કર્યા છે.

### દાવો- રશિયાની KGB એ ટ્રેનિંગ આપી

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બલૂચ આર્મીમાં હજારો લડવૈયાઓ છે. 2006 પછી, BLA પાકિસ્તાનની સેના અને સરકાર માટે ખૂબ જ મુશ્કેલ પડકાર બની ગયું છે. તેના હુમલામાં સેંકડો દાવો કરવામાં આવે છે કે બીએલએના કેટલાક લડવૈયાઓને રશિયાની ભૂતપૂર્વ ગુપ્તચર સંસ્થા કેજીબી દ્વારા મોસ્કોમાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. બાદમાં આ લોકોએ તેમના સાથીદારોને ટ્રેનિંગ આપી.

## કપલે 130 વર્ષ જૂનું મકાન ખરીદ્યું, એક દિવસ મળ્યો અજાણ્યો પત્ર

(એજન્સી )કેનેડા તા 12

કપલે 130 વર્ષ જૂનું મકાન ખરીદ્યું, એક દિવસ મળ્યો અજાણ્યો પત્ર, ઘરથી જોડાયેલી વાતો જાણીને બંનેના પગ તળેથી જમીન સરકી ગઈ! તે પત્રમાં ઘર સાથે જોડાયેલી આશ્ચર્યજનક વાતો લખેલી હતી. આ પત્ર ઘર ખરીદનારના નામે લખાયેલો હતો. તેમાં લખ્યું હતું- ''હું મેડિસન પરિવારનો છેલ્લો જીવિત સભ્ય છું. મેડિસન પરિવાર આ ઘરના માલિક હતા. હું આ ઘરમાં મોટો થયો છું. હું તમને આ ઘરના સિક્રેટ રૂમ અને કેટલીક બીજી બાબતો વિશે કહેવા માંગુ છું જેના વિશે તમને કદાચ કહેવામાં નહીં આવ્યું હોય.'' પત્રમાં લખેલી માહિતીના આધારે, દંપતીએ આસપાસ જોયું અને ઘરમાં તે બધી વસ્તુઓ મળી. સૌ પ્રથમ તેમને એક સિક્રેટ દારૂનો કબાટ મળ્યો. તેમાં ઘણી જૂની દારૂની બોટલો પણ હતી. આ પછી તેમને બાથરૂમમાં એક ગુપ્ત દરવાજો મળ્યો. તેની અંદર એક ઓરડો પણ હતો જે ખૂબ જ ભયાનક દેખાતો હતો. આ સાથે તેમને એક ટ્રંક રૂમ પણ મળ્યો. તે સમજી શકતા ન હતા કે તે લોકોએ તે જગ્યાઓનો ઉપયોગ કેવી રીતે કર્યો. વીડિયોમાં ઘણા લોકોએ તેમના ઘરની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ ઈચ્છે છે કે તેમનું ઘર પણ આવું હોત. આ કપલે નવેમ્બર 2024 માં ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો ફરીથી પોસ્ટ મળ્યા છે.ન્યૂ યોર્ક પોસ્ટના 2022ના રિપોર્ટ અનુસાર, કર્ટની અને મેટ નામના દંપતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટિકટોક પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો.

### 2 ભારતીય કંપનીઓ પર પણ પ્રતિબંધ; ક્રૂડ ઓઈલની કિંમત 3% વધીને બેરલ 80 ડોલરને પાર થઈ

# અમેરિકા-જાપાને રશિયા સામે નવા પ્રતિબંધો લગાવ્યા



(એજન્સી) વોશિંગ્ટન તા 12

અમેરિકાનું કહેવું છે કે આ નવા પ્રતિબંધોને કારણે રશિયાને યુક્રેન સામે યુદ્ધ ચાલુ રાખવામાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ફાઈલ ફોટો રશિયા સામે કાર્યવાહી કરતા અમેરિકા અને જાપાને અનેક નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી. રોઈટર્સ અનુસાર, અમેરિકાએ 200થી વધુ રશિયન કંપનીઓ અને 180થી વધુ જહાજો પર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકાએ બે ભારતીય કંપનીઓ સ્કાયહાર્ટ મેનેજમેન્ટ સર્વિસ અને એન્વિઝન મેનેજમેન્ટ સર્વિસ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. બાઈડન સરકારનું કહેવું છે કે આ ભારતીય કંપનીઓએ રશિયાથી LNG નું પરિવહન કર્યું હતું, જે અમેરિકી રશિયન નાગરિકો અને કંપનીઓની સંપત્તિઓ ફ્રીઝ કરી દીધી છે. આ સિવાય જાપાને પણ ઘણા એવા સંગઠનો સામે પ્રતિબંધોની જાહેરાત કરી છે જેણે અગાઉ લાદવામાં આવેલા પ્રતિબંધોથી બચવામાં રશિયાને મદદ કરી હતી.



### રશિયાની એનર્જી રિસોર્સ ઈનકમ ઘટાડવાનો પ્રયાસ

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનનું કહેવું છે કે રશિયા સામે કરવામાં આવેલી આ કાર્યવાહીથી તેની એનર્જી રિસોર્સની આવક મર્યાદિત થઈ જશે. આ કારણે રશિયાને યુક્રેન સામે યુદ્ધ ચાલુ રાખવામાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ કહ્યું કે જાપાને રશિયા સાથે નોર્થ કોરિયા અને જ્યોર્જિયાની એક બેંક પર પ્રતિબંધો લગાવ્યા છે.અમેરિકાના પ્રતિબંધોને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં 3%નો વધારો થયો છે. શુક્રવારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 80 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ હતી.

**જાપાને ઉત્તર કોરિયા અને જ્યોર્જિયાની બેંકો પર પણ પ્રતિબંધ લગાવ્યો :** જાપાન સરકારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે શુક્રવારે 11 વ્યક્તિઓ, 29 સંગઠનો અને રશિયાની 3 બેંકો પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ સિવાય રશિયાની મદદ કરવા બદલ ઉત્તર કોરિયા અને જ્યોર્જિયાની એક બેંક સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ કહ્યું કે આ પ્રતિબંધો યુક્રેનને મદદ કરવા માટે અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**રશિયાએ કહ્યું- બાઈડન ટ્રમ્પ માટે સ્થિતિ મુશ્કેલ બનાવી રહ્યા છે :** અમેરિકાના પ્રતિબંધોની જાહેરાતના થોડા સમય પહેલા, ક્રેમલિન (રશિયન રાષ્ટ્રપતિ કાર્યાલય) ના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે બાઈડન એડમિનિસ્ટ્રેશન આવનારી ટ્રમ્પ સરકાર માટે બાબતોને મુશ્કેલ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## પાતળી કમરની ઘેલછામાં છોકરીએ 4 પાંસળીઓ કઢાવી નાખી

(એજન્સી) અમેરિકા તા 12

અમેરિકાની કાનસાસ સિટીની એક 27 વર્ષીય ટ્રાન્સ ગર્લ આ દિવસોમાં ચર્ચામાં છે. એમિલી જેમ્સ નામની આ છોકરીએ હાલમાં 4 પાંસળીઓ કઢાવી નાખી છે. તે એટલા માટે કે તેની કમર પાતળી દેખાય. હવે તે તેમાંથી તાજ બનાવશે. કેટલાક લોકો હદ પાર કરી દે તેવું ગાંડપણ કરે છે. જ્યારે તેમના વિશે લોકોને ખબર પડે છે કે, લોકો હેરાન થઈ જાય છે. આવું જ એક અમેરિકન છોકરીએ કર્યું છે. આ ટ્રાન્સજેન્ડર મહિલાએ સ્લીમ દેખાવાની ઘેલછામાં પોતાની 4 પાંસળીઓ કઢાવી નાખી છે. આ પ્રોસેસમાં તેણે લાખો રૂપિયા પાણીની જેમ વાપર્યા છે. પરંતુ તે અહીં જ રોકાઈ નહીં. હવે તે પોતાની પાંસળીઓથી પોતાના માટે ક્રાઉન બનાવી રહી છે. તેના આ પ્લાન ન્યૂ યોર્ક પોસ્ટ વેબસાઈટ અનુસાર, અમેરિકાના કેન્સાસ સિટીની 27 વર્ષીય ટ્રાન્સ ગર્લ આ દિવસોમાં સમાચારમાં છે. એમિલી જેમ્સ નામની આ છોકરીએ હાલમાં જ ચાર પાંસળીઓ કઢાવી નાખી છે. ફક્ત એટલા માટે કે તેને પાતળી કમર જોઈતી હતી. પરંતુ વધુ આશ્ચર્યજનક વાત એ છે કે તેની પાંસળીઓ કાઢી નાખ્યા પછી, તે હવે તેમાંથી તાજ બનાવવા માંગે છે. તેણે પોતાની પાંસળીઓ કાઢવા માટે સર્જરી પર લાખો રૂપિયા ખર્ચ્યા છે.

# ઉત્તરાયણ પર્વ ધાર્મિક ઉત્સવ તરીકે પણ ઓળખ ધરાવે છે : MLA ડો.દર્શના દેશમુખ

ભરત શાહ | નર્મદા



સરદારના સાંનિધ્યમાં રેવાના તીરે નર્મદા જિલ્લાના એકતાનગર ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ની શાનદાર ઉજવણીમાં દેશ-વિદેશથી પધારેલા અંદાજે ૪૦ જેટલા પતંગરસીકો આવ્યા હતાં જેમને આવકારી હૃદયથી શુભેચ્છા પાઠવી હતી. પતંગ ઉત્સવ ઉજવણી શાનદાર બનાવવા બદલ પુષ્પગુચ્છ આપી બિરદાવ્યા હતાં. આદિવાસી લોકનૃત્ય દ્વારા આવકારવામાં આવ્યા હતાં. ઉત્તરાયણ ધાર્મિક ઉત્સવ તરીકે પણ ઓળખ ધરાવે છે. એવું નાંદોદ ધારાસભ્ય ડૉ.દર્શનાબેને આ પ્રસંગે જણાવ્યું હતું. ઉત્તરાયણ પર્વની આંતરરાષ્ટ્રીય ઓળખ ઠેર-ઠેર થઇ છે. પરંતુ વિશાળ ફલક પરની શરૂઆત ૨૦૧૨ માં થઇ હતી અને પ્રધાનમંત્રીના વિઝનથી આ પરંપરા આજે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના નેતૃત્વમાં ચાલી આવી છે. નર્મદા જિલ્લાના નાંદોદમાં તાલુકામાં શ્રાદ્ધ પક્ષમાં પણ પતંગ ઉડાડવાનું મહત્વ છે. આવો રિવાજ બીજે કોઈપણ જગ્યાએ નથી. આ ફક્ત નર્મદામાં છે. ઉત્તરાયણમાં તલ, ચીક્કી શેરડી, ગૌ માતાને જુવાર બાફીને ઘુઘરી ખવડાવીને તેની પૂજા કરવાની વર્ષો જુની પ્રથા છે.

ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે વધુમાં જણાવ્યુ હતુ કે, ''ઉઠો, જાગો, ધ્યેય, પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'' યુવાનોને પ્રેરણા આપનાર સ્વામી વિવેકાનંદની આજે જન્મ જયંતિ છે. તેમજ રાષ્ટ્રીય યુવા દિવસ નિર્ધારિત કરેલો છે યુવાનો ને આ અવસરે શુભકામના પાઠવું છું.

# કોમર્સ કૉલેજ, મોડાસાની SSS શિબિરનું સમાપન કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એચ એસ શાહ કૉલેજ ઑફ કોમર્સ, મોડાસા સંલગ્ન એન.એસ.એસ. યુનિટની ખાસ વાર્ષિક શિબિર 'મારું ગામ: દૂષણમુક્ત, પ્રદૂષણમુકત ગામ' કોલવડા મુકામે યોજાઈ હતી. આ શિબિરનો સમાપન સમારોહ મા લૉ કૉલેજ, મોડાસાના આચાર્ય ડૉ.રાજેશ વ્યાસ, ધનસુરા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ શ્રી કૌશિકભાઈ પટેલ, હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી કમલેશભાઈ પટેલ, સરપંચ શ્રી દિનેશભાઈ પટેલ, કૉલેજના કા. આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલ તથા કૉલેજ અને શાળા પરીવાર તેમજ ગામના અગ્રણીઓની હાજરીમાં યોજાયો હતો. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ શિબિર દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. કોલેજની સામાજીક જાગૃતિની પ્રવૃત્તિઓને ધ્યાને રાખી રોટરી ક્લબ મોડાસા તથા લાયન્સ ક્લબ, મોડાસા દ્વારા અનુક્રમે OutstandingPerformance Award તથા ISR. Excellence Award એનાયત કરવામાં આવ્યો હતો. શિબિર સંચાલક ડૉ. ઈલાબેન સગર તથા પ્રા. અમિત વસાવા એ ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

### રાજપીપળા મુસ્લિમ વેલફેર કમિટી દ્વારા આયોજિત...

# ત્રીજા સમૂહ લગ્નમાં 18 જોડા નીકાહના બંધનમાં જોડાયા... નવજીવન શરૂ કર્યું



ભરત શાહ | નર્મદા

રાજપીપળા ખાતે મુસ્લિમ વેલફેર કમિટી દ્વારા આયોજિત ત્રીજા સમૂહ લગ્નમાં ૧૮ જોડા નીકાહના બંધનમાં જોડાઈને નવજીવન શરૂ કર્યું હતું.

રાજપીપળામાં મુસ્લિમ વેલફેર કમિટી દ્વારા રાજપીપલા ના જીન કમ્પાઉન્ડ ખાતે ત્રીજા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મુસ્લિમ સમાજના અગ્રણી આગેવાનો સહિત રાજકીય આગેવાનો પણ સમૂહ લગ્નના પ્રસંગમાં હાજર રહી નવયુગલોને દુઆઓ થી નવાજ્યા હતા. લગ્ન પ્રસંગોમાં થતા ખોટા ખર્ચાને રોકવા માટે રાજપીપલા મુસ્લિમ સમાજની આ એક સરાહનીય પહેલ છે જેમાં ખાસ કરીને સમૂહ લગ્નમાં દાતાઓએ નવ યુવાનોને ભેટ સોગાદો આપી દુઆઓ આપી હતી. આગેવાનોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજપીપળામાં મુસ્લિમ સમાજ દ્વારા સમૂહ સાદીનું આયોજન કરાયું છે જેનો મુખ્ય હેતુ એ કે પયગંબર સાહેબના આદેશ મુજબ લગ્નમાં થતાં ખોટા ખર્ચ દૂર કરવા તેમજ સમાજને આર્થિક રીતે ઉપર લાવવાનો છે. સમૂહ લગ્નના આયોજકોએ સૌ દાતાઓ તેમજ યુવાનોને સમૂહ લગ્નને સફળ બનાવવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી અને આગામી સમયમાં હજી સુંદર આયોજન થકી સમાજમાં પરિવર્તન લાવવા અને ખોટા ખર્ચ ઘટાડી લગ્નો કરવા લોકોને આહવાન કર્યું હતું

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા તેમજ જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહિતના આગેવાનો આ સમૂહ લગ્નમાં નવયુગલોને આશીર્વાદ પાઠવવા ઉપસ્થિત રહ્યા હતા તેઓએ મુસ્લિમ સમાજની આ કામગીરીને બિરદાવી નવયુગલોને સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા.

### લગ્ન પ્રસંગોમાં થતા ખોટા ખર્ચને રોકવા મુસ્લિમ સમાજની એક સરાહનીય પહેલ



કમિટી સભ્ય સલીમ ભાઈ બોસ તેમજ અલ્તાફ ભાઈ એ જણાવ્યું હતું કે સમાજના ગરીબ વર્ગની દીકરીઓને સમૂહ લગ્નમાં જોડી તેમજ સમાજમાં થતાં ખોટા ખર્ચ દૂર થાય તેવો સંદેશ પાઠવીએ છે તેમજ વેલ્ફેર કમિટી અને રાજપીપળા શહેરના દાતાઓ અને બહેનો સમુહ લગ્નમાં કામ કરનાર તમામ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો વધુમાં ઈમ્તિયાઝ અલી કાદરીએ સમૂહ લગ્નમાં જોડાયેલા સૌ કોઈ યુગલોને દુવાઓ પાઠવી હતી અને ખોટા ખર્ચો સમાજમાંથી દૂર કરીને સૌ કોઈ સમૂહ લગ્નમાં જોડાઈ અને સાદગીથી નિકાહ કરે તેવું આહવાન કર્યું હતું.

# નખત્રામાં શ્રી કાલિકા માતાજીનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

મહેશ એલ.સોની | નખત્રાણા




શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ નખત્રાણા દ્વારા શ્રી કાલિકા માતાજીનો વાર્ષિક પાટોત્સવ આગામી તારીખ ૧૨/ ૧/ ૨૦૨૫ રવિવાર ને પોષ સુદ ૧૪ ના દિવસે ધામધૂમથી ઉજવાઈ ગયો. સવારે ૯ : ૦૦ કલાકે ક્રિષ્ના ઓરકેસ્ટ્રા એન્ડ લાઈવ બેન્ડ સુખપરના સથવારે શોભાયાત્રા સોની સમાજવાડી ખાતેથી નિકળી નગરના મુખ્યમાર્ગો પરથી પસાર થઈ હતી. જેમાં ડી જે ના તાલે જ્ઞાતિ જનો ઝુમી ઉઠ્યા હતા. શોભાયાત્રા બાદ બપોરે ૧૨: ૩૦ કલાકે માતાજીની મહાઆરતી યોજાઈ હતી. આરતી બાદ સમસ્ત જ્ઞાતિજનોએ સમૂહભોજન પ્રસાદ ગ્રહણ કર્યુ હતું. સાંજે ૫ :૦૦ કલાકે આનંદનો ગરબો જ્ઞાતિની બહેનો દ્વારા યોજ્યો હતો. જ્ઞાતિજનો માટે સાંજે ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એવું શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ મહેશ ભાઈ બુદ્ધભટ્ટી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન બગ્ગા, યુવક મંડળ પ્રમુખ રાજન બુદ્ધભટ્ટીની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ગુજરાતના લોકોને રાજ્ય સરકાર મફતમાં કુંભમેળાની યાત્રા કરાવે છે: ઈસુદાન ગઢવી

■ ટ્રેનોમાં ખૂબ જ લાંબુ વેટિંગ હોવાથી સરકાર સ્પેશીયલ ટ્રેનો દોડાવે: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ | તા.12



આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, બાર વર્ષ બાદ પ્રયાગરાજમાં કુંભમેળાનું આયોજન થયું છે. તો હું ગુજરાત સરકારને વિનંતી કરું છું કે ગુજરાતમાંથી જે પણ લોકો કુંભમેળામાં જવા માંગે છે તે તમામ લોકોને વિનામૂલ્ય મુસાફરી કરાવવાનો લાભ આપે. અમારું માનવું છે કે સ્પેશિયલ ટ્રેન, સ્પેશિયલ બસ અને સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા યાત્રાળુઓને કુંભમેળા સુધી પહોંચાડવામાં આવે.

હાલ સ્પેશિયલ ટ્રેનો સરકારી દોડાવી છે, તેમ છતાં પણ ખૂબ જ લાંબુ વેટીંગ છે. પ્રાઈવેટ બસોમાં ખૂબ જ ભાવ વધારો જોવા મળી રહ્યો છે અને પ્લેનની ટિકિટમાં પણ વન-વેના 14,000 વસૂલવામાં આવે છે. જેના કારણે પરિવાર સહિત જવા માંગતા લોકો માટે ખૂબ જ મુશ્કેલ છે એક સાથે જવું. તો અમારી માંગણી છે કે સરકાર વિના મૂલ્ય વધુ સ્પેશિયલ ટ્રેનો, સ્પેશિયલ બસો અને સ્પેશિયલ ફ્લાઈટ મુકાવે જેના કારણે ગુજરાતના ત્રણ લાખથી દસ લાખ શ્રદ્ધાળુઓ જે કુંભમેળાના દર્શન કરવા માંગે છે તે લોકોને આપણે કુંભમેળામાં મોકલી શકીએ. આ મામલે મુખ્યમંત્રી પોતે ધ્યાન આપી તેવી અમારી માંગ છે.

# પ્રકૃતિની ગોદમાં ઉગાડેલી શાકભાજી, સ્વાસ્થ્ય માટે આશીર્વાદ

રાકેશ મહેતા | ધનસુરા





અરવલ્લીના ડુંગરાળ વિસ્તારમાં, પ્રકૃતિની ગોદમાં રહેતા લોકો ઘર આંગણે પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજી ઉગાડવાની પરંપરા ધરાવે છે. આ પરંપરા માત્ર ખાદ્ય પદાર્થ પૂરો પાડતી નથી, પરંતુ આરોગ્યપ્રદ આહાર, પર્યાવરણ સંરક્ષણ અને સ્વનિર્ભરતા જેવા અનેક ફાયદા પણ આપે છે.

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક ખેતીમાં મુખ્યત્વે શિયાળામાં પાકતા શાકભાજી જેવા કે ગાજર, મૂળા, કોબી, ફુલકોબી, પાલક, મેથી, ધાણા વગેરે ઉગાડવામાં આવે છે. આ ઉપરાંત, સ્થાનિક પરિસ્થિતિઓ અનુસાર અન્ય શાકભાજી પણ ઉગાડી શકાય છે.પ્રાકૃતિક ખેતીથી થતા શાકભાજીના ફાયદાઓ છે જેવા કે પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી, જેથી શાકભાજી સ્વાદિષ્ટ અને પોષક તત્વોથી ભરપૂર હોય છે.પ્રાકૃતિક ખેતી જમીનની ઉર્વરા શક્તિ વધારે છે, પાણીના સ્ત્રોતોને શુદ્ધ રાખે છે અને પર્યાવરણને નુકસાન પહોંચાડતી નથી.ઘર આંગણે ઉગાડેલા શાકભાજીથી પરિવારની પોષણની જરૂરિયાતો પૂરી થાય છે અને આર્થિક બોજો પણ ઓછો થાય છે.ગ્રામીણ મહિલાઓ માટે આ એક વધારાનો આવકનો સ્ત્રોત બની શકે છે. ગ્રામ્ય જીવનમાં શિયાળાનું મહત્વ અને ગામડાની તાજી શાકભાજી અને શિયાળો ગામડાઓ માટે ખાસ મહત્વનો હોય છે. આ સિઝનમાં ઉગાડવામાં આવતી તાજી શાકભાજી ગામડાના લોકોના આહારનો મુખ્ય ભાગ હોય છે. આ શાકભાજીમાં વિવિધ પ્રકારના વિટામિન્સ અને ખનિજો હોય છે જે શરીરને ગરમ રાખવામાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ગામડાની તાજી શાકભાજીનો સ્વાદ અને સુગંધ શહેરની શાકભાજી કરતાં અલગ હોય છે. પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજી ઉગાડવી એ માત્ર ખેતીની પ્રક્રિયા નથી, પરંતુ આપણા સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા છે. આ પદ્ધતિમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પરંતુ ગૌમૂત્ર, ગોબર ખાતર, વર્મી કંપોસ્ટ જેવા કુદરતી ખાતરો અને જૈવિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છેગૌમૂત્ર, ગોબર ખાતર, વર્મી કંપોસ્ટ જેવા ખાતરો જમીનને પોષક તત્વોથી ભરપૂર બનાવે છે. લીમડો, નીમ તેલ જેવા કુદરતી પદાર્થોનો ઉપયોગ જીવાતોને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે.વિવિધ પ્રકારના પાકોને એકસાથે ઉગાડવાથી જમીનની ઉર્વરા શક્તિ વધે છે અને જીવાતોનું નિયંત્રણ થાય છે.

# રાજપીપળા સ્ટેટના મહારાજાની રૂપિયા 3 લાખ કિંમતની પીસ્તોલ ચોરી થતા ફરિયાદ


ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા માં આવેલ રાજવંત પેલેસ માં રહેતા મહારાજા રઘુવીરસિહજી ની મોંઘી પિસ્તોલ ની ચોરી થવા બાબતે પ્રિન્સ માનવેન્દ્રસિહે ફરિયાદ આપી છે. મળતી માહિતી અનુસાર માનવેન્દ્રસિંહ રઘુવીરસિંહ ગોહિલ, રહે. રાજવંત પેલેસ, રાજપીપળા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ અમો રાજવી પરિવારના કુંટુંબીજનો હોય અમારા બાપ દાદા વખતથી પરવાનાથી હથિયાર ધરાવીએ છીએ જેમાં મારા પિતાજી રઘુવિરસિંહ ના નામે બે હથીયાર હોય જે પૈકી સિંગલ બેરલ રાઈફલ અને બીજુ સિંગલ બેરલ પિસ્તોલ હોય મારો તથા મારા હથિયાર પરવાનો તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ પુર્ણ થતા અમોએ રીન્યુ માટે કલેક્ટર નર્મદા નાઓની કચેરી ખાતે અરજી આપેલ જેમાં મારો હથિયાર પરવાનો રીન્યુ થઇ ગયેલ અને કલેક્ટર કચેરી ખાતેથી મને જણાવવામાં આવેલ કે, આપના પિતાજીની ઉંમર વધારે થઇ ગયેલ હોય હથિયાર પરવાનો રીન્યુ થઈ શકશે નહી તેના માટે તમારે એક અરજી આપવી પડશે અને હથિયાર રાજપીપલા પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવુ પડશે જેથી બે હથીયાર રાજપીપલા પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાના હોય મારા તથા મારા પિતાજીના બે હથિયાર અમારા રાજવંત પેલેસના પહેલા માળે સ્ટોર રૂમમાં મુકેલ હોય, જે રૂમની ચાવી મારા પિતાજી પોતાની પાસે રાખતા હોય જેથી મે મારા પિતાજી પાસેથી હથિયાર રાખેલ રૂમની ચાવી લઇ અમારા હથિયારો મુકેલ રૂમમાં મારા પિતાજીનું હથિયાર નં (૧) સિંગલ બેરલ રાઈફલ ૩૭૫ તથા (૨) સિંગલ બેરલ પિસ્તોલ કેલિબર.૪૫ બોર સરકારી મોડલનુ તથા મારા નામનું સિંગલ બેરલ રાઈફલ ૨૨ બોર બ્રેક હથિયાર રાજવંત પેલેસ ખાતે એક સફેદ કાપડની અંદર મુકી દોરી વડે બાંધી સ્ટોર રૂમમાં મુકેલ હતા. તે હું લેવા માટે ગયેલ તે વખતે મારું હથિયાર તથા મારા પિતાજીના હથિયાર જે જગ્યાએ મુકેલ હતા.જગ્યા એ ચેક કરતા મારા પિતાજીનુ હથિયાર સિંગલ ભેરલ પિસ્તોલ નહી મળતા અને મારા પિતા વયોવૃધ્ધ હોય અને પથારીવશ હોવાના કારણે મારા પિતાજીની છેલ્લા એક વર્ષથી સેવા ચાકરી કરતો નોકર સંજય મધુકર રાજાને રહે. પુજા પઝ્યાની ચાલી રાધે મોલ સામે ખોખરા અમદાવાદ નાઓ મારા પિતાજીના પાસે રહેતો હતો અને તેની જોડે મારા પિતાજીના રૂમની ચાવી રહેતી હતી પરંતુ સંજય ભાઇ તારીખ ૦૪/૦૧/૨૦૨૫ ના રોજ શનિવારના દિવસથી કોઈને કિધા વગરમહેલમાંથી કયાંક જતા રહેલ હોય જેથી મારા પિતાજીનું સિંગલ બેરલ પિસ્તોલ કેલિબર.૪૫ બોર સરકારી મોડલનુ હથિયાર જેની આશરે કિ.રૂ.૩,૦૦,૦૦૦/- નું સંજયભાઈ નાઓ ચોરી લઈ ગયાની મને પુરેપુરી ખાત્રી છે જેથી તેના વિરુદ્ધ ફરીયાદ દાખલ થતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠની ભવ્ય ઉજવણી

# સાવરકુંડલાના દેવળા ગેઈટ ખાતે ૧૧૦૦ દીવાની ભવ્ય ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



સાવરકુંડલામાં શ્રી રામ પ્રતિષ્ઠા મહોત્સવની વર્ષગાંઠની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. શનિવાર, 11 જાન્યુઆરી 2025ના રોજ રાત્રે 9:30 કલાકે, શ્રી કૃષ્ણ જન્મ સમિતિ સાવરકુંડલા દ્વારા દેવળા ગેઈટ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કબીર ટેકરીના નારાયણદાસ સાહેબના આશીર્વાદ થી, 1100 દીવા પ્રગટાવીને ભવ્ય દ્રશ્ય સર્જવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા મુખ્ય ઉપસ્થિતિ તેમજ સાવરકુંડલા નગરવાસીઓ ધર્મ પ્રેમી ભાઈઓ તથા બહેનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે હિરેનભાઈ વેકરીયા, રસિકભાઈ વેકરીયા અને VHRO પરિવાર સાવરકુંડલા આ કાર્યક્રમના મુખ્ય યજમાન હતા.

શ્રી કૃષ્ણ જન્મ સમિતિ સાવરકુંડલા દ્વારા આયોજિત આ કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે યોજાયો હતો. સમિતિ દ્વારા અગાઉ પણ આવા અનેક ધાર્મિક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યા છે. શ્રી કૃષ્ણ જન્મ સમિતિન સ્વયંસેવકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમ દ્વારા ભગવાન શ્રી રામના ગુણગાન ગાવામાં આવ્યા હતા અને ભક્તોએ ભગવાન શ્રી રામના આશીર્વાદ મેળવ્યા હતા.

### આહવા તાલુકાની પ્રાથમિક શાળા

# વાંવદા ખાતે શાળા સ્થાપના દિવસ તથા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



**(એજન્સી) ડાંગ, તા.12** | આહવા તાલુકાની પ્રાથમિક શાળા વાંવદા ખાતે શાળા સ્થાપના દિવસ તેમજ સ્નેહ મિલન કાર્યક્રમ નાયબ મુખ્ય દંડક તથા ધારાસભ્ય વિજયભાઈ આર. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય રણજીતકુમાર પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ. શાળાના બાળકો તેમજ ગ્રામજનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ઉપસ્થિત તાલુકા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ ચૌધરી દ્વારા શિક્ષણની સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતા શાળાના કાર્ય ને બિરદાવ્યુ હતુ. આ પ્રસંગે વધુમાં તેમને જણાવ્યું હતું કે એક નાનકડી શાળા પણ ઉત્તમ કાર્ય કરી શકે જેનું આ ઉદાહરણ છે.વધુમાં દંડક વિજયભાઈ આર. પટેલ દ્વારા શાળા વિકાસ માટે ધારાસભ્ય ફંડ માંથી 150000/- રૂપિયા આપવાની જાહેરાત કરતા શાળાનાં શિક્ષકો, બાળકો તેમજ તમામ ગ્રામજનોએ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.અંતે શાળાના શિક્ષકોમાં રણજીતકુમાર પટેલ તથા સંજયભાઈ એમ.ચવધરી તેમજ બાલમિત્ર રિતેક્ષાબેનને આવા દિવ્ય કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

બ્રિજનું પુનર્વસન અને સાઈડ પગદંડીની જોગવાઈ

ઈ-ટેન્ડર નોટીસ નં. 19 વર્ષ 2024-25. તા.10-01-2025. અનું. નં.1: ઈ-ટેન્ડર નં. ડીવાયસીઈ-બીઆર-એડીઆઈ-16-2024-25. કામનું નામઃ ભાવનગર ડિવિઝનના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) જૂનાગઢ અને રાજકોટ ડિવિઝનના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) રાજકોટના અધિકાર ક્ષેત્ર હેઠળ રાજકોટ-વેરાવળ સેક્શનમાં બ્રિ. નં. 27 (ઓપન વેબ ગર્ડર) 11X30.5 M નું પુનર્વસન કરવાનું અને બાજુની પગદંડીની જોગવાઈ કરવાનું કામ. (સમતોલન કામ) એનઆઈટી ની અંદાજીત પડતરઃ ₹ 5,90,89,179.15 બિડ સિક્યુરીટી પડતર/ ઈએમડીઃ ₹ 4,45,500.00 ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.04-02-2025 ના 15:00 કલાકે. ઓફીસનું સરનામુંઃ ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફીસ સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-380016. ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ www.ireps.gov.in

ADI-292

અમને ફોલો કરો: twitter.com/WesternRly

નામ બદલેલ છે

મારુ નામ ભટ્ટી અમાનત અકબર હતુ તે બદલીને ભટ્ટી નઝરેમોઈન અકબર રાખેલ છે. સરનામું :- 25/579, ગર્વમેન્ટ એ કોલોની, પોલીસ કમિશનર ઓફિસ, શાહીબાગ, અમદાવાદ - 380004

# ઝીરો બજેટ આધારિત પ્રાકૃતિક કૃષિને સાર્થક કરતા રમણભાઈ



કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ગોયાવાંટ ગામના પ્રાકૃતિક ખેતી કરતા ધરતીપુત્ર રાઠવા રમણભાઈ જણાવે છે કે, વર્ષ ૨૦૧૮ થી ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતી કરું છું, ૫ એકર જમીનમાં દેશી ગાય આધારિત પંચત્રીય મોડલ ફાર્મ બનાવ્યું છે. આ મોડલ ફાર્મમાં દૂધી, કોબી, ફ્લાવર, મેથી, ધાણા, રીંગણી, બીટ અને મરચા જેવા શાકભાજી ઉગાડવા આવે છે. પંચત્રીય મોડલમાં આંતરપાક તરીકે ચણા પણ પકવીએ છે. ખેતરના શેઢે વાવેલી શેરડીને જીવામૃત બનાવવા માટે ગોળની જગ્યાએ નાના નાના કટકા કરીને ઉપયોગ કરીએ છીએ. શેરડીના પાન કાપીને ગાયોના ચારા માટે ઉપયોગ કરીએ છીએ.

વધુ વાતચીતમાં તેમણે જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિમાં એક દેશી ગાય જરૂરી છે, આત્મા પ્રોજેક્ટ દ્વારા માસિક ૯૦૦ રૂપિયા નિભાવ ખર્ચ દેશી ગાયના નિભાવ માટે આપે છે. તેમનો પણ મને લાભ મળે છે. મનમાં વિચાર આવ્યો કે રોડની બાજુમાં જ મારું ખેતર આવેલું છે તો હું 'ગીતા પ્રાકૃતિ કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર' શરુ કરી સીધું વેચાણ કરૂ. વિચાર અમલમાં મુકતા જ સ્થાનિક લોકો, નોકરિયાત વર્ગ શાકભાજી ખરીદવા લાગ્યા. આમ અમને ખૂબ સારામાં સારી આવક થવા લાગી છે .

પ્રાકૃતિક ખેતીમાં અત્યારે બીટ વાવ્યા છે. શુભ પ્રસંગોમાં બીટ પણ સારામાં સારું વેચાણ થાય છે, ટામાટર ૪૦રૂ. કિલો, દેશી રીંગણ ૩૦રૂ. કિલો, કોબી, ફ્લાવર વેચાય છે. દેશી ગાયનું ઘી બે હજાર રૂ. કિલો વેચાય છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારામાં સારી ખેતીમાં પણ ઉપજ મેળવીએ છીએ. ગાયના ઘી, છાશ અને દૂધમાંથી અમે સારી આવક મેળવીએ છીએ. લગ્ન પ્રસંગ હોય તો ૫ હજાર સુધી આવક થઈ જાય છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન પર કેટરીંગ યુનિટ્સ ખાતે કેટરીંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવ્યું છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કેટેગરી | ઈ-હરાજી ની તારીખ અને સમય |
|---|---|---|
| CTG-ADI-03-24 | કેટરીંગ | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.27-01-2025 ના 11:00 કલાકે શરૂ થશે. |

નોંધ : પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ વાઈઝ વિગતો ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનું મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-વાઈઝ બંધ થવાનો સમય આઈઆરઈપીએસ ના ઈ-હરાજી મોડ્યૂલ માં જોઈ શકાશે.

ADI-291

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

સિટી
એક્સપ્રેસ
MONDAY 13 JANUARY-2025
AHMEDABAD

### GIDCમાં ગટર લાઈન પુરાણ ન કરતાં ખાડામાં વાહનો ફસાયાં

મનપા દ્વારા નગરના સેક્ટર-28માં ગટરની પાઈપ લાઈન નાંખ્યા બાદ યોગ્ય રીતે પુરાણ નહી કરવામાં આવતા દરરોજ વાહનો ફસાઈ જવાનો સિલસિલો શરૂ થયો છે. જેને પરિણામે જીઆઈડીસીમાં આવતા નાના મોટા વાહન ચાલકો પારાવારની હાલાકીનો સામનો કરી રહ્યા છે. ત્યારે મનપામાં ટેક્ષ ભરવા છતાં નગરવાસીઓને સુવિધાને બદલે દુવિધામાંથી છુટકારો મળતો નથી તેવા આક્ષેપો સેક્ટર-28ની જીઆઈડીસીના લોકોએ કર્યો છે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે 24 કલાક પીવાના પાણીની પાઈપ લાઈન તમામ સેક્ટરોમાં નાંખવામાં આવી છે.

### કુડાસણની હોસ્પિટલમાંથી સાધનો ચોરનારો એટેન્ડન્ટ ઝડપાયો

શહેરના કુડાસણ વિસ્તારમાં આવેલી સ્કાય સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી ૪.૮૯ લાખના તબિબિ સાધનોની ચોરીની ઘટનામાં ગાંધીનગર એઓજીની ટીમે આરોપી એટેન્ડન્ટને ઝડપીને 3.35 લાખના સાધનો પણ કબજે કર્યા છે. કુડાસણની સ્કાય સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં મેનેજર તરીકે કામ કરતા હર્ષિલ કનુભાઈ દરજીએ ફરિયાદ નોંધાવી હતી કે, હોસ્પિટલના ઈમરજન્સી વર્ડમાંથી પેશન્ટની તપાસ કરવા માટે ઉપયોગમાં લેવાતું પેશન્ટ મોનિટર અને ઈન્જેક્શન પંપની ચોરી થઈ હતી.



# CMએ અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે 188 કરોડ ફાળવ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



CM ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે રૂ ૧૮૮ કરોડ ફાળવ્યા છે,અકસ્માતોની સંખ્યા ઘટે અને માર્ગ સલામતી વધે તેવો મુખ્યમંત્રીનો જનહિતકારી અભિગમ છે, જેમાં વળાંક સુધારણા- ક્રેશ બેરિયર- સ્પોટ વાઇડનીંગ વગેરે ૮૦ કામો અને ૩૨૯ કિલોમીટર લંબાઈમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે હાથ ધરાશે.

## ફોર લેન - સિક્સ લેન માર્ગો પર રોડ સેફ્ટીને ધ્યાને લઈને એન્ટીગ્લેર સિસ્ટમ

ફોર લેન - સિક્સ લેન માર્ગો પર રોડ સેફ્ટીને ધ્યાને લઈને એન્ટીગ્લેર સિસ્ટમના કુલ ૭૬ કામો ૭૮૬ કિલોમીટર લંબાઈના માર્ગો પર કરવા માટે રૂ. ૮૭.૫૨ કરોડ મંજૂર કર્યા.

મુખ્યમંત્રીએ માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂ ૧૦૦.૫૩ કરોડ મંજૂર કર્યા છે.

### યાતાયાત વધુ સુરક્ષિત બનશે

તદનુસાર ,વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઇડનિંગ , તથા રોડ ફર્નિચર વગેરે કામગીરી ના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઇના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે.મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન્ટીગ્લેર સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમજ યાતાયાત વધુ સુરક્ષિત બનશે.

# સ્વામી વિવેકાનંદજીની 162મી જન્મજયંતી

## મુખ્યમંત્રીએ તૈલચિત્ર સમક્ષ ભાવ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધા સુમન પાઠવ્યા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

યુવાનો માટે આદર્શરૂપ અને પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદજીની ૧૬૨ મી જન્મજયંતી 'રાષ્ટ્રીય યુવા દિવસ' અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે સ્વામી વિવેકાનંદજીના તૈલચિત્ર સમક્ષ ભાવ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. ગુજરાત વિધાન સભા અધ્યક્ષશ્રી શંકર ભાઈ ચૌધરી પણ મુખ્ય મંત્રીશ્રી સાથે સ્વામી વિવેકાનંદજીને ભાવાંજલિ આપવામાં જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ગુજરાત વિધાનસભાના ઇન્ચાર્જ સચિવ શ્રી સી. બી. પંડ્યા ,ગુજરાત વિધાનસભાના અધિકારીશ્રીઓ તથા શાળાના વિદ્યાર્થીઓએ પણ સ્વામી વિવેકાનંદજીના તૈલ ચિત્ર સમક્ષ ભાવ પુષ્પો અર્પણ કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.



# પર્યટન મંત્રાલયે મહાકુંભ 2025ને વૈશ્વિક પર્યટન કેન્દ્ર તરીકે પ્રોત્સાહન આપવા માટે મુખ્ય પહેલોનું અનાવરણ કર્યું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારત સરકારનું પર્યટન મંત્રાલય મહાકુંભ 2025ને માત્ર આધ્યાત્મિક મેળાવડા માટે જ નહીં પરંતુ વૈશ્વિક પર્યટન માટે પણ એક ઐતિહાસિક આયોજન બનાવવા માટે તૈયાર છે. આ મહત્ત્વપૂર્ણ પ્રસંગની ઉજવણી કરવા માટે મંત્રાલય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે કેટલીક પહેલો હાથ ધરી રહ્યું છે. મહાકુંભ વિશ્વનો સૌથી મોટો અને સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક સમુદાય છે, જે દર 12 વર્ષે ભારતમાં ચારમાંથી એક સ્થળે યોજાય છે. મહાકુંભ-2025, જે પૂર્ણ કુંભ પણ કહેવાય છે, તે 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી, 2025 સુધી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાવા જઈ રહ્યો છે. દુનિયાભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ, પ્રવાસીઓ અને યાત્રાળુઓને આકર્ષશે એવી અપેક્ષા ધરાવતી આ મેગા ઈવેન્ટ ભારતની સાંસ્કૃતિક, આધ્યાત્મિક વિરાસત અને પ્રવાસન ક્ષેત્રની સંભવિતતાને પ્રદર્શિત કરવાની વિશિષ્ટ તક પ્રદાન કરે છે. પ્રવાસન મંત્રાલય દ્વારા મહાકુંભમાં 5000 ચોરસ ફૂટની વિશાળ જગ્યામાં ઈન્ક્રેડિબલ ઈન્ડિયા પેવેલિયન બનાવવામાં આવી રહ્યું છે, જે વિદેશી પ્રવાસીઓ, વિદ્વાનો, સંશોધકો, ફોટોગ્રાફર્સ, પત્રકારો, પ્રવાસી સમુદાય, ભારતીય પ્રવાસીઓ વગેરેને સુવિધા પ્રદાન કરશે. ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને કુંભમેળાનાં મહત્ત્વને પ્રદર્શિત કરવામાં આવશે. આ પેવેલિયનમાં દેખો અપના દેશ પીપલ્સ ચોઇસ પોલ પણ હશે, જેમાં મુલાકાતીઓ ભારતમાં તેમના મનપસંદ પર્યટન સ્થળો માટે મતદાન કરી શકશે. મહાકુંભમાં ભાગ લેનારા વિદેશી પ્રવાસીઓ, પ્રભાવશાળી વ્યક્તિઓ, પત્રકારો અને ફોટોગ્રાફરોની વિશિષ્ટ જરૂરિયાતોને પહોંચી વળવા માટે પર્યટન મંત્રાલયે એક સમર્પિત ટોલ-ફ્રી ટૂરિસ્ટ ઈન્ફોલાઈન (1800111363 અથવા 1363)ની સુવિધા ઊભી કરી છે. અંગ્રેજી અને હિન્દી ઉપરાંત ટોલ ફ્રી ઈન્ફોલાઈન હવે દસ (10) આંતરરાષ્ટ્રીય ભાષાઓ અને તમિલ, તેલુગુ, કન્નડ, બંગાળી, આસામી અને મરાઠી સહિતની ભારતીય સ્થાનિક ભાષાઓમાં પણ કામ કરી રહી છે.

## ખ્યાતિકાંડ!:કૌભાંડ માટે દર્દી શોધવા ચિરાગ રાજપૂત કમિશન આપતો હતો



અમદાવાદ | ખ્યાતિ હોસ્પિટલ કાંડના ડો.ચિરાગ રાજપૂતને પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. ક્રાઈમ બ્રાન્ચ તરફથી રિમાન્ડ મેળવવા દાદ માગી હતી. ક્રાઈમ બ્રાન્ચ તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે, ડો.ચિરાગ રાજપૂત આસપાસના ગામના ડોક્ટરો પાસેથી 50 થી વધુ વયના લોકોને ખ્યાતિ હોસ્પિટલમાં મોકલવા કમિશન આપતો હતો. તેમાં કયા ડોક્ટરો સંડાવાયેલા છે તેમાં બીજા એજન્ટ કોણ છે? આંગડિયા પેઢી દ્વારા પૈસા પહોંચાડતા હોવાની વિગતો પણ તપાસમાં બહાર આવી છે. કમિશનના રોકડા નાણાનો હિસાબ હોસ્પિટલમાં છે કે નહીં તે અંગે વિગતો મેળવવાની છે. આસપાસના ગામડામાંથી લાવેલા દર્દીઓને આયુષ્યમાન કાર્ડ કરાવી આપનાર નિમેષ ડોડીયા સાથે ચિરાગ રાજપૂતની શું સામેલગીરી હતી તે અંગે વિગતો મેળવવાની છે. કાર્તિક પટેલની ભૂમિકા મેળવવા ચિરાગ રાજપૂત પાસેથી અનેક વિગતો મળી શકે તેમ છે. પીએમજેવાય યોજના હેઠળ આરોગ્ય વિભાગના અધિકારીની સંડોવણી વિશે ચિરાગ રાજપૂત માહિતી આપી શકે તેમ છે. ખોટા આયુષ્યમાન કાર્ડ કઢાવવા કોણ-કોણ સંડોવાયેલા છે? તેના માટે ચલાવવમાં આવતા ટેલિગ્રામ અને વોટસઅપ ગ્રૂપના એડમિન કોણ હતા? તેની વિગતો પણ મેળવવાની છે. ક્રાઈમ બ્રાન્ચે એવી દલીલ કરી હતી કે ખ્યાતિના તબીબોએ પધ્ધતિસરના ગુના આચર્યા છે તે સિસ્ટમ સુધી પહોંચવા ચિરાગ રાજપૂતના રિમાન્ડની જરૂર છે.

## દર્દી-સગાંને ભારે હાલાકી: અર્બન હેલ્થ સેન્ટરની બહાર રોડ પર ખાનગી વાહનોનો અડિંગો

અમદાવાદ |ખોખરા સર્કલ પાસે આવેલા અર્બન હેલ્થ સેન્ટર પાસે જ છેલ્લા કેટલાય સમયથી રોડ પર આસપાસની સોસાયટીના રહીશો વાહનો પાર્ક કરતા હોવાથી રસ્તો સાંકડો થઈ ગયો છે. જેના લીધે સેન્ટરમાં દવા લેવા આવતા દર્દીઓ સહિત સગર્ભા મહિલાઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. હોસ્પિટલ સ્ટાફ અને જાગૃત નાગરિકો અને દર્દીઓ દ્વારા ટ્રાફિક પોલીસમાં ફરિયાદ કરવા છતાં કોઈ નિરાકરણ આવતુ નથી. જેના લીધે અર્બન હેલ્થ સેન્ટરમાં દવા લેવા આવતા દર્દીઓને પરેસાન થઈ ગયા છે. આ અંગે સ્થાનિકોના જણાવ્યા મુજબ, ખોખરાના અર્બન હેલ્થ સેન્ટર પાસેના જાહેર રસ્તા પર ખાનગી વાહનોના પાર્કિંગના લીધે રસ્તો સાંકડો થઈ ગયો છે. તેમાં પણ ખાસ કરીને અર્બન સેન્ટરના ગેટ પાસે અને તેના કોટની દિવાલ પાસે જ લોકો ગેરકાયદે ફોર-વ્હીલર પાર્ક કરી રહ્યા છે. જેના લીધે સેન્ટરમાં દવા લેવા આવતા વયોવૃદ્ધ કે સગર્ભા મહિલાઓને અવરજવર કરવામાં તકલીફ પડી રહી છે. દર્દીઓની ગાડીઓ રોડ પર ઉભી રાખીને દર્દીને ઉતારવાની નોબત આવી છે. ત્યારબાદ વાહન પાર્ક કરવાની જગ્યા ન હોવાથી લોકોને સેન્ટરથી દૂર વાહન પાર્ક કરવું પડે છે. એટલે સેન્ટર પાસે પ્રથમ નજરે તો જાણે આ રોડ પાર્કિંગ પ્લોટ હોય તેવુ લાગે છે. એટલે હેલ્થ સેન્ટરમાં આવતા દર્દીઓ અને તેમના સગાને હેરાન થવુ પડે છે.

# અમદાવાદમાં નવમી મેરેથોનનું આયોજન:વહેલી સવારે સિંધુભવન રોડ પર 5,000થી વધુ લોકોએ દોડ લગાવી

(એજન્સી) અમદાવાદ | તા.12



અમદાવાદ શહેરમાં આજે (12 જાન્યુઆરી, 2025) વહેલી સવારે બોડકદેવ વિસ્તારમાં એક મેરાથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. બી સફલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ હાફ મેરાથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 5000 જેટલા લોકોએ ભાગ લીધો હતો. ત્રણ અલગ અલગ કેટેગરીમાં દોડવીરોએ ભાગ લીધો હતો. જેમાં હાફ મેરેથોન કે, જેમાં 21.1 કિલોમીટરની દોડ લગાવવાની હોય છે. બીજી કેટેગરીમાં 10 કિલોમીટર અને અન્ય એક કેટેગરીમાં પાંચ કિલોમીટરની દોડ રાખવામાં આવી હતી. જેને ફન રન નામ આપવામાં આવ્યું હતું. પ્રથમ અને દ્વિતીય કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવનાર દોડવીરોને ઈનામ પણ આપવામાં આવશે. બી સફલ ગ્રુપ દ્વારા નવમી વખત આ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનું છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા પણ આજે વહેલી સવારે ચાર વાગ્યાથી જ મેરેથોન દોડનું આયોજન થયું હતું. જેના માટે સવારના ચાર વાગ્યાથી જ શુકન મોલ ચાર રસ્તાથી સાયન્સ સિટી બસ સ્ટેશન સુધી તથા તાજ સ્કાય લાઈનથી ગોટીલા ગાર્ડન સુધીનો એક તરફનો માર્ગ વાહન-વ્યવહારની અવરજવર માટે બંધ રાખવામાં આવ્યો છે. પોલીસ કમિશનર દ્વારા અગાઉથી જાહેરનામુ બહાર પાડી વૈકલ્પિક માર્ગ અંગેની સૂચના આપી હતી. બી સફલ ગ્રુપના રેસ ડાયરેક્ટર લિહાસ ત્રીવેદીએ જણાવ્યું હતું કે, બી સફલ ગ્રુપ દ્વારા નવમી વખત મેરાથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 2015માં બી સફલ ગ્રુપ અને એલ. એસ. ફાઉન્ડેશન દ્વારા એક સ્વપ્ન જોવામાં આવ્યું હતું કે, ફીટ અમદાવાદ અને ફીટ ગુજરાત જેના ભાગરૂપે વર્ષ 2015થી દર વર્ષે આ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. જેમાં દર વર્ષે હાફ મેરેથોનનું આયોજન તો કરવામાં જ આવે છે, પરંતુ વર્ષ 2017, 2018 અને 2019માં ફુલ મેરાથોન દોડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આજે નવમાં એડિશનમાં હાફ મેરેથોનમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક ઉપર આવનાર મહિલા અને પુરુષ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક ઉપર આવનાર વિજેતાને 60,000 દ્વિતીય ક્રમાંક પર આવનાર વિજેતાને 30,000 અને તૃતીય ક્રમાંક પર આવનાર વિજેતાને 15,000નું ઈનામ આપવામાં આવશે. આ ઉપરાંત 10 kmની દોડ માટે પ્રથમ ક્રમાંક ઉપર આવનાર વિજેતાને 30,000, દ્વિતીય પર 15000 અને તૃતીય ક્રમાંક ઉપર આવનાર વિજેતાને 7500નું ઈનામ આપવામાં આવશે. હાફ મેરેથોન કે જેમાં 21 kmની દોડ લગાવવાની હોય છે, તેને ત્રણ કલાકમાં પૂર્ણ કરવાની રહે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભાગ લીધો છે. આ વર્ષે લગભગ 5000 જેટલા ભાગ લઈને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતતા ફેલાવવા માટે પોતાનો હિસ્સો ફાળવ્યો છે. વડોદરાથી મેરાથોનમાં ભાગ લેવા આવનાર ડો. હિતા પરીખે જણાવ્યું હતું કે, ઘણી બધી મેરેથોનમાં ભાગ લઉં છું.

## બાકરોલમાં લીઝની અદાવત મામલે ટોળાનો હુમલો, બે વ્યક્તિ ઈજાગ્રસ્ત

અમદાવાદ | અમદાવાદના છેવાડે આવેલા બાકરોલ ગામમાં લીઝ બાબતે અદાવત રાખીને કાશીન્દ્રાગામના 9 જેટલા શખ્સોએ લાકડીઓ અને પાઈપો સાથે આવીને રબારીવાસમાં હુમલો કરતા બે વ્યક્તિઓને ઈજા થઈ હતી. હુમલાખોરોએ આસપાસ પડેલી કાર અને અન્ય વાહનોને પણ નુકશાન કર્યુ હતુ. આ અંગે અસલાલી પોલીસે નવ વ્યક્તિઓ સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. બાકરોલ ગામમાં રહેતા જયેશભાઈ દેસાઈને ગત 9 મીએ તેમના ભાઈએ ફોન કરતા તે વિસલપુર જોગણી માતાના મંદિરે ગયા હતા. ત્યાં લીઝ બાબતે કાશીન્દ્રાગામના ભરતસિંહ મકવાણા અને તેમની સાથે આવેલા માણસો સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ તેઓ છુટા પડીને ઘરે ગયા હતા.

## ગુજરાતની 50% વસતી 25 વર્ષથી ઓછી વયની, 8 જિલ્લામાં 54% લોકોનો જન્મ વર્ષ 2000 પછી થયો

(એજન્સી) અમદાવાદ | તા.12

દર વર્ષે 12 જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર પોપ્યુલેશન સાયન્સના રિપોર્ટ 'પ્રોજેક્શન ઑફ ડિસ્ટ્રિક્ટ લેવલ એન્યઅલ પોપ્યુલેશન 2012-2031' મુજબ, 2025માં ગુજરાતની વસતિ 7.32 કરોડ છે. તેમાંથી 49%થી વધુ એટલે કે 3.56 કરોડ લોકો 25 વર્ષથી ઓછી વયના યુવા છે. 1960માં સ્થાપનાના 65 વર્ષે રાજ્યની 65% વસતિ એટલે કે 4.77 કરોડ લોકો 35 વર્ષથી નાની ઉંમરના છે. રાજ્યના 8 જિલ્લામાં અડધા કરતાં વધારે લોકો એવા છે કે તેમનો જન્મ વર્ષ 2000 પછી એટલે કે 21 સદીમાં થયો છે. તેમાં દાહોદ, બનાસકાંઠા, ડાંગ, કચ્છ જેવા જિલ્લા સામેલ છે. રાજ્યમાં 25 વર્ષથી નાની વયના 53% યુવકો છે અને 47% યુવતીઓ છે. સૌથી વધુ 39 લાખ જેટલા યુવાનો અમદાવાદમાં છે. જ્યારે ડાંગમાં સૌથી ઓછા 1.56 લાખ 25 વર્ષથી નાના છે. રાજ્યમાં 25 વર્ષથી નાની વયના સૌથી વધુ યુવા અમદાવાદમાં 39.80 લાખ છે. ત્યારબાદ સુરતમાં 35.36 લાખ, વડોદરામાં 22.66 લાખ, રાજકોટમાં 21.06 લાખ યુવાઓ 25થી નાના છે. આ ચાર મહાનગરમાં જ 33% યુવાઓ છે.

# 84% અમદાવાદીના મતે એક વર્ષમાં ઘરખર્ચ વધ્યો, 41%ના મતે આર્થિક સ્થિતિ પણ કથળી

(એજન્સી) અમદાવાદ | તા.12



2023ની સરખામણીએ 2024માં લોકોનો ઘરખર્ચ વધ્યો હોવાનું 84 ટકા અમદાવાદીઓનું માનવું છે. રિઝર્વ બેન્કે આર્થિક પરિસ્થિતિ અંગે કરેલા સરવેમાં 88 ટકા લોકોની આગાહી છે કે, 2025માં પણ ઘરખર્ચ સતત વધશે. રિઝર્વ બેન્કે આ સરવે નવેમ્બરના અંતમાં કરાવ્યો હતો. રોજિંદા વપરાશમાં આવતા બટાકા અને ટામેટા, દાળ, કઠોળ અને લસણના ભાવમાં આકરો વધારો થતાં ઘરખર્ચનું બજેટ વધી ગયું છે. સરવેમાં ભાગ લેનારા 41 ટકા લોકોનું માનવું છે કે ગત વર્ષની સરખામણીએ 2024માં તેમની આર્થિક સ્થિતિ કથળી હતી. 26 ટકા લોકોના મતે આગામી વર્ષે પણ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થવાની કોઈ શક્યતા નથી. જ્યારે 36 ટકા લોકોએ મોંઘવારી વધતા બિનજરૂરી ખર્ચમાં કાપ મૂકયો હોવાનું કબૂલ્યુ હતું. આ ઉપરાંત 34 ટકા લોકોએ 2024માં બિનજરૂરી ખર્ચમાં કામ મૂક્યો હોવાનું કહે છે. મણિનગર, સાબરમતી, શાહીબાગ, નરોડા, બાપુનગર, રાયપુર અને દરિયાપુર વિસ્તારમાંથી 400 લોકોને સરવેમાં પ્રશ્નો પૂછાયા હતા. શહેરમાં થયેલ સરવેમાં 198 મહિલાઓ અને 202 પુરુષોએ ભાગ લીધો હતો. જેમાં 21થી 29 વર્ષની વયજૂથના લોકોના મંતવ્ય લેવાયા હતા. સરવેમાં ભાગ લેનારા લોકોમાં અભણથી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના લોકો હતા. સરવેમાં ભાગ લેનાર લોકોની માસિક આવક 5 હજારથી લઈને 1 લાખથી વધુ હતી.

# ડેસ્ટિનેશન વેડિંગનો ક્રેઝ વધતા લગ્ન નોંધણી ઘટી: રાજકોટમાં 5 વર્ષમાં પ્રથમવાર લગ્ન નોંધણીમાં ઘટાડો

(એજન્સી) અમદાવાદ | તા.12

રાજકોટ મનપા દ્વારા વર્ષ 2008થી લગ્નની નોંધણી શરૂ કરવામાં આવી છે. જેમાં સામાન્ય રીતે દરવર્ષે નોંધણીમાં વધારો થઈ રહ્યો છે. જોકે, ગતવર્ષની તુલનાએ 2024માં ઓછા લગ્નો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. 2023માં 7603 લગ્નની નોંધણી થઈ હતી. જેની સામે 2024માં માત્ર 7373 લગ્નો નોંધાયા હતા. એટલે કે, 2023 કરતા 2024માં નોંધણી વધવાને બદલે 230નો ઘટાડો નોંધાયો હતો. હાલ પાર્ટી પ્લોટ અને ડેસ્ટિનેશન વેડિંગનું ચલણ વધ્યું છે. જેના કારણે રાજકોટની હદ બહાર થતા લગ્નો વધતા 2024માં નોંધણી ઘટી છે. પ્રાપ્ત વિગત મુજબ હવે લગ્ન કર્યા બાદ તેનું રજિસ્ટ્રેશન કાયદાની દૃષ્ટિએ અનિવાર્ય બન્યું છે, ત્યારે રાજકોટ મહાનગરપાલિકામાં પૂરા થયેલા વર્ષ 2024માં 7373 નવયુગલોએ લગ્નની નોંધણી કરાવીને પ્રમાણપત્ર મેળવ્યા છે. છેલ્લા 17 વર્ષમાં રાજકોટમાં કુલ 85,883 યુગલોએ તેમના લગ્નની નોંધણી કરાવી છે. જેમાં વર્ષ 2022માં 7,478, 2023માં 7,603 અને 2024માં 7,373 લગ્નના સર્ટિફિકેટ મનપાએ ઈશ્યૂ કર્યા છે. આરોગ્ય વિભાગમાં ચકાસણી સાથે આ નોંધણી કરવામાં આવે છે. તો અમુક કેસમાં પોલીસ વેરિફિકેશન સુધી તપાસ કરવામાં આવે છે.

### 2024માં સૌથી વધુ ફેબ્રુઆરી, એપ્રિલ, મે અને જૂનમાં નોંધણી

રાજકોટ મનપા દ્વારા એકંદરે ફોર્મ અને નિયમ મુજબના ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવે એટલે લગ્નની નોંધણીનું સર્ટિફિકેટ એક સપ્તાહમાં મળી જાય છે. જેમાં વર્ષ 2024માં સૌથી વધુ લગ્નો ફેબ્રુઆરીમાં 752, એપ્રિલમાં 777, મેમાં 743 અને જૂનમાં 739 લગ્નની નોંધણી થઈ છે. સામાન્ય રીતે દરવર્ષે એપ્રિલથી મે મહિના સુધી સૌથી વધુ લગ્નો નોંધાતા હોય છે. લગ્નની નોંધણી માટે લોકોને વારંવાર ધક્કા ખાવા પડતા હોવાની તેમજ લાંબી લાઈનોમાં ઉભું રહેવું પડતું હોવાની ફરિયાદો પણ લોકોમાં ઉઠતી હોય છે.

# આવતાં વર્ષે ચૂંટણી આવતી હોવાથી મ્યુનિ. બજેટમાં નવા વેરા નહીં લદાય

(એજન્સી) અમદાવાદ | તા.12

ઉત્તરાયણ બાદ મ્યુનિ. તથા સંલગ્ન સંસ્થા દ્વારા બજેટ જાહેર કરાશે. આગામી વર્ષે મ્યુનિ.ની ચૂંટણી આવતી હોઈ પ્રજા પર નવા વેરા લાદવામાં નહીં આવે છે. સામાન્ય રીતે જંત્રીને કારણે ટેક્સ બિલમાં વધારો થતો હોય છે. જોકે આ વર્ષે રાજ્ય સરકારે પણ નવી જંત્રીનો અમલ 1 એપ્રિલ પછી જાહેર કર્યો હોવાથી આ વર્ષે ટેક્સ બિલમાં વધારાની શક્યતા જણાતી નથી. મ્યુનિ. સંચાલિત સ્કૂલબોર્ડ, વીએસ હોસ્પિટલ, એએમટીએસ અને એમજે લાઈબ્રેરીના બજેટ રજૂ થયા બાદ મ્યુનિ. કમિશનર દ્વારા સર્વાંગી બજેટ રજૂ કરાતું હોય છે. સામાન્ય રીતે 14,જાન્યુઆરી પહેલાં કેટલીક સંસ્થા પોતાનાં બજેટ જાહેર કરી દે છે. આ વર્ષે હજુ સુધી સંસ્થાએ બજેટ જાહેર કર્યાં નથી. ભાજપે કમિશનરના બજેટ પર સુધારા બજેટ રજૂ કરવા કોર્પોરેટરો, ધારાસભ્યો પાસે પોતાના વિસ્તારમાં કરવાના થતાં કામોની માગેલી યાદી બાદ સંકલન કરી ભાજપ સુધારા રજૂ કરશે. હવાના પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે મ્યુનિ.એ ગત બજેટમાં જુદા જુદા વિસ્તારમાં 15 કરોડના ખર્ચે 500 મશીન લગાવવાનું આયોજન કર્યું હતું. જો કે, આ જ સુધી એક પણ સ્થળે મશીન લાગ્યા નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર નવું બજેટ રજૂ થવાના દિવસો ગણાઈ રહ્યા છે ત્યારે હવે આ કામગીરી માટે ટેન્ડરિંગની પ્રક્રિયા શરૂ કરાઈ છે. અત્યારે મ્યુનિ. જીપીસીબીએ લગાવેલા પ્રદૂષણ માપક યંત્રો પર જ નિર્ભર છે. શહેરીકરણને લગતાં ક્લાઈમેટ ચેઈન્જને લગતી સમસ્યાના ઉકેલ માટે પર્યાવરણ સેલ ઊભો કરવાનો હતો પણ હજુ એ દિશામાં કોઈ કામ થયું નથી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...